

માલદીવમાં અભિનેત્રી અનન્યા પાંડેની કાતિલ અદાઓ...

Page -11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

info@gujaratvandan.com | www.gujaratvandan.com સાપ્તાહિક

RNI No.GUJGUJ/2016/68288

અંબાણી : આજ ફીર ગુજરાત પે પ્યાર આયા હે... લઈ લો કેટલા લાખ કરોડ જોઈએ..



તંત્રી : નિકુંજ એસ. પટેલ ● મેનેજિંગ તંત્રી : દિનેશ એલ. રાજપુત ● સહ તંત્રી : પ્રવીણ આર. ઘમંડે ● ટે.નં. ૦૭૯-૪૮૯૮૭૧૧૧ વિક્રમ સંવત : 2078 ● પોષ વદ - 03 ● કુલ પાનાં 12 ● કિંમતઃ ₹ 5 ● ગુરુવાર 20, જાન્યુઆરી,2022 ● Vol - 5 , Issue No - 4




» નવી દિલ્હીમાં રાજકીય અને સુરક્ષા એજન્સીઓમાં મચી સનસનાટી
» જુલાઈ 2021માં જમ્મુ એરબેસ પર થયો હતો ડ્રોનથી ઘાતક હુમલો
» RAW- SPG સહિત તમામ સુરક્ષા એજન્સીઓ રેડ એલર્ટ મોડ પર
» પંજાબમાં થયેલી સુરક્ષા ગરબડનું પુનરાવર્તન રોકવા તમામ ઉપાયો
» 26મીએ રાજપથ પરેડ પર નો ફ્લાઈ ઝોન જાહેર, જોકે એરફોર્સના વિમાનો કરતબ બતાવશે
» ડ્રોન હુમલાને ધ્યાનમાં રાખી તેને પહોંચી વળવાના પગલા મુકાઈ રહ્યા છે અમલમાં

કેન્દ્રીય IBને નવ પેજમાં સમાય એટલી ચોંકાવનારી માહિતી મળી

# ૨૬મીએ મોદીને ડ્રોનથી ઉડાવી દેવાના કાવતરાનો પર્દાફાશ.... !

ખાસ અહેવાલ - પ્રવીણ ઘમંડે

ગુજરાત વંદન

નવી દિલ્હી, દેશની રાજધાની નવી દિલ્હીમાં 72માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે તેની સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષાને લઈને અત્યાર સુધીની સૌથી વધુ કડક સલામતીના સર્વગ્રાહી પગલાઓ લેવામાં આવી રહ્યા છે. 26મીએ વડાપ્રધાન મોદીને ડ્રોન દ્વારા હુમલો કરીને મારી નાખવાના કાવતરાનો સુરક્ષા એજન્સીઓ પર્દાફાશ કર્યો છે. આઈબી દ્વારા કેન્દ્ર સરકાર ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને રો સહિતની તમામ સુરક્ષા એજન્સીઓને નવ પાનાંની ગોપનીય માહિતી પૂરી પાડીને 26મીએ રાજપથ વિસ્તારમાં પક્ષી પણ ઉડી નહી શકે તેવી જડબેસલાક વ્યવસ્થા કરવાના કડક આદેશો આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે, તાજેતરમાં જ પંજાબની મુલાકાત વખતે વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક થઈ હોવાની ચોંકાવનારી ઘટના બની હતી અને ગોરિલા રણનીતિના જાણકારોના મતે વડાપ્રધાનને એવી જગ્યાએ ઉભા રહેવા પડ્યું કે જે હુમલાખોરો માટે સરળ થઈ શકે અર્થાત વડાપ્રધાનને મારીને ભાગી જવામાં સરળતા રહે તેવી જગ્યાએ એટલે કે ફ્લાઈ ઓવર બ્રિજ પર તેમનો કાફલો રોકાઈ જાય એવી જગ્યાએ ચૂક થઈ હતી.

દિલ્હીમાં વડાપ્રધાનની તમામ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવ્યા છે. પંજાબમાં બનેલી ઘટના બાદ દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીવે તેમ સુરક્ષા એજન્સીઓ કોઈ પણ બેદરકારી ન રહે તેની વિશેષ કાળજીની સાથે આઈબી દ્વારા નવ પાનાંની માહિતી આપવામાં આવી છે તેમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવી રહ્યું છે કે, પાકિસ્તાન-અફઘાનિસ્તાન અથવા પાકિસ્તાનના કોઈ પ્રદેશમાં સ્થિત આતંકી સંગઠનો વડાપ્રધાન પર 26મીએ હુમલો કરીને ભારતમાં અરાજકતા ફેલાવવાના

(અનુસંધાન 7 મે પાને)

## લત્તાજીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરો - ૧૧ દિવસથી ICU માં...

ગુજરાત વંદન

સ્વર કોકિલા લત્તા મંગેશ્કર કોવિડ -19 પોઝિટિવ હોવાની સાથે નિમોનિયાથી પીડિત છે. હોસ્પિટલમાં લત્તાદીદી ડોક્ટર્સની એક ટીમના ઓબ્જર્વેસનમાં છે. લત્તા મંગેશકરની તબિયત અને ઉંમરને ધ્યાનમાં રાખતા તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયતનું મોનેટરિંગ કરવામાં આવી રહ્યુ છે અને તેમનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.



લતા મંગેશકરની તબિયતમાં બહું પહેલાથી સુધાર છે. પરંતુ હાલ 4-5 દિવસ સુધી તેઓ ઓબ્ર્જવેશનમાં રહેશે. 92 વર્ષના લતા મંગેશકરને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવા માટે કોઈ તારીખ

(અનુસંધાન 7 મે પાને)

## કોરોના : તેરે સંગ જીના, તેરે સંગ રહેના...

ગુજરાત વંદન

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે કોરોના વાઇરસનો અંત લાવવો શક્ય જ નથી. સાથે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે મહામારી ફેલાવતા વાઇરસનો અંત ઇકોસીસ્ટમનો હિસ્સો બનીને આવતો હોય છે.

વર્લ્ડ ઇકોનોમિક ફોરમના દાવોસ એજન્ડા 2022 સમિટમાં બોલતી વેળાએ વિશ્વ આરોગ્ય સંસ્થાના હેલ્થ

(અનુસંધાન 7 મે પાને)

## બાંગ્લાદેશી અભિનેત્રી રાયમાની કોથળામાં ટુકડા કરેલી લાશ મળી

શૂટિંગ માટે બહાર ગઈ હતી



ગુજરાત વંદન

રવિવારે ગુમ થયેલી બાંગ્લાદેશી અભિનેત્રી રાઈમા ઈસ્લામ શિમુનો મૃતદેહ બોરીમાં બંધ મળી આવ્યો હતો. શિમુના બે ટુકડા કર્યા બાદ તેના મૃતદેહને બોરીમાં ભરીને ફેંકી દેવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, સોમવારે સવારે ઢાકાના કેરાનીગંજના આલિયાપુર વિસ્તારમાં હજરતપુર બ્રિજ પાસે રોડ કિનારે લાશ મળી આવી હતી. 35 વર્ષીય અભિનેત્રીના ગળા પર પણ નિશાન હતા.

(અનુસંધાન 7 મે પાને)

## પંજાબી મુંડા ભગવંત માન મુખ્યમંત્રી પદનો ચહેરો બન્યો

આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે કરી જાહેરાત

ગુજરાત વંદન

ઉત્તરપ્રદેશ, પંજાબ સહિતના પાંચ રાજ્યોમાં ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે જેના પગલે વિધાનસભા ચૂંટણીના પડઘમ જોરશોરથી વાગી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટીએ પંજાબમાં મુખ્યમંત્રીના ભગવંત માન મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા છે જેની ઘોષણા ખુદ આપના સુપ્રીમો અને દિલ્હીના મુખ્યમંત્રીએ અરવિંદ કેજરીવાલે કરી છે.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે. પંજાબના સીએમની પસંદગી માટે 21 લાખ 59 હજાર

(અનુસંધાન 7 મે પાને)



### ભગવંત માન મારા નાનાં ભાઈ છેઃ સીએમ કેજરીવાલ

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, ક્રિષ્ના ભરડવાએ અગાઉ પણ નોકરીના નામે અનેકને ફસાવીને પૈસા પડાવ્યા હતા, આ મામલે તેની તપાસ ચાલી રહીછે. ક્રિષ્નાની સાથે પડદા પાછળ મોટા માથાની સંડોવણીની પણ શંકા સેવાઇ રહીછે. ક્રિષ્ના અને તેના પ્રેમી જેનીશે માત્ર રાજકોટ કે સૌરાષ્ટ્રના જ નહી પરંતુ રાજ્યભરમાંથી નોકરી વાંચ્છુકો પાસેથી નાણા ખંખેર્યાની શંકા સેવાઇ રહી છે. ક્રિષ્ના અને તેના પ્રેમીએ યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવ્યાની શંકા છે. આરોપીઓ પાસેથી તે રકમ કબજે કરવા પોલીસે કવાયત શરૂ કરી હતી.

## ‘રશિયાની મિસાઈલ યુક્રેન તરફ, ગમે ત્યારે હુમલો કરી દેશે...’



ગુજરાત વંદન

કોરોના મહામારીના ખતરા વચ્ચે અમેરિકાએ દુનિયામાં ચિંતા વધારતી જાણકારી આપી છે, વ્હાઇટ હાઉસનું કહેવું છે કે રશિયા ગમે ત્યારે યુક્રેન પર હુમલો કરી દેશે. વ્હાઇટ હાઉસ દ્વારા આધિકારિક નિવેદન આપવામાં આવ્યું કે યુક્રેન અને રશિયા વચ્ચે વિવાદ ખૂબ જ તણાવપૂર્ણ સ્થિતિમાં છે અને રશિયા ગમે ત્યારે તેના પર હુમલો કરી દેશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડનના ટોપ ડિપ્લોમેટ દ્વારા આપવામાં આવેલ નિવેદન અનુસાર મોસ્કો યુક્રેન પર હુમલો કરવા માટે તૈયારી કરી રહ્યું છે અને અમેરિકા સહિતના દેશો આ મુદ્દે ચિંતિત છે.

(અનુસંધાન 7 મે પાને)

શેરબજારમાં કડાકો

## છેલ્લા બે દિવસમાં સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો


ગુજરાત વંદન

શેરબજાર ગઇકાલે બુધવારે ભારે કડાકા સાથે બંધ થયું હતું. સતત બે દિવસના ઘટાડા પર નજર નાખો તો સેન્સેક્સ 1000 પોઈન્ટથી વધુ તૂટ્યો છે. હાલમાં સેન્સેક્સ 60,000ની સપાટીથી નીચે ગયો છે અને રોકાણકારોએ 2.5 લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે.

ગઇકાલે બપોર ના એક વાગ્યાના ટ્રેડિંગ પર નજર નાખીએ તો સેન્સેક્સમાં 770.11 પોઈન્ટ અથવા 1.27 ટકાનો ઘટાડો નોંધાયો છે અને તે 60,000ની નીચે સરકી ગયો છે. બપોરે 1:3 વાગ્યે સેન્સેક્સ 59,984.75 પર ટ્રેડ થઈ રહ્યો છે.

**BSE સેન્સેક્સના શેર**

સેન્સેક્સના 303 શેર અપ સર્કિટમાં અને 367 શેર લોઅર સર્કિટમાં મૂકાયા છે.



### નિફ્ટી ૧૮,૦૦૦ની નીચે સરકી ગયો

નિફ્ટી 18,000 ની નીચે સરકી ગયો છે અને 218 પોઈન્ટ્સ અથવા 1.02 ટકાના ઘટાડા પછી 17895 ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. આજના વેપારમાં 17,884ની નીચલી સપાટી સુધી ગયો હતો. બજાર ખુલ્યાના સમયથી તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે જે હવે વધી ગયો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી માત્ર 2 શેર તેજીના લીલા નિશાનમાં છે અને બાકીના 28 શેરો ઘટાડા સાથે લાલ છે.

**મોટા હેવીવેઇટ્સ શેરમાં ઘટાડો**

આજના ઘટાડામાં ટેક જાયન્ટ ઈન્ફોસિસ અને વિપ્રોએ 2-2 ટકાના ઘટાડા સાથે બજારને નીચે ખેંચ્યું છે. બજાજ ફાઇનાન્સના શેરમાં 3 ટકાનો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ટેક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક, સન ફાર્મા, એશિયન પેઈન્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટીસીએસ, નેસ્લે અને કોટક મહિન્દ્રા બેંક પણ ભારે નુકસાન સાથે કારોબાર કરી રહી છે.

નિફ્ટી મિડકેપ, બેન્કિંગ, ફાઇનાન્સિયલ અને નેક્સ્ટ 50 સૂચકાંકો ડાઉન છે. તેના 50 શેરોમાંથી 19 શેરો લાભમાં અને 31 ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. ઈન્ફોસિસ, વિપ્રો, એચડીએફસી લાઈફ, ટેક મહિન્દ્રાનો મુખ્ય ઘટતા શેરો છે. ઓએનજીસી, બજાજ ફાઇનાન્સ, કોલ ઇન્ડિયા, ટાટા સ્ટીલ અને બજાજ ફિનસર્વ વધતા શેરો છે.

૨૦૧૪થી કેન્દ્રમાં સત્તામાં રહેલી મોદી સરકાર દ્વારા રજૂ થનારું આ ૧૦મું બજેટ છે

## બજેટ ૧લી ફેબ્રુઆરીએ રજૂ થશે મોદી બજેટ

ગુજરાત વંદન

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ રજૂ કરવાની તૈયારીઓ કરી લીધી છે. એક પત્રમાં સંસદીય બાબતોના મંત્રાલયના એડિશનલ સેક્રેટરી જનરલે જણાવ્યું હતું કે, પાર્લામેન્ટનું બજેટ સેશન 31 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદના બંને ગૃહોને સંબોધન સાથે શરૂ થશે.

બજેટ સેશનનો પહેલા ભાગ 31 જાન્યુઆરીથી 11 ફેબ્રુઆરી સુધી ચાલશે. તે 14 માર્ચે ફરી શરૂ થશે અને 8 એપ્રિલ સુધી ચાલશે. જોકે, આ બીજો તબક્કો સરકારની જરૂરિયાત મુજબનો રહેશે.



વર્ષ 2014માં નરેન્દ્ર મોદીની આગેવાનીમાં બનેલી ભાજપ સરકાર દ્વારા રજૂ થનારું આ 10મું બજેટ છે. આ બજેટ એ દ્રષ્ટિએ મહત્વનું છે કે, તે એવા સમયે રજૂ થવા જઈ રહ્યું છે કે જ્યારે દેશ કોરોનાની ત્રીજી લહેરનો સામનો કરી રહ્યો છે.


સરકાર બજેટ રજૂ થવાનાના એક દિવસ પહેલા 31મી જાન્યુઆરીએ કેન્દ્ર સરકાર આર્થિક સર્વે પણ સંસદમાં રજૂ કરે તેવી શક્યતા છે.

ભારતની જીડીપીમાં 2020-21માં સતત લોકડાઉનના કારણે ઘટાડો નોધાયો હતો. લોકડાઉનના કારણે આર્થિક ગતિવિધિઓને ફટકો પડ્યો હતો, જેના પરિણામે નાણાકીય વર્ષ 2021 માટે જીડીપી ઘટીને 7.3 ટકા થઈ ગઈ હતી. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બહાર પડાયેલા ડેટામાં કોરોના પ્રતિબંધોમાં રાહતોને પગલે નાણાકીય વર્ષ 2022માં જીડીપી ગ્રોથ વી-આકારમાં રિકવરી સાથે 9.2 ટકા રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. પરંતુ, ઓમિક્રોન વેરિયન્ટના કેસોમાં થઈ રહેલા વધારાને કારણે કેટલીક અડચણો આવી શકે છે. જોકે, આ અસર આવનારાના દિવસોમાં જોવા મળશે. એટલે, જીડીપીનો અંદાજ ભવિષ્ય માટે મહત્વનો રહેશે.

ગત વર્ષે પહેલી વખત બજેટ પેપરલેસ ફોર્મેટમાં રજૂ કરાયું હતું. સીતારમન પરંપરાગત ‘વહીખાતા’ને બદલે ટેબ્લેટ લઈને બજેટ રજૂ કરવા માટે પહોંચ્યા હતા. તેમણે સંસદ સભ્યો અને લોકો માટે યુનિયન બજેટ મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આ વખતે બજેટ કયા ફોર્મેટમાં રજૂ કરાશે તેની હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી.


**બજેટ સેશનનો પહેલા ભાગ ૩૧ જાન્યુઆરીથી ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલશે**

### વાંકી નજરે...





ગુજરાત વંદન



એજન્સી આવકાર્ય

ગુજરાત વંદન અખબાર માટે ગુજરાતમાં દરેક ગામ અને શહેરમાં એજન્સી લેવા માટે નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

બિઝનેસ ઓફિસઃ
820, 8મો માળ લોબી-2, સાકાર-9
જૂની આરબીઆઈની બાજુમાં, આશ્રમ રોડ,
અમદાવાદ-380009.
મો.નં. 98795 94604

# અમદાવાદમાં આવાસનાં મકાનોને ભાડે આપનાર માલિકો સામે કાર્યવાહી

## વિપક્ષે કહ્યું - ભાડે આપનાર મકાન માલિકો ભાજપના એજન્ટો



ગુજરાત વંદન

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવાસ બનાવવામાં આવ્યાં છે. શહેરના ચાંદખેડા, મોટેરા, ગોતા, બોડકદેવ, નિકોલ, વસ્ત્રાલ, વટવા, ઓઢવ, સહિતના વિસ્તારોમાં બનેલાં સરકારી આવાસ યોજનાનાં મકાનોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કેટલાક અસામાજિક તત્ત્વોની મિલીભગતથી ભાડે આપી દેવામાં આવે છે. ક્યારેક અધિકારીઓ આવાસ યોજનાના મકાનમાં કોણ રહે છે એનું ચેકિંગ કરતા નથી. જેથી હવેથી હાઉસિંગ અને EWS કમિટી દ્વારા સરકારી આવાસ યોજનાનાં મકાનોમાં ભાડે રહેતા લોકોને નોટિસ આપવામાં આવશે અને ખાલી કરવા જણાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

કોર્પોરેશને વિવિધ આવાસ યોજનાના 471 મકાન માલિકોને મકાન ભાડે આપવા બદલ પ્રથમ કારણદર્શક નોટિસ ફટકારી હતી. નોટિસ આપ્યા બાદ મકાન શા માટે ભાડે આપ્યું તેનો એક મહિનામાં ખુલાસો કરવા આદેશ કર્યો હતો. એએમસીએ નોટિસ આપ્યાનો એક મહિના જેટલો સમય થઈ ચૂક્યો છે. પરંતુ 471 માંથી માત્ર 50 જેટલા મકાન માલિકોએ જ એએમસીની નોટીસનો જવાબ આપ્યો છે. ત્યારે નોટીસનો જવાબ ના આપનાર 400થી વધુ મકાન માલિકો સામે ફોજદારી કાર્યવાહી કરવા એએમસીએ કવાયત શરૂ કરી છે.


વિપક્ષે આક્ષેપ કર્યો છે કે એએમસી દ્વારા બનાવવામાં આવતા આવસના મકાનોમાં એજન્ટ પ્રથા ચાલી રહી છે. મળતીયા એજન્ટો દ્વારા લાગતા વળગતા લોકોના ફોર્મ ભરાવી મકાનો ફાળવવામાં આવે છે. અને મકાનો ભાડે આપવામાં આવે છે..ભાડે આપનાર મકાન માલિકો ભાજપના એજન્ટો છે. માટે એએમસીએ માત્ર નોટિસ આપી સંતોષ માની લીધો છે.

**૪૭૧માંથી માત્ર ૫૦ જેટલા મકાન માલિકોએ જ એએમસીની નોટીસનો જવાબ આપ્યો**

એએમસી દ્વારા વિવિધ આવાસ યોજનાની સ્કીમોના ચેરમેન પાસેથી ભાડે આપનાર મકાન માલિકોની માહિતી માંગવામાં આવી હતી.

એએમસીના હાઉસિંગ વિભાગ દ્વારા ભાડે આપનાર મકાન માલિકોને શોધવા માટે ઝુંબેશ પણ શરૂ કરાઇ હતી. જેમાં એએમસીને 471 મકાન માલિકોએ મકાન ભાડે આપવાની વિગતો સામે આવી હતી .ત્યારે હવે નોટીસનો જવાબ ના આપનાર મકાન માલિકો સામે પોલીસ ફરિયાદ કરી મકાન ખાલી કરાવવામાં આવશે. ખાલી નહીં કરનાર મકાન માલિકના મકાન જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# સ્પાઈસ જેટે હાથ ખંખેરતા સી-પ્લેન સેવા હવામાં...!



ગુજરાત વંદન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજના અને દેશમાં પ્રથમવાર શરૂ થયેલી સી-પેલન શરૂ થયાના થોડા સમય બાદથી ઘોંચમાં પડી છે. લાંબા સમયના પ્રયાસો બાદ શરૂ કરાયેલી સી-પ્લેન સેવા શરૂ થયાના ગણતરીના દિવસોમાં જ બંધ થઈ ગઈ હતી. લગભગ છેલ્લા 8 મહિના જેટલા સમયથી સી-પ્લેન સેવા બંધ પડી છે.

એરલાઈન્સ કંપની સ્પાઈસ જેટે સંચાલનમાં ખર્ચ વધુ પડતો હોવાનું કહી સર્વિસ બંધ કરી છે. આ વચ્ચે હવે તેઓએ આ સેવા પૂરી નહીં પાડે તેમ જણાવતાં છેવટે આખો પ્રોજેક્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને સોંપી દીધો છે. જેના પગલે હવે રાજ્ય સરકારે સી-પ્લેન સેવા પુન:શરૂ થાય તેવા પ્રયાસ શરૂ કર્યા છે.

રાજ્ય સરકાર દ્વારા નવેસરથી સી-પ્લેનના સંચાલન માટે નેશનલ અને ઈન્ટરનેશન કંપનીઓ પાસેથી ટેન્ડર મગાવવામાં આવ્યા છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી મહિનાઓમાં ફરી એકવાર રિવરફ્રન્ટથી કેવડિયાની સી-પ્લેન સેવા શરૂ થવાની શક્યતા છે.

**૮ મહિના જેટલા સમયથી સર્વિસ બંધ**

રાજ્ય એવિએશન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે આ ટેન્ડરમાં મુંબઈ અને ગુજરાતની કેટલીક કંપનીઓએ રસ દાખવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, પ્રધાનમંત્રી દ્વારા સી-પ્લેનમાં મુસાફરી કરી આ સર્વિસનો શુભારંભ કરાયો હતો. ત્યારબાદ પીએમે દેશના અનેક શહેરો વચ્ચે સી-પ્લેન સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી. રાજ્યમાં પણ 3-4 સ્થળે સી-પ્લેન સેવા શરૂ કરવા માટે જાહેરાત કરી દેવાઈ છે. જોકે સાબરમતીથી કેવડિયા શરૂ કરાયેલી પ્રથમ સી-પ્લેન સેવા હજી ઘોંચમાં પડી છે. લગભગ છેલ્લા 8 મહિના જેટલા સમયથી સી-પ્લેન સેવા બંધ છે.

# ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યા નિવારવા સરકાર કાયદો ઘડશે



ગુજરાત વંદન

ગુજરાતમાં રખડતા ઢોરોની સમસ્યા વધુને વધુ ઘેરી બની છે. અમદાવાદ જેવા મોટા શહેરોમાં રખડતા ઢોરોને લીધે અકસ્માતનુ પ્રમાણ દિનેદિને વધી રહ્યુ છે.આ ઉપરાંત ટ્રાફિકની સમસ્યા પણ વકરી રહી છે પરિણામે સરકાર ચિંતિત બની છે. હવે ઢોરોની સમસ્યાનો ઉકેલ લાવવા ગુજરાત સરકાર અલાયદો કાયદો ઘડવાના મતમાં છે. સરકારે આ દિશામાં ચર્ચા શરૂ કરી છે. નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા ઢોરોની સમસ્યા વકરી છે. મુખ્ય માર્ગો પર રખડતા ઢોરો હટાવવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરાયા બાદ પણ આ સમસ્યા યથાવત રહી છે. ગુજરાતમાં પશુપાલન પર નભનારાં કુંટુબોની સંખ્યા ઘણી મોટી છે. હજારો પશુઓ સાથે આજે હજારો માલધારી કુંટુબો અમદાવાદ જેવા મોટા શહેરોની વચ્ચોવચ રહે છે.

**ઢોરોથી અકસ્માત, ટ્રાફિકની સમસ્યા વકરતા સરકાર ગંભીર**

આ કારણોસર ગાય-ભેંસ જેવા પાલતુ પશુઓ માર્ગની વચ્ચોવચ બેસી રહે છે અને અવરજવર કરે છે પરિણામે અકસ્માત થાય છે. ઘણાં કિસ્સામાં આ ઢોરો રાહદારીઓને પણ અડફેટે લે છે જેથી કેટલાય નિર્દોષ લોકો જાન પણ ગુમાવે છે. આવી ઘટનાઓમાં ય વધારો થઇ રહ્યો છે.આ જોતાં આ સમસ્યાને લઇને ખુદ ભાજપના નેતાઓએ પ્રદેશ નેતાગીરી સુધી ફરિયાદો-રજૂઆતો કરી છે. માલધારીઓએ સાબિત કરવુ પડશે કે તેમની પાસે દૂધાળા ઢોર સાચવવાની પુરતા પ્રમાણમાં જગ્યા છે કે નહી.


શહેરમાં રહેતા માલધારી કુંટુબોને પણ પશુ સાચવણીનો પ્રશ્ન સતાવી રહ્યો છે. આગામી દિવસોમાં સરકાર ગુજરાતના વિવિધ માલધારી સંગઠનો સાથે વાતચીતનો દોર શરૂ કરશે અને તેમનો અભિપ્રાય લેવામાં આવશે. એવી પણ ચર્ચા છેકે, આગામી વિધાનસભા સત્રમાં રખડતા ઢોરોનો કાયદો આવી શકે છે.

# કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યની દિકરીની ગેર-કાયદેસર બાંધકામ પર એએમસીનું સીલ

## બોપલમાં બાલેશ્વર બંગલોઝમાં બે બંગલામાં બીજો માળ ગેરકાયદે ઉભો કર્યો, કોર્પોરેશનની કાર્યવાહી

ગુજરાત વંદન

બોપલના બાલેશ્વર સોસાયટીમાં અન્ય ૧૩ કોમર્શિયલ અનઅધિકૃત બાંધકામને પણ નોટિસ આપી સીલ કરવામાં આવ્યા છે. ગેરકાયદે બાંધકામ મામલે સોસાયટીના રહીશોએ ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીને પત્ર લખી જાણ કરી હતી. એસ્ટેટ વિભાગ દ્વારા કુલ ૧૬ કોમર્શિયલ અને ૮ રહેણાંક મળી ૨૪ મિલકતો સીલ કરવામાં આવી છે. સોસાયટીના ચેરમેન પ્રવિણચંદ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ડોક્ટર જીતુ પટેલ અને તેમની પુત્રી દ્વારા અમારી સોસાયટીમાં બે બંગલા ખરીદી અને ગેરકાયદે બીજો માળ ઊભો કરી બંગલામાં હોસ્પિટલ ઉભી કરવા માટે બાંધકામ કરવામાં આવ્યું હતું. ઉપરાંત કેટલાક લોકોએ પણ ગેરકાયદે બાંધકામ કર્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પત્ર લખી જાણ કરી હતી.



ઉત્તરાયણના આગળના દિવસે કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે સોસાયટીમાં ડો. જીતુ પટેલ દ્વારા બાંધવામાં આવેલા ગેરકાયદે બીજા માળ અને અન્ય ગેરકાયદેસર મિલકતોને નોટિસ આપી અને સીલ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે ફતેહવાડી કેનાલ વિસ્તારમાં પણ આઠ જેટલા રહેણાંક મકાન જે બી યુ પરમિશન વગરના હતા તેને સીલ કર્યા છે. બોપલ અન્વેષણ સોસાયટીમાં અને ચાંદખેડા પાર્શ્વનાથનગરમાં આવેલા એક એક કોમર્શિયલ મિલકતને સીલ માર્યું છે. વટવા વિસ્તારમાં યજ્ઞેશ સોસાયટીમાં ૫ કોમર્શિયલ પ્રકારનું, ઓઢવ વિસ્તારમાં વિશાલા-૧૧૧ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ૫ શેડ અને ખોખરા આશીર્વાદ પકોડી હાઉસ એમ ૧૨ જેટલા ગેરકાયદે બાંધકામ દૂર કર્યા હતા. એસ્ટેટ વિભાગે સુધીમાં વેલીડ બી યુ પરમિશન ન ધરાવતાં ૬૫૩ કોમર્શિયલ અને ૩૭૯ રહેણાંક મળી કુલ ૧૦૩૨ મિલકતોને સીલ કરી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગેરકાયદેસર બાંધકામ અને બીયુ પરમિશન વગર ચાલતી બિલ્ડિંગો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે ઉત્તરાયણના આગલા દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામ તોડવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ડો. જીતુ પટેલ અને તેમની પુત્રી દ્વારા બોપલ વિસ્તારમાં આવેલા બાલેશ્વર બંગલોઝ (પંચદીપ કો.ઓ સોસાયટી) માં તેમના બંગલામાં જ બીજો માળ ગેરકાયદે ઉભો કરતા નોટિસ મારી સીલ કર્યો છે.

# શહેરમાં ખીચોખીચ પ્રવાસીઓ સાથે દોડી રહી છે શટલ રીક્ષાઓ!

## ટ્રાફિક પોલીસની ઢીલી નીતિ સામે સવાલ, કોરોના બેફામ

**કોરોનાનું સંક્રમણ અટકવાની જગ્યાએ વધવાની ભીતિ સેવાઈ રહી છે, ત્રણ-ચાર નહીં પણ ૬ મુસાફરો બેસાડવામાં આવે છે**



ગુજરાત વંદન

રાજ્યભરમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં તો જાણે કોરોના વિસ્ફોટ થતો હોય તેમ દૈનિક કેસોનો આંકડો 3 હજારને પાર પહોંચી ગયો છે.

શહેરમાં કોરોનાના સંક્રમણને રોકવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ્યાં એકબાજુ 50 ટકા કેપેસિટી સાથે બીઆરટીએસ-એએમટીએસ દોડાવવામાં આવી રહી છે. ત્યાં બીજીબાજુ શહેરમાં ચાલતી શટલ રીક્ષાઓમાં આડેધડ મુસાફરોને બેસાડવામાં આવી રહ્યા છે. શટલ રીક્ષાઓમાં ક્ષમતા કરતા પણ વધુ લોકોને બેસાડવામાં આવતા શહેર ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. મળતી માહિતી મુજબ, વહિવટી તંત્ર દ્વારા કોવિડની ત્રીજી લહેરમાં સંક્રમણ રોકવા માટે એએમટીએસ-બીઆરટીએસમાં 50 ટકા મુસાફરોને મંજૂરીનો નિયમ અમલમાં મુકાયો છે. જોકે તેની સામે ટ્રાફિક પોલીસની ઢીલી નીતિ જોવા મળી રહી છે. શહેરમાં મુસાફરોથી ભરચક થઈને દોડતી શટલ રીક્ષાઓ સામે ટ્રાફિક પોલીસ દ્વારા હાલ કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. શટલ રીક્ષાઓમાં ત્રણ-ચાર નહીં પણ 6 મુસાફરો બેસાડવામાં આવી રહ્યા છે, જેને લઈ શહેરમાં કોરોનાનું સંક્રમણ અટકવાની જગ્યાએ વધવાની ભીતિ સેવાઈ રહી છે.

## અમદાવાદના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં સચવાયેલો એ અમૂલ્ય દસ્તાવેજ

# અમદાવાદના ખુમારીવાળા નગરશેઠ ખુશાલચંદ પોતાનું સૈન્ય રાખતા હતા



ખુશાલચંદ લક્ષ્મીચંદ નગરશેઠ

ગુજરાત વંદન

ઇતિહાસ એક એવું દર્પણ છે જેમાં સત્યનો ચહેરો નિહાળવા મળે છે. 'ગુજરાતના હીરા' તરીકે સુપ્રસિદ્ધ નગરશેઠ ખુશાલચંદ (અ. સને. ૧૮૦૫) કુશળ વેપારી હતા અને બાહોશ મુત્સદ્દી હતા. એમણે અમદાવાદને લૂંટાતું બચાવ્યું હતું. ઇ.સ. સંવત ૧૭૨૫માં મરાઠા સરદારો અમદાવાદમાં લૂંટફાટ કરવા આવ્યા ત્યારે નગરશેઠ ખુશાલચંદ સમજી ગયા કે આ પળે જો હિંમતથી કામ લેવામાં ન આવે તો ભારે અનર્થ થઈ જાય. એમણે સમયસૂચકતા વાપરીને રાતનું અંધારુ માથે ઓઢીને ડર્યા વિના મરાઠા સરદારોને મળીને પોતાની અંગત મૂડીમાંથી તે સમયે અઢી લાખ રૂપિયા ચૂકવીને અમદાવાદને બચાવી લીધું !

**તે સમયે એ કેટલી મોટી રકમ હતી !**

અમદાવાદે જ્યારે આ જાણ્યું ત્યારે ચારે તરફ પ્રશંસાનો જે ધોધ વહ્યો તે કલ્પનાતીત હતો. તે સમયના નાના-મોટા તમામ વેપારીઓ (તેમાં હિન્દુ- મુસલમાન સૌ આવી જાય છે.) તરફથી નગરશેઠ ખુશાલચંદને ૮-૧૦-૧૭૨૫ના રોજ ઐતિહાસિક દસ્તાવેજ અર્પણ કરવામાં આવ્યો. આ દસ્તાવેજમાં તે સમયના અંગ્રેજ, ડચ, ફ્રેન્ચ વેપારીઓની સહીઓ પણ છે. આ દસ્તાવેજનું ઐતિહાસિક મૂલ્ય ઘણું છે. આ દસ્તાવેજમાં લખવામાં આવ્યું છે કે, 'અમદાવાદના નગરશેઠ અને મહાજનોના વડીલ નગરશેઠ ખુશાલચંદે પોતાની તિજોરીમાંથી નાણાં આપીને લૂંટારાઓની લૂંટમાંથી લૂંટાતું આ નગરને બચાવ્યું છે. તેની કદરરૂપે અમે સમસ્ત મહાજનો લખાણ કરી આપીએ છીએ કે શહેરમાંથી આવતા અને જતા માલસમાનની જે (ઓક્ટ્રોય) ની આવક થાય તેમાંથી ૧૦૦ રૂપિયાના હિસાબે ૦.૨૫નો હિસ્સો નગરશેઠ ખુશાલચંદને અને તેમના વંશજોને સદાય મળ્યા કરે.'

આ દસ્તાવેજમાં મહાજનોના પ્રતિનિધિઓરૂપે ૫૩ વ્યક્તિઓની સહીઓ છે. અહીં નોંધવું જોઈએ કે નગરશેઠ ખુશાલચંદના પરિવારની પેઢીઓમાં નગરશેઠ પ્રેમાભાઈ અને પછી નગરશેઠ વિમળભાઈ એટલે કે હમણાં સુધી આ રકમ મળતી હતી.

આ દસ્તાવેજ આજે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી- અમદાવાદમાં સચવાયેલો છે.

માનવીને પુણ્યથી સંપત્તિ મળી ગયા પછી તેનો જ્યારે સદુપયોગ કરે છે ત્યારે તેને જે યશ પ્રાપ્ત થાય છે તેને જે યશ પ્રાપ્ત થાય છે તેનો આ અદ્ભુત કિસ્સો છે.

## નગરશેઠ ખુશાલચંદ કેવા મુત્સદ્દી હતા અને કેવી તેમની ખુમારી હતી તે આ ઘટના પરથી સમજાય છે.

નગરશેઠ ખુશાલચંદ ધર્માનુરાગી શ્રીમંત હતા. પોતાના પૂર્વજો શેઠ શાંતિદાસ, શેઠ લક્ષ્મીચંદ વગેરેની જેમ સમર્પિત જૈન શ્રેષ્ઠી હતા. અમદાવાદની વાઘણ પોળમાં તેમણે બંધાવેલું આદિશ્વર દાદાનું મોટું જિનાલય આજે પણ ઉભું છે. શેઠ શાંતિદાસની પુણ્યસ્મૃતિમાં તેનું નિર્માણ થયેલું છે.

શેઠ ખુશાલચંદ મુસલમાન નવાબોની ચાલ જાણતા હતા. પૈસા, સત્તા અને સ્ત્રીઓના શોખીન આ સુબેદારોનો કોઈ ભરોસો ન કરાય તે સમયે અમદાવાદનું બીબીપુર એટલે આજનું સરસપુર ધમધમતુ હતું. ત્યાં ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર હતું. આ દેરસર પણ સુબેદારોએ લૂંટયું હતું અને ત્યાં ગૌવધ પણ કરાયો હતો. આ જિનાલયની પ્રતિમાઓ સુરક્ષિત રાખવા માટે નગરશેઠ ખુશાલચંદે તેને ઉઠાવીને ઝવેરીવાડના દેરાસરમાં લઈ આવ્યા અને ત્યાં સ્થાપના કરી તે જિનાલયની ઘણી પ્રતિમા આજે પણ વાઘણપોળના આદેશ્વર દેરાસરમાં, શેઠ શ્રીપાળ ઝવેરીના જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયમાં, શેઠ વખતચંદના છઠ્ઠા પુત્ર સૂરજમલે બંધાવેલી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયમાં, શેઠ વખતચંદ અને તેમના કુટુંબીજનોએ બંધાવેલા શ્રી અજિતનાથ દેરાસરમાં આજે પણ વિદ્યમાન છે.

નગરશેઠ ખુશાલચંદનો કારોબાર વિશાળ હતો. ચારે તરફ ફેલાયેલા વેપારમાંથી અઢળક કમાતા અને અઢળક સત્કાર્યો કરતા તેમની નામના દેશદેશાવરમાં પ્રસરી હતી. વિદેશમાં પણ તેમના નામના ડંકા વાગતા હતા.

જૈન સંઘને જે શ્રેષ્ઠીઓ મળ્યા તે નામાવલીમાં શેઠ ખુશાલચંદ ભારે યશ સાથે અમરત્વ પામ્યા છે.

## નગરશેઠ ખુશાલચંદ સ્વમાનથી જીવ્યા

ગુજરાતના સુબેદાર સર બુલંદખાને નગરશેઠ ખુશાલચંદને વિરોધીઓની ભંભેરણીઓથી કેદખાનામાં પૂર્યા. નગરશેઠે સુબેદારને રૂા. ૬૦,૦૦૦ ચૂકવીને મુક્ત થયા પછી અમદાવાદમાં રજવાડી શેઠથી નગરશેઠાઈ જાળવી રાખી તે સમયે ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણકનો દિવસ હતો. જૈન સંઘના રિવાજ મુજબ તે દિવસે વરઘોડો નીકળે. તે સમયે રાજની પરવાનગી લેવાનો કોઈ નિયમ નહોતો. વરઘોડો નીકળ્યો એટલે સુબેદાર બુલંદખાને કહ્યું કે, તમારે પરવાનગી લેવી પડે. વાત વટ પર ચઢી ગઈ. નગરશેઠ કહે કે આ માટે પરવાનગી લેવાની ન હોય. પરિસ્થિતિ એવી ઉભી થઈ કે સુબેદાર અને નગરશેઠના લશ્કર વચ્ચે યુદ્ધ થઈ જાય. મહાજન વચ્ચે પડયું નગરશેઠને વિનંતી કરી કે તમે અમદાવાદ છોડી દો. નગરશેઠ ખુશાલચંદ દિલ્હી જતા રહ્યા. નગરશેઠ ખુશાલચંદ દિલ્હીથી સ્વમાનભેર દિલ્હીના બાદશાહ તરફથી અમદાવાદના શેઠ તરીકે સન્માન મેળવીને પાછા ફર્યા. તે સમયે દિલ્હીના બાદશાહ તરફથી મળેલા ફરમાનમાં કહેવામાં આવ્યું કે, તમારે લોકોનું કલ્યાણ અને સમૃદ્ધિ માટે ફરજો બજાવવાની છે. તે સમયે તેમને ફરમાનની સાથે માનનો પોશાક, કાનના એરીંગ્સ વગેરે આપવામાં આવ્યા.

## ગુજરાત વંદન

સંપાદકીય...

### સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા..

રાજધાની દિલ્હી.દિલ્હીમાં રાજપથ. અને રાજપથ પર દિલ્હીની કાતિલ ઠંડીની વચ્ચે વહેલી સવારે દેશના રણબાંકૂરે એવા આપણી ત્રણેય સેનાના જવાનો 26મીની પ્રજાસત્તાક પરેડમાં શિસ્તબધ્ધ-કતારબધ્ધ સીના તાનકે ડ્રમના તાલે કદમ સે કદમ મિલાવીને ધરતી હલી જાય એટલા જોરથી બુટના ધમધમ સાથે ચાલતા હોય.. અને તેની પાછળ વિવિધતામાં એકતા સમાન ભારતના વિવિધ દેશોની કલા-સંસ્કૃતિનીઆળખ સમાન ઝાંખીઓ અને નૃત્યોની સાથે 21મી સદીના ભારતની તાકાતનું પ્રદર્શન જોવાનો લ્હાવો અદભૂત અને અતુલ્ય છે. 26 નવેમ્બર, 1949ના રોજ ભારતના બંધારણનો સ્વીકાર કરીને 26 જાન્યુઆરી,1950ના રોજ તેનો અમલ શરૂ થયો આઝાદ ભારત્ ગણતંત્ર કે પ્રજાસત્તાક રાષ્ટ્રની ઓળખ મેળવી તેની ખુશાલીમાં રાજપથ પર પરેડનું આયોજન થાય છે. આ વર્ષે 23 જાન્યુઆરીથી ગણતંત્ર દિનની ઉજવણીની શરૂઆત થશે. જે 30મી સુધી ચાલશે. આ વર્ષનો ગણતંત્ર દિન 72મો છે. 72 વર્ષમાં ભારતે અનેક નાનામોટા પડાવો પાર કરીને એક મંજબૂત રાષ્ટ્રની તરફ કરેલા પ્રયાણને અને પ્રયાસને છેલ્લાં 7 વર્ષથી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોજીના નેતૃત્વમાં એનડીએની સરકારે ડબલ એન્જિનનું જોર લગાવીને ભારતને નયા ભારત..મેક ઇન ઇન્ડિયા અને લોકલ ટુ ગ્લોબલ બનાવવાનો મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહ્યાં છે. 72 વર્ષમાં ભારતે પડોશી રાષ્ટ્રો સાથે યુધ્ધમાં ઉતરવુ પડ્યુ અને 1965, 1971, 1999માં ભારતે દુશ્મનનોને બતાવી દીધુ કે આ ભારત છે, કોઇને છેડતુ નથી અને જે છેડે તેને છોડતુ નથી. હાલમાં લદાખ ક્ષેત્રમાં અવળચંડા અને નાલાયક વિસ્તારવાદી ચીન ભારતને યુધ્ધમાં ઉતરવા ઉશ્કેરણી કરે છે. પણ જો ભારતને ચીન સાથે યુધ્ધના મેદાનમાં ઉતરવુ પડ્યુ તો ચીન તે પછી ભારતનું નામ લેવાનું ભૂલી જાય એવી હાલત કરવા માટે આપમું સૈન્ય સરહદે ભરી બંદૂકે બરફના પહાડો પર અઢધા પગ ખૂંપેલા હોય એવી નાજૂક સ્થિતિમાં જવાબ આપવા તૈયાર છે. કવિ ઇકબાલે કાંઇ એમ જ કહ્યું નથી કે સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા હમ બુલબુલે હૈ ઉનકી યે ગુલસિતાં હમારા... ભારતના એ ગુલસિતાંને ચીન તો શું કોઇપણ ઉજાડી શકે તેમ નથી.72મા ગણતંત્ર દિને દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

# અબ તક ૫૬ નહીં..૧૫૬ કરોડ.. જંગ અભી જારી હૈ મેરે દોસ્ત..

**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**

16 જાન્યુઆરી 2021. એકવીસમી સદીના બીજા દાયકાનું પહેલુ વર્ષ. ચારે તરફ રોના ધોના અને કોરોના. પહેલી લહેરનો ભયાનક નજારો લોકોએ જોયો હતો. કોરોના વાઇરસથી બચવાની કોઇ અસરકાર દવા શોધાઇ નહોતી. દુનિયાભરમાં ફટાફટ શોધખોળ ચાલી રહી હતી. ભારતમાં પણ 3 કંપનીઓએ બીડુ ઝડપ્યુ હતું. એક પૂણેમાં, એક હૈદ્રાબાદમાં અને એક અમદાવાદ નજીક ચાંગોદરમાં.લોકો ઉંડી સુરંગમાંથી બહાર આવવાનો રસ્તો મળે.. અડાબીડ જંગલમાંથી બહાર નિકળવાનો માર્ગ કે કેડી જડે અને સુરજ કી ગરમી સે જલતે હુયે તન કો મિલ જાયે તરૂવર કી છાયા...ઐસા હી સુખ મેરે મન કો મિલા મેરે રામ...ની જેમ રસી બનીને તૈયાર થઇ અને 16 જાન્યુઆરી,2021થી રસી મૂકાવવાનો આરંભ થયો ત્યારે લોકોએ હાશકારો અનુભવ્યો-હાશ... હવે વાંધો નથી..બચી ગયા..રસી આવી ગઇ..દવા મળી ગઇ...ફટાફટ લઇ લો....!

365 દિવસ બાદ.... 16 જાન્યુઆરી, 2022ના રોજ ભારતના રસીકરણ અભિયાનને એક વર્ષ પૂર્ણ થયું, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેની સાથે સંકળાયેલા “દરેક વ્યક્તિ”ને સલામ કરી અને કહ્યું કે આ કાર્યક્રમે કોવિડ-19 સામેની લડાઈમાં મોટી તાકાત ઉમેરી છે . “ આજે અમે રસીકરણ અભિયાનને 1 વર્ષ ઉજવીએ છીએ . રસીકરણ અભિયાન સાથે સંકળાયેલા દરેક વ્યક્તિને હું સલામ કરું છું. અમારા રસીકરણ કાર્યક્રમે કોવિડ-19 સામેની લડાઈમાં મોટી તાકાત ઉમેરી છે. તે જીવન બચાવવા અને આજીવિકાનું રક્ષણ કરવા તરફ દોરી ગયું છે......બીજા નેતાઓએ પણ ટ્વીટ કરીને રસીકરણ અભિયાન સાતે જોડાયેલા સૌને વંદન અને અભિનંદન આપ્યાં.

રસીકરણ અભિયાન ગયા વર્ષે 16 જાન્યુઆરીના રોજ શરૂ થયું ત્યારે પ્રથમ તબક્કામાં આરોગ્ય સંભાળ રાખનારા કાર્યકરોને ઇનોક્યુલેટ એટલે કે રસી આપીને સુરક્ષિત કરવામાં આવ્યા. ફ્રન્ટલાઈન વર્કર્સનું રસીકરણ 2 ફેબ્રુઆરીથી શરૂ થયું. અને ત્યારબાદ સામાન્ય લોકોને રસી આપવાની શરૂઆત દેશ આખાના શહેરોમાં થઇ. જોત જોતામાં સંખ્યા 100 કરોડ ડોઝ પર પહોંચી અને 16 જાન્યુ.2022 સુધીમાં, 156.76 કરોડ ડોઝ આપવામાં આવ્યાં છે. પુખ્ત વયની વસ્તીના 92 ટકાથી વધુ લોકોએ ઓછામાં ઓછો એક ડોઝ મેળવ્યો છે. કોરોનાથી સુરક્ષિત રહેવાની રસી નહોતી ત્યારે ચારે બાજુ લોકો રસી લાવો...રસી લાવો..ની બુમરાણ મચાવતા હતા. અને રસી વી ત્યારે લોકોની ઉદાસિનતા જોઇને એક આરોગ્યકર્મી રોડ પર ઉભા રહીને રસી લો...રસી... કોરોનાથી બચવુ હોય તો રસી લો રસી...ની બુમો એક સારા સેલ્સમેનની જેમ પાડતો વિડિયો વાઇરલ થયો અને એ આરોગ્યકર્મીને ઇનામ પણ આપવામાં આવ્યું...!




- ૩૬૫ દિવસમાં ૧૫૬ કરોડ રસીના ડોઝ અપાયા
- રસી નહોતી ત્યારે-રસી લાવો..રસી આવ્યાં બાદ-રસી લો..રસી લો..
- નંબર વન ટેનિસ સ્ટાર રસી ન લે તો એને શું કહેવું..
- ભારતમાં પણ કોરોના હવે બનશે સામાન્ય ફ્લુ...

કંઇક સારૂ થતું હોય ત્યારે તેમાં વિઘ્નો આવે જ. કોરોનાની રસીથી નપુંસકતા આવી જાય...આ તો ચોક્કસધર્મના લોકોની નસબંધી કરવા માટે છે.. રસી લઇનએ તો માતાજી રિહાઇ જાય...એવી ભ્રાંમક માન્યતાઓ અને કૂપ્રચારનું પરિણામ એ આવ્યું કે ગુજરાતમાં ધોરાજીમાં આવી કોઇ માન્યતાને કારણે રસી ન લેવાથી ત્રીજી લહેરમાં ધોરાજી કોરોનાના કેસોમાં હોટસ્પોટ બની ગયું...! ધોરાજી કાંઇ દૂર અંતરિયાળ વિસ્તારમાં આવેલુ નથી. શહેરી વિસ્તાર કે ટાઉન છે, મોટાભાગની વસ્તી શિક્ષિત છતાં રસી નહીં લેતા કોરોનામાં સપડાયા છે. વિદેશમાં યુરોપિયન દેશોમાં રસી નહીં લેવા માટે સરકાર સામે લોકોએ આંદોલનો કર્યા, સડકો પર ઉતર્યા-ના અમે તો રસી નહીં લઇએ.. ભલે રોના ધોના કોરોના થાય...! પોલીસને બળનો ઉપયોગ કરવો પડ્યો. અને રસી નહીં લેનારાઓમાં વિશ્વનો નંબર વન ટેનિસ ખેલાડી યોકોવિચનો પણ સમાવેશ થયા છે. રસી નહીં લેતા ઓસ્ટ્રેલિયામાંથી તેને હાંકી કાઢવામાં આવ્યો છે..! તેને સંક્રમણ થશે ત્યારે ખબર પડશે ટેનિસ કોર્ટમાં બોલનો ટપ્પો ક્યાં પડે છે...


ભારત કોરોના.. ઓમિક્રોનના ડરમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે યુરોપિયન દેશોએ કોરોનાને હવે ફ્લુ રોગનું નામ આપીને માસ્ક પહેરવામાંથી મુક્તિ આપી છે. સામાન્ય શરદી-ખાંસી-ઉધરસ હવે કોરોના વાઇરસ નહીં પણ સામાન્ય ફ્લુ માનીને મુજબની સારવાર કરાશે. ભારત પણ હવે તેના પગલે ચાલે તેમ છે બીજા સામાન્ય રોગની જેમ ચાઇના કી બિમારી રોના ધોના કોરોના કરોડો ભારતીયોના જીવનની સાથે વણાઇ જશે... અને કેવા દ્રશ્યો સર્જાશે....

સામાન્ય શરદી ખાંસી ઉધરસ થશે ત્યારે કોઉ પૂછે તો નાક લૂંછતા લૂંછતા કહેશે- કાંઇ નહીં યાર, કોરાનાની અસર છે.. મેડિકલમાંથી ટીકડી લઇ આવુ છુ મટી જશે....! ફેમિલી ડોક્ટર પણ તપાસીને કહેશે- કાંઇ નથી સામાન્ય કોરોનાની અસર છે હું ત્રણ ટાઇમની દવા આપુ છું, મટી જશે... એવુ થાય તો ભયો ભયો... કેમ કે રોના ધોના કોરોનાએ દેશ દુનિયાની એવી હાલત કરી કે હાલત વેફર જેવી થઇ ગઇ....બધુ બંધ..બંધ અને તેમાંથી માંડ બહાર આવ્યાં ત્યારે રૂમઝુંમ કરતી ત્રીજી લહેર આવી અને ફરીથી નિયંત્રણો...સાહેબ, આપણે ફમ રોના ધોના કોરોનાને ફ્લુ જાહેર કરી દો એટલે 23 માર્ચ 2020 પહેલાની મસ્ત મસ્ત જિંદગીમાં આપણે જઇએ અને ઉષા ઉથુપુના ગીતને યાદ કરીને ગાઇએ- રંભા હો..હો હો સંભા હો હો હો...મૈં નાચુ તુ.....મ નાચો, જિતની તુમ પ્યાર સે જિઓગે ઉતની હીં જિંદગી..

---

## અહો આશ્ચર્યમ..

# ૪૫૦૦ વર્ષ પહેલા પણ વર્ણસંકર પ્રાણીઓ પેદા કરવાની તરકીબ માનવીએ વિકસાવી હતી..!



**ખાસ અહેવાલ - પ્રવીણ ઘમંડે**

આજની 21મી સદીમાં હાઇબ્રિડ કહેતા વર્ણસંકર પ્રાણીઓ પેદા કરવાની હોડ લાગી છે. બે અલગ અલગ પ્રાણીઓનું સંવર્ધન કરીને નવા જ પ્રાણીનું સર્જન કરવુ એ કુદરતે રચેલી સૃષ્ટિની વિરૂધ્ધ કહી શકાય. પણ સાયન્સની નવી નવી શોધ અને તકનીકીના સહારે માનવીએ કંઇકનુ કરવાની ઘેલછામાં નહીં નહીં તો 12 પ્રકારના વર્ણશંકર પ્રાણીઓ બનાવી નાંખ્યા છે.

લાઇગર. આ શબ્દ લાયન અને ટાઇગરમાંથી શબ્દો લઇને બનાવવામાં આવ્યું છે અને જે લાઇગર બનાવવામાં આવ્યું છે તેમાં નર સિંહ અને માદા વાઘની વચ્ચે સંવર્ધન કરીને નવુ પ્રાણી બનાવવામાં આવ્યું. નામ રાખ્યુ-લાઇગર. વજનમાં તે 1 હજાર પાઉન્ડનું વજન ધરાવે છે. જંગલમાં લાઇગર શોધવુ અશક્ય છે કેમ કે જંગલમાં સિંહ અને વાઘ એક સાથે રહેતા નથી કે રહી શકતા નથી. તેથી જંગલમાં નર સિંહ અને માદા વાઘ કે વાઘણની વચ્ચે પ્રેમ પાંગરે અને બન્ને ઇલુ..ઇલુ...કરે તે શકય જ નથી. કળા માથાના માનવીએ તેમના જીન કે સ્પર્મ લઇને કે બન્ને વચ્ચે સંવર્ધન કરીને બનેનેનું મિશ્રિત નવુ પ્રાણી બનાવ્યું.

આજની 21મી સદીમાં જ્ઞાન-વિજ્ઞાનની અવનવી શોધો-સંશોધનોને કારણે તે શક્ય બન્યુ પણ આજથી 4500 વર્ષ પહેલાં તે સમયના માનવી પાસે પોતાના ઉપયોગ માટે વર્ણસંકર પ્રાણીઓ પેદા કરવાની ટેકનીક કે જ્ઞાન હતું ખરૂ..? આ સવાલનો જવાબ છે-હા, તે વખતે વર્ણસંકર પ્રાણીઓ હતા.

એક પ્રકાશિત થયેલા નવા અભ્યાસના અહેવાલમાં જણાવાયું છે કે, ‘કુંગા’ તરીકે ઓળખાતું સુપર-શક્તિશાળી પ્રાણી બે પ્રાણીઓની પ્રજાતિઓનું પ્રથમ જાણીતું માનવ-એન્જિનિયર્ડ વર્ણસંકર હતું . સંશોધકોએ ઉત્તર સીરિયામાં ઉમ્મ અલ-મર્રા ખાતે 4,500 વર્ષ જૂના દફન સ્થળ પર મળી આવેલા અશ્વવિષયક હાડપિંજર પર જીનોમ-સિક્વન્સિંગ અભ્યાસ હાથ ધર્યો હતો. તેમના અભ્યાસના પરિણામો દર્શાવે છે કે હાડપિંજર કુંગાના હતા, જે માદા ગધેડા અને નર સીરિયન જંગલી ગધેડા અથવા હેમિપસ વરચેનો ક્રોસબ્રિડ કે વર્ણસંકર હતો.



કુંગા એ માદા ઘરેલું ગધેડા અને નર હેમીપીસ [સીરિયન જંગલી ગધેડા] વચ્ચે F1(એફ વન)વર્ણસંકર હતા, આમ વર્ણસંકર પ્રાણીઓના સંવર્ધનના પ્રારંભિક પુરાવાઓ મળી આવ્યાં છે.. મોટા કદના નર કુંગાનો ઉપયોગ ‘ઉમરાવ અને દેવતાઓ’ના વાહનોને ખેંચવા માટે કરવામાં આવતો હતો, અને તેમના કદ અને તેની દોડવાની ઝડપે તેમને ચાર પૈડાવાળા યુદ્ધ વેગનને ખેંચવા માટે ગદર્ભ કરતાં વધારે શક્તિશાળી બનાવ્યા હતા,”

- આજના માનવીએ નર સિંહ અને માદા વાઘમાંથી લાઈગર પેદા કર્યું...
- આફ્રિકન માદા ગર્દભ અને સિરિયન નર હેમીપ સમાંથી ૪૫૦૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું નવુ

મેસોપોટેમિયા એ મધ્ય પૂર્વનો પ્રાચીન પ્રદેશ છે જે આધુનિક સમયના ઇરાક, સીરિયા અને તુર્કીના ભાગોને આવરી લે છે.. જ્યારે 6000 વર્ષ પહેલાં પશ્ચિમી મેદાનમાં ઘોડાઓને પાળવામાં આવતા હતા તે સૂચવવા માટે પુરાતત્વીય પુરાવા છે , પરંતુ તેઓ

**રસપ્રદ**

મેસોપોટેમિયા પ્રદેશમાં ઘણા સમય પછી પણ આવ્યા ન હતા,.

પાળેલા ઘોડાઓને પોન્ટિક સ્ટેપથી મેસોપોટેમીયામાં લગભગ 4000 વર્ષ પહેલાં આયાત કરવામાં આવ્યા હતા,. પરંતુ ઉત્તર સીરિયામાં ઉમ્મ અલ-મર્રા ખાતે 2600 બીસીના શાહી દફન સંકુલમાંથી સને2000ના દાયકાની શરૂઆતમાં 44 અશ્વવિષયક હાડપિંજર



મળી આવ્યાં.જે કુંગા વર્ણસંકર પ્રાણીના હોવાનું જણાયું છે અને તે પ્રાચીન કળામાં દર્શાવવામાં આવેલું પ્રાણી છે અને તેનું વેચાણ સદીઓથી પ્રદેશમાં સ્થાનિક ઘોડાઓના આગમનની પહેલા થતું હોવાનું પૂર્વાનુમાન કરતી માટીની ગોળીઓ-ટેબલેટ-પર સિલેબિક ક્યુનિફોર્મ લખાણમાં નોંધાયેલું છે,

પુરાતત્વવિદોને લાંબા સમયથી શંકા હતી કે આ પ્રાણીઓ અમુક પ્રકારના સંવર્ધનનું પરિણામ છે. પરંતુ પુરાવાનો અભાવ હતો. હવે નવા અભ્યાસે એક દાયકા કરતાં વધુ સંશોધન બાદ સાબિતી આપી છે કે તેઓ ખરેખર વર્ણસંકર પ્રાણીઓ જ હતા. અને તે વખતે વર્ણસંકર પ્રાણીઓ પેદા કરવાની આ પ્રકારની ટેકનિક વિકસેલી હતી.

અભ્યાસ કરનાર પેલેઓજેનેટીસ્ટ્સમાંના એક ઈવા-મારિયા ગીગલનું માનવુ છે કે, કુંગાનું સંવર્ધન ખરેખર “પ્રારંભિક બાયોએન્જિનિયરિંગ”નું ઉદાહરણ હતું જે એક પ્રકારના પ્રાચીન બાયોટેક ઉદ્યોગમાં વિકસિત થયું હતું.

કુંગા પણ, ખચ્ચરની જેમ, શુધ્ધ ગધેડા અને ઘોડાઓ વચ્ચે ખૂબ પાછળથી થયેલું ક્રોસબ્રિડ હતા. પરિણામે દરેક નવો કુંગા એક જ રહેતો અને તેણે વંશ સ્થાપિત કર્યો ન હતો. સંવનન માટે સ્ટેલિયન્સને પકડવા પડતા હતા અને તેઓ ખૂબ જ લડાયક હોવા છતાં તેમને કેદમાં રાખવા પડતા હતા. પુરાતત્વીય શોધ સૂચવે છે કે નાગર (હાલમાં ટેલ બ્રેક, સીરિયા) માં કુંગા-સંવર્ધન કેન્દ્ર હતું જ્યાંથી યુવાન કુંગાને અન્ય શહેરોમાં મોકલવામાં આવતા હતા.

તે સમયે કુંગા મોંઘા પ્રાણીઓ ગણાતા હતા, જેનો ઉપયોગ યુદ્ધ અને લશ્કરી સમારોહોમાં થતો હતો તે એક સ્ટેટસ સિમ્બોલ પણ હતા. “તેઓ ખૂબ મૂલ્યવાન હતા, ખૂબ ખર્ચાળ હતા,” ગીગલે આ મુજબ કહ્યું છે. દરમિયાન, સહ-લેખક ઇ. એન્ડ્રુ બેનેટ, જે હવે બેઇજિંગમાં ચાઇનીઝ એકેડેમી ઓફ સાયન્સમાં છે,તેઓ કુંગાને “બાયોએન્જિનીયર્ડ વોર મશીન” સાથે સરખાવે છે. 4000 વર્ષ પહેલાં ઘોડાઓ યુદ્ધમાં તેમનું સ્થાન લેવા માટે દેખાયા ત્યાં સુધી કુંગા ઓછામાં ઓછા 500 વર્ષ સુધી આ પ્રદેશમાં સ્ટેટસ સિમ્બોલ તરીકે પ્રભાવી રહ્યાં હતા..આ પ્રદેશમાં જંગલી ઘોડાઓ વસતા હોવા છતાં, સીરિયનોએ તેમને પાળવાનું વિચાર્યું ન હતું અને આ વર્ણસંકર પ્રાણીઓને પ્રાધાન્ય આપ્યું હતું, જેમાં બે માતાપિતાના ગુણો હતા. સંશોધનને “અતિશય નોંધપાત્ર” ગણાવતા, ફિયોના માર્શલ કે જેઓ સેન્ટ લુઈસની વોશિંગ્ટન યુનિવર્સિટીમાં પુરાતત્વવિદ્ છે અને જેમણે ગધેડાના પાળવાના પ્રાગૈતિહાસનો અભ્યાસ કર્યો છે, તેમણે કહ્યું કે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે પ્રાચીન સીરિયન લોકો શું હતા .

જ્યારે ગધેડો તેમના પૂર્વજો, આફ્રિકન જંગલી ગધેડા કરતાં વધુ કાબૂમાં હતા, ત્યારે સીરિયનો પણ જંગલી પ્રાણીના ગુણો ઇચ્છતા હતા, તેઓ જંગલી ગધેડાઓની તાકાત, ઝડપ અને કદાચ કદ શોધી રહ્યા હતા અને તેથી સ્થાનિક જંગલી ગધેડા સાથે સ્થાનિક ગધેડાનું સંવર્ધન કર્યું. પરિણામે જે સંતાનો પેદા થયા તે ગધેડા (અને ઘોડા કરતાં વધુ ઝડપી) કરતાં વધુ મજબૂત અને ઝડપી હતા.

જો કે, નવા સંશોધનમાં આખરે ડીકોડ કરવામાં આવ્યું છે કે કુંગા કેવી રીતે એન્જીનિયર્ડ એટલે બનાવવામાં આવ્યા હતા, તે જ્ઞાનને વ્યવહારમાં મૂકવું અશક્ય છે. આ એટલા માટે છે કારણ કે ગધેડા હજુ પણ વિપુલ પ્રમાણમાં હોવા છતાં, સીરિયન જંગલી ગધેડા 1920 ના દાયકામાં લુપ્ત થઈ ગયા હતા.

લાઈગર. આ શબ્દ લાયન અને ટાઇગરમાંથી શબ્દો લઈને બનાવવામાં આવ્યો છે અને જે લાઈગર બનાવવામાં આવ્યું છે તેમાં નર સિંહ અને માદા વાઘની વચ્ચે સંવર્ધન કરીને નવુ પ્રાણી બનાવવામાં આવ્યું છે. નામ રાખ્યુ- લાઈગર.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL and Printed at Bhavani Offset Bhatiya Wadi, Opp. Kalupur Railway Station, Kalupur, Ahmedabad – 380 002 and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad – 380 015.

# પોલીસ ભરતીમાં પાસ કરાવવાની લાલચ આપી તોડ કરનાર યુવતીની ધરપકડ

## NRI યુવતી અને તેના પ્રેમીએ ૧૨ યુવાનને નોકરીની લાલચ આપી ૧૫ લાખ પડાવ્યા



ગુજરાત વંદન

રાજકોટમાં પોલીસની નોકરી આપવાની લાલચ આપવાની ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. PSI અને LRD ભરતીમાં પાસ કરાવવાની લાલચ આપી તોડ કરતી ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. રાજકોટ પોલીસે એક મહિલા સહિત બે લોકોની ધરપકડ કરી હતી. પોલીસે ક્રિષ્ના ભરડવા નામની મહિલા દલાલ સહિત 2 લોકોની ધરપકડ કરી હતી. ક્રિષ્ના નેતાની ભત્રીજી હોવાનો દાવો કરી લૂંટ ચલાવતી હતી.

મળતી જાણકારી અનુસાર ક્રિષ્ના ભરડવા નામની યુવતી કેન્યા ફરાર થાય તે અગાઉ તેની ધરપકડ કરાઇ હતી. ક્રિષ્ના સિવાય જેનીશ પરસાણાનું નામ પણ સામે આવ્યું છે. પોલીસ વિભાગમાં ઓળખાણ હોવાની વાત કરી બંન્ને જણા લોકો સાથે છેતરપિંડી કરતા હતા. પોલીસની શારીરિક અને લેખિત પરીક્ષા આપ્યા વિના કોલ લેટર આપવાની આરોપીઓ લાલચ આપતા હતા.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આરોપીઓએ 10 લોકો પાસેથી એક લાખ 10 હજાર રૂપિયા પડાવ્યા હતા. તો અન્ય બે લોકો પાસેથી ચાર લાખ રૂપિયા પડાવ્યાનો ખુલાસો થયો હતો. પોલીસે ભોગ બનનારા લોકોને નિવેદન માટે પોલીસ સ્ટેશનમાં બોલાવ્યા હતા.

આરોપી ક્રિષ્ના મૂળ જૂનાગઢની વતની છે. આરોપી ક્રિષ્ના અને જેનીશ એકબીજાના પ્રેમમા છે અને તેઓ આગામી સમયમાં સગાઇ પણ કરવાના હતા. આરોપી ક્રિષ્ના લોકડાઉન સમયે કેન્યાથી ભારત આવી હતી. આરોપી જેનિશ જામનગરનો વતની અને બંન્ને છ મહિના અગાઉ ઇન્સ્ટાગ્રામના મારફતે સંપર્કમાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે 12 જેટલા યુવાઓએ આરોપીઓની વાતમાં આવી તેમને રૂપિયા આપી શારીરિક પરીક્ષા પણ આપી નહોતી.

પોલીસ ભરતી બોર્ડનો અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યું હતું કે હું પહેલા દિવસથી ઉમેદવારોને ચેતવી રહ્યો હતો કે ભરતીમાં શારીરિક કે લેખિત કસોટીમાં ખોટી રીતે પાસ કરવાનો અવકાશ નથી માટે કોઈ લાલચમાં આવશો નહીં. છતાં પણ આ ઉમેદવારો લાલચમાં આવીને આમાં ફસાયા છે. ખુશીની વાત છે કે રાજકોટ શહેર પોલીસે ત્વરિત પગલા લઇ બે લોકોની ધરપકડ કરી છે.

Box- મૂળ જૂનાગઢની ક્રિષ્ના લાખો રૂપિયા પડાવી કેન્યા નાસી જવાની હતી

પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે, જૂનાગઢની ક્રિષ્ના કેન્યા સ્થાયી થઇ હતી અને તેણે તેના પતિને છૂટાછેડા આપી દીધા હતા, રાજકોટમાં એરપોર્ટ રોડ પર આવેલી એક હોટેલમાં રહેતી હતી. જેનિશ પરસાણા સાથે સોશિયલ મીડિયાથી પરિચય થયા બાદ બંને પ્રેમસંબંધે બંધાયા હતા અને સગાઇ કરવાના હતા. નોકરીવાંછુકો પાસેથી લાખો રૂપિયા પડાવી ક્રિષ્ના કેન્યા નાસી જવાની હતી પરંતુ તે પહેલા ભાંડો ફૂટી ગયો હતો.

### અગાઉ પણ નોકરીના નામે અનેકને ફસાવીને પૈસા પડાવ્યા હોવાની આશંકા

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, ક્રિષ્ના ભરડવાએ અગાઉ પણ નોકરીના નામે અનેકને ફસાવીને પૈસા પડાવ્યા હતા, આ મામલે તેની તપાસ ચાલી રહીછે. ક્રિષ્નાની સાથે પડદા પાછળ મોટા માથાની સંડોવણીની પણ શંકા સેવાઇ રહીછે. ક્રિષ્ના અને તેના પ્રેમી જેનીશે માત્ર રાજકોટ કે સૌરાષ્ટ્રના જ નહી પરંતુ રાજ્યભરમાંથી નોકરી વાંચ્છુકો પાસેથી નાણા ખંખેર્યાની શંકા સેવાઇ રહી છે. ક્રિષ્ના અને તેના પ્રેમીએ યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવ્યાની શંકા છે. આરોપીઓ પાસેથી તે રકમ કબજે કરવા પોલીસે કવાયત શરૂ કરી હતી.

## વંથલીના સેંદરડા ગામે પોલીસકર્મીના માતા-પિતની હત્યાથી ચકચાર

ગુજરાત વંદન

વંથલીના સેદંરડા ગામે ડબલ મર્ડરની ઘટના સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસકર્મીના માતા-પિતાની હત્યા કરવામાં આવી હતી. લૂંટના ઇરાદે હત્યા કરવામાં આવી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. સેંદરડા વાડી વિસ્તારમાં ઘટના બની હતી. તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. પોલીસે હત્યારાઓને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## ભાયાવદર પાલિકા પ્રમુખ પીધેલી હાલતમાં ઝડપાયા

રાજકોટના ભાયાવદરમાં ગત રાત્રિના જૂના બસ સ્ટેન્ડ વીસ્તારના ચોકમાં કોઈએ અંગ્રેજી દારૂની ખાલી બોટલો સરાજાહેર ગોઠવતા આ વાતની ખબર પડતા નગરપાલિકાના પ્રમુખ ત્યાં પહોંચ્યા હતા. પરંતુ તેઓ ખુદ નશાની હાલતમાં હોઈ તેમણે પોલીસને બેફામ ગાળો ભાંડી હતી. તેમના આ વાણી વિલાસનો વિડીયો કોઈએ વાયરલ કરી દેતા પોલીસે પાલિકા પ્રમુખની અટક કરી તેમની સામે બે ગુન્હા દાખલ કર્યા હતા. રાજકોટ શહેરમાં ક્રાઈમ વધઘટ (ઘટ) કરવામાં શહેર પોલીસની જાદૂઈ છડી જબ્બરી ચાલે છે. છેલ્લા પંદર વર્ષમાં જાણે કે અગાઉની પોલીસ કે એ અધિકારીઓની કાર્યક્ષમતા ઓછી હોય અથવા તો છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટમાં ગુનેગારો ઓછા થયા કે ગુનાઓ ઓછા બનવા લાગ્યા હોય કાંતો પોલીસ વધુ સતર્ક બની ગઈ હોય તેમ વધુ એક વખત દાવો કરાયો છે કે, રાજકોટ શહેરમાં ક્રાઈમ રેટ ઘટયો છે પણ વાસ્તવિકતા એ છે બહત્પ દૂર નહીં ગત વર્ષની જ સરખામણી કરીએ તો રાજકોટ શહેરમાં રાત્રીના ચોરીના બનાવો ઘટયા જેની સામે સિરિયસ ગણાતા ક્રાઈમ પૈકીના લૂંટ અને હત્યાના બનાવો વધ્યા છે.

## રાજકોટમાં રાત્રે ચોરીઓ ઘટી પણ લૂંટ અને હત્યાઓ વધી

રાજકોટ શહેર પોલીસ દ્વારા જ જાહેર કરાયેલા આંકડાઓ મુજબ ગત વર્ષ ૨૦૨૦માં અને ગત વર્ષ ૨૦૨૧ના ભારે ગુનાઓમાં નજર કરીએ તો ૨૦૨૦માં ૯ લૂંટ થઈ હતી જેની સામે ૨૦૨૧માં આઠના વધારા સાથે ૧૭ સ્થળે લૂંટ થઈ હતી. આવી જ રીતે હત્યાના બનાવોમાં પણ વધારો નોંધાયો છે. ૨૦૨૦માં ૨૯ તો ૨૦૨૧માં ૩૨ વ્યકિતના ખૂન થયા હતા. પોલીસે ૨૦૨૦માં ૫૪ રાત્રી ઘરફોડી થયાની જયારે ૨૦૨૧માં ૩૫ ઘરફોડની ફરિયાદ નોંધાયાનું જાહેર કયુ છે. હા ચોરીના બનાવો ઘટયા છે. ચોક્કસપણે કહી શકયા પણ સામે બે વર્ષથી કોરોનાકાળ લોકડાઉન હતું જેમાં મહત્તમપણે લોકો ઘરમાં જ રહેતા હતા. જયારે બે વર્ષથી નાઈટ કરફયુ પણ કન્ટીન્યુ છે જેના કારણે રાત્રે પોલીસ બંદોબસ્તમાં, પેટ્રોલિંગમાં રહેતી હોય તેના કારણે પણ રાત્રી ઘરફોડી, ચોરીના બનાવો ઘટયા માની શકાય. વિશ્ર્વાસઘાત, ઠગાઈના બનાવો પણ ૨૦૨૧માં વધ્યા હતા.

## રાજકોટમાં રમકડાં - ગિફ્ટ આર્ટિકલના વેપારીઓ પર BISના દરોડા

રાજકોટમાં રમકડાં વહેંચતા વેપારીઓને ત્યાં BIS (બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ) દ્વારા મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા છે. આ તમામ દુકાનો પર અધિકારીઓની ટીમ દ્વારા તપાસ ચાલુ છે. દુકાનોમાં ISI માર્ક વગર વહેચાય રહેલ રમકડા - આઈટમ કબજે કરવામાં આવી છે. દરોડાના ફફડાટ પગલે અનેક દુકાનો બંધ થવા લાગી.

## ૧૦ લાખના ચેક રીર્ટન કેસમાં મહિલાને એક વર્ષની સજા

રુપીયા 10 લાખ ના ચેક રીર્ટન કેસમાં અદાલતે મહિલા આરોપીને એક વર્ષની સજા અને 30 દિવસમાં વળતર પેટે 10 લાખ ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવયો છે આ કેસની હકીકત મુજબ શહેરમાં કોટેચા સર્કલ નજીક યુવરાજમાં રહેતા મનિષાબેન જયેશભાઈ રાઠોડના પતિ સાથે ફરીયાદી હરદિપસિંહ પ્રતાપસિંહ બારડને મીત્રતાના સંબધો હોય જેથી ફરીયાદી હરદિપસિંહ બારડે મનીષાબેન રાઠોડને અંગત જરૂરીયાત મુજબ રૂા.10 લાખ આપ્યા હતા. ત્યારબાદ ફરીયાદીએ પોતાના રૂપીયાની માંગણી કરતાં મનીષાબેન રાઠોડે રૂા.10 લાખનો ચેક આપ્યો હતો. જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં જમાં કરાવતા ચેક પરત ફર્યો હતો.

# ઘોર કળીયુગ..! માસૂમને કોણ ત્યજી ગયું...?





ગુજરાત વંદન

નાના બાળકો કોને ન ગમે? તમને લાગશે કે આ કેવો સવાલ છે, પરંતુ આજનાં સમયમાં આ સવાલ ઉભો થાય તેવી સ્થિતિનું જાણે નિર્માણ થયુ છે. રાજ્યમાં એકવાર ફરી નવજાત બાળકને ત્યજી દેવાનો કિસ્સો બહાર આવ્યો છે જે હવે લોકોની માનવતા પર પ્રશ્નાથ ઉભો કરી રહ્યો છે. બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં ભાદર નદીના સામે કાંઠેથી રવિવારે બપોરના 12:30 વાગ્યાની આસપાસ ત્યજી દેવાયેલી એક નવજાત બાળકી મળી આવતા સમગ્ર પંથક સહિત જીલ્લામાં ચકચાર મચી ગયેલ છે. બપોરના 12:30 વાગ્યાની આસપાસ ભાદર નદીને સામે કાંઠે કબ્રસ્તાન તરફ જવાના કાચા રસ્તે દિવાલ પાસેથી ત્યજી દેવાયેલ નવજાત બાળકી મળી આવી હતી.આ ઘટનાની જાણ લોકોને થતા લોકોના ટોળા ઘટના સ્થળે એકઠા થયા હતા જ્યારે આ ઘટના અંગે પોલીસને જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.108 ને જાણ કરતા 108 ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોચી હતી.અને બાળકીને એમ્બ્યુલન્સ મારફતે રાણપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી જ્યા ફરજ પરના ડોક્ટરો બાળકીની તપાસ કરતા બાળકી એકદમ સ્વસ્થ હોવાનુ જણાવ્યુ હતુ.

આ ઘટનાને લઈને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા,એસ.ઓ.જી.ટીમ,એલ.સી.બી.ટીમ સહીતનો પોલીસ કાફલો રાણપુર દોડી આવ્યો હતો અને બાળકી જે સ્થળેથી મળી તેની તપાસ કરી જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા અલગ-અલગ ટીમો બનાવી નવજાત બાળકી ના માતા-પિતાની શોધખોળ હાથ ધરી છે.


ગુજરાતમાં વધુ એક બાળકી ને ત્યજી દીધેલી હાલતમાં બોટાદ જીલ્લાના રાણપુરમાંથી મળી આવતા નવજાત બાળકીના માતા-પિતા ઉપર લોકો ફીટકાર વરસાવી રહ્યા છે.જ્યારે બોટાદ જીલ્લા પોલીસ વડા દ્વારા ત્યજી દેવાયેલી નવજાત બાળકી નું નામ ખુશી જાહેર કરવામાં આવ્યુ હતુ.હાલ આ બાળકી એકદમ સ્વસ્થ છે અને રાણપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવી છે અને પોલીસ સ્ટાફ અને હોસ્પિટલનો સ્ટાફ આ નવજાત બાળકીની સંભાળ રાખી રહ્યા છે.અને પોલીસે બાળકીના માતા-પિતા ની શોધખોળ કરવા ચક્રોગતિમાન કર્યા છે.

**બાળકીના માતા-પિતાને શોધવા અલગ-અલગ ટીમો બનાવી છે: બોટાદ જીલ્લા પોલીસ વડા**

આ ઘટના અંગે બોટાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા રાણપુર ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જણાવ્યુ હતુ કે રાણપુરની ભાદર નદી ના સામે કાંઠે કબ્રસ્તાન જવાના કાચા રસ્તે દિવાલ પાસેથી ત્યજી દીધેલ એક નવજાત બાળકી મળી આવી છે.જે બાળકી ને રાણપુરના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવી છે અને બાળકી એકદમ સ્વસ્થ છે.બાળકી ના માતા-પિતા ને શોધવા એલ.સી.બી.,એસ.ઓ.જી.સહીત પોલીસની ટીમો બનાવી બાળકીના માતા-પિતા ની શોધખોળ કરી રહી છે. રાણપુરમાં નદી કાંઠેથી મળી આવેલ નવજાત બાળકી ને રાણપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવી છે અને બોટાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા નવજાત બાળકી નું નામ ખુશી પાડવામાં આવ્યુ હતુ.નોંધનીય છે કે, રાજ્માં અગાઉ ગાંધીનગરનાં પેથાપુર ખાતે પણ આવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ કિસ્સામાં પણ એક શખ્સ નવજાત બાળકને ત્યજીને ચાલ્યો ગયો હતો. જો કે તપાસ બાદ બાળકને ત્યજીને ચાલ્યા ગયાનો ખુલાસો થયો હતો. પરંતુ અહી સવાલ એ ઉભો થાય છે કે, આવા કિસ્સાઓ રાજ્યમાં કેમ શરૂ થઇ ગયા છે. શું છે આ પાછળનું કારણ? શું રાજ્યનાં લોકોમાં માનવતા મરી ગઇ છે. શું એક બાળકનો ઉછેર કરવામાં કોઇ તકલીફો પડી રહી છે? આવા ઘણા સવાલો હવે ઉભા થઇ રહ્યા છે.

**બોટાદના રાણપુરમાંથી મળી આવી ત્યજી દેવાયેલી નવજાત બાળકી**

# રાજકોટમાં હરતુંફરતું ગર્ભ પરીક્ષણનું રેક્ટ ઝડપાયું



ગુજરાત વંદન

રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર બીટી સવાણી કિડની હોસ્પિટલ પાછળ આવેલી શિવશક્તિ કોલોનીમાં એક રહેણાંક મકાનમાં ચાલી રહેલા ગેરકાયદે ગર્ભપરીક્ષણના કૌભાંડનો પર્દાફાશ થયો છે.

પોલીસે અહીં ગેરકાયદે ગર્ભપરીક્ષણ કરનાર રાજકોટના ડોક્ટર તથા ધોરાજીમાં રહેતો અને નર્સિંગનો અનુભવ ધરાવનાર શખસ તેમજ અહીં ગેરકાયદે ગર્ભ પરીક્ષણ કરવા આવેલી સુરેન્દ્રનગરના થાનની મહિલા સહિતનાને ઝડપી લઇ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાથમિક તપાસમાં હોમિયોપેથી તબીબી નેપાળથી સોનોગ્રાફી મશીન 3 લાખમાં લાવ્યાનું જાણવા મળ્યું હતું. તે તથા અન્ય આરોપી મળીને છેલ્લા ત્રણ-ચાર માસથી આ કારસ્તાન આચરતા હતા ગર્ભ પરીક્ષણ કરવા આવનાર પાસેથી ૧૦ થી ૨૦ હજાર ચાર્જ લેતા હતા તેમજ આરોપીઓને પોતાનું કોઈ ક્લીનિક ન હતું પરંતુ રીક્ષા અથવા વાનમાં સોનોગ્રાફી મશીન લઇ જેમને ગર્ભ પરીક્ષણ કરવું હોય તેમની સગવડતા મુજબ તે કહે ત્યાં જઈ ગર્ભ પરીક્ષણ કરી આપતા હતા. ગર્ભ પરીક્ષણના આ રેકેટમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ? સહિતની બાબતો અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**વાનમાં સોનોગ્રાફી મશીન રાખી પરીક્ષણ કરી આપતા**

## નશાખોરીનું નેટવર્ક, ગુજરાતના માથે સફેદ કલંક

# ડ્રગ્સકાંડ મામલે હવે ગૃહવિભાગ આપશે તપાસના આદેશ!

### SOG ક્રાઈમ દ્વારા બંધ કરાયેલી તપાસ હવે આગળ વધશે

ગુજરાત વંદન

ગુજરાતમાં યુવાધનને ડ્રગ્સ દ્વારા બરબાદ કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ડ્રગ્સની હેરાફેરી, ડ્રગ્સનું સેવન અને ડ્રગ્સનું વેચાણ ગુજરાતમાં મોટાપાયે થતું હોવાનું ખુલી રહ્યું છે. એટલું જ નહીં રાજ્યમાં ડ્રગ્સ ઝડપાવાનો સિલસલો યથાવત છે. તો બીજી તરફ ગુજરાતના દરિયાનો ઉપયોગ કરી નાપાક સાજિસ રચનારા દેશના યુવાધનને ડ્રગ્સને રવાડે ચડાવી રહ્યા છે. જેને લઈને ગુજરાતની તમામ દરિયાઈ સરહદ પર પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે. ગુજરાતના ખૂણે ખૂણે ડ્રગ્સનો વેપાર અને સેવન થઇ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી છેલ્લા કેટલાક મહિનામાં અંદાજિત 24,800 કરોડનું ડ્રગ્સ ગુજરાત પોલીસ અને નાર્કોટિક્સ સેલ દ્વારા ઝડપી પાડવામાં આવ્યું હોવાની માહિતી મળી રહી છે.

ત્યારે હવે ડ્રગ્સ કેસમાં સંડોવાયેલા મોટા માથાઓને પકડવા માટે ફરીવાર તપાસ શરૂ કરવા માટે ગાંધીનગરથી આદેશ છૂટ્યો છે. અમદાવાદ SOGએ ડ્રગ્સ પેડલર અને તેની પાસેથી મળેલા ડ્રગ્સની તપાસમાં ચાર્જશીટ કરીને તપાસ પુરી કરી લીધી પરંતુ આ કેસમાં અનેક માલેતુજારો, બિલ્ડરો અને નિવૃત્ત આર્મી જવાન સેક્સ રેકેટ અને રેવ પાર્ટીમાં સામેલ હતાં.

આ લોકો પાસેથી કંઈ જ નહીં મળે તેમ માનીને વચેટીયાઓના કહેવાથી SOGએ તપાસ પુરી કરી દીધી હતી. પરંતુ વાસના ભૂખ્યા વેપારીઓ અને ડ્રગ્સના બંધાણીઓનો સીડીઆર મેળવવા માટે આ કેસ અન્ય એજન્સીને ટ્રાન્સફર કરવામાં આવે તેવી વાત છેક ગાંધીનગર પહોંચી છે.

### તપાસમાં બિલ્ડરો તેમજ સ્વરૂપવાન યુવતીઓ પેડલરના સંપર્કમાં

બીજી બાજુ પ્રતાપસિંહના મોબાઈલ ફોનની તપાસ પણ શરૂ કરી હતી. જો કે મોબાઈલ ફોનમાંથી અમુક બિલ્ડરો અને અમુક સ્વરૂપવાન યુવતીઓ તથા ટીનેજર્સ પણ આ પેડલરના સંપર્કમાં હતા તેવું બહાર આવ્યું અને થોડા સમય બાદ એક નિવૃત આર્મી જવાનનો એ સીડીઆરમાં નંબર હતો. જેમાં એક ફૂટી નીકળેલા વચેટિયાએ મદદ કરવાનું કહીને બિલ્ડર અને અન્ય પૈસાદાર લોકોને દબાવવાનું શરૂ કર્યું હતું.

## ચાંદખેડાનો પેડલર રાજસ્થાન અને દિલ્હીથી ડ્રગ્સ મંગાવતો હતો

અમદાવાદ SOGની ટીમે 10 જુલાઈના રોજ બાતમીના આધારે ચાંદખેડાના આનંદ સ્કવેરમાંથી 85 ગ્રામના MD ડ્રગ્સ સાથે એક યુવકને પકડી પાડ્યો હતો. તેની પુછપરછ દરમિયાન તેનું નામ પ્રતાપસિંગ ઉર્ફે શક્તિ રાણાવત અને તે ચાંદખેડામાં રહીને છુટક મજુરી કરતો હોવાનું સામે આવ્યું હતું. આ પેડલરને પકડીને SOGની ટીમે તેનો મોબાઈલ, ડ્રગ્સનો જથ્થો સહિત કુલ 9.67 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તે રાજસ્થાન ખાતે રહેતા સ્વરૂપ રાઠોડ અને દિલ્હીના નિન્ટો અંગામાલી પાસેથી ડ્રગ્સનો જથ્થો મંગાવીને વેચતો હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે SOG ક્રાઈમની ટીમે આ બંન્નેના વિરૂદ્ધમાં પણ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી હતી.

# સાપ્તાહિક રાશિફળ



વાસ્તુ આચાર્ય તેમજ જ્યોતિષ આચાર્ય : કૌશલકુમાર (મો.નં. ૯૯૭૯૧૭૪૭૫૧)

**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારે સપ્તાહ શુભ રહેશે, આ સમય દરમિયાન તમે કસરત અથવા યોગને તમારા જીવનનો એક ભાગ બનાવી શકો છો. કારણ કે આ સમયે ઘણા ગ્રહો નું ભ્રમણ તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરશે. તેથી તેનો સારો અને યોગ્ય લાભ લો. આ અઠવાડિયે, તમે કમિશન, ડિવિડન્ડ અથવા રોયલ્ટીના કામ દ્વારા થોડો મોટો નફો કરશો.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે શુભ રહેશે, આ સમય દરમિયાન તમને પૈસાનો ફાયદો તો થશે જ, સાથે-સાથે તમને ઘણી નવી આર્થિક યોજનાઓનો પણ સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં, કોઈપણ નિર્ણય લેતા પહેલા, રોકાણના તમામ ફાયદા અને ગેરફાયદાનો કાળજીપૂર્વક વિચાર કરો કારણ કે રાહુ તમારા પ્રથમ ઘરમાં સ્થિત છે. આ માટે તમે કોઈ અનુભવી વ્યક્તિની મદદ પણ લઈ શકો છો.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમે તમારી જાતને ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવશો. કારણ કે આ સમય દરમિયાન તમે તમારા પરિવાર અને કાર્યસ્થળ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં અને આ દરમિયાન તમારું સ્વાસ્થ્ય જાળવવામાં સફળ રહેશો. કોઈપણ પ્રકારની સમિતિ અથવા કોઈપણ ગેરકાયદેસર રોકાણમાં તમારા નાણાંનું રોકાણ કરવાનું ટાળો, પછી ભલે તમને તેમાંથી સારું વળતર દેખાય.

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમે તમારી જાતને ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવશો. કારણ કે આ સમય દરમિયાન તમે તમારા પરિવાર અને કાર્યસ્થળ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં અને આ દરમિયાન તમારું સ્વાસ્થ્ય જાળવવામાં સફળ રહેશો. કોઈપણ પ્રકારની સમિતિ અથવા કોઈપણ ગેરકાયદેસર રોકાણમાં તમારા નાણાંનું રોકાણ કરવાનું ટાળો, પછી ભલે તમને તેમાંથી સારું વળતર દેખાય.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સારું રહેશે, ઘર, કુટુંબ અને અંગત જીવનમાં ચાલી રહેલી તણાવપૂર્ણ પ્રવૃત્તિઓ તમને અંદરથી હતાશ અને બેચેની અનુભવી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમે તમારી બેચેનીને બીજાથી છુપાવતા જોવા મળશે, જેના કારણે તમારા સ્વભાવમાં થોડી આક્રમકતા પણ વધી શકે છે. આ અઠવાડિયે તમને ઘણા નવા સ્ત્રોતો સાથે જોડવામાં અને તેમાંથી આર્થિક લાભ મેળવવામાં અપાર સફળતા મળવાની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે શુભ રહેશે, આ અઠવાડિયે તમે સરળતાથી પૈસા ભેગા કરી શકશો. કારણ કે આ સમય દરમિયાન તમે લોકોને આપેલી જૂની લોન પાછી મેળવી શકો છો અથવા તો આ સમયે તમે કોઈ નવા પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે થોડી કમાણી પણ કરી શકો છો.

**તુલા (ર, ત)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ માં તમારે ખુબ સાવચેત રહેવું પડશે. આ અઠવાડિયે કારકિર્દી સંબંધિત તણાવને કારણે, તમારે કેટલીક નાની બીમારીનો સામનો કરવો પડી શકે છે. તેથી તમારા મનને આરામ અને શાંત કરવા માટે, મિત્રો અને પરિવાર સાથે થોડો સમય વિતાવો અને જો શક્ય હોય તો, તમે તેમની સાથે ટૂંકી સફર પર જવાનો પ્લાન પણ બનાવી શકો છો.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ માં તમારે સામાન્ય રહેશે, આ અઠવાડિયાની શરૂઆતમાં જ, તમને તમારા નાણાકીય જીવનમાં સારી યોજના બનાવવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ કરવાથી તમે તમારા પૈસાની ઘણી હદ સુધી બચત કરી શકશો, સાથે જ તેની બચત પણ કરી શકશો.

**ધન (ભ,ધ,ફ,ઢ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, ફક્ત તમે જ જાણો છો કે તમારા માટે શું શ્રેષ્ઠ છે, તેથી મજબૂત અને સ્પષ્ટ બનો ઝડપી નિર્ણયો લો અને પરિણામોનો સામનો કરવા તૈયાર રહો. આ અઠવાડિયે તમારા દ્વારા કરવામાં આવેલ રોકાણ તમારી સમૃદ્ધિ અને નાણાકીય સુરક્ષામાં વધારો કરી શકે છે.

**મકર (ખ,જ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે,અઠવાડિયું તમને પારિવારિક જીવનમાં તમામ પ્રકારના ઉતાર-ચઢાવમાંથી મુક્ત કરવાનું કામ કરશે. આ સાથે પરિવારની મદદથી કેટલાક લોકો ભાડાના મકાનને બદલે પોતાનું ઘર લેવામાં પણ સફળતા મેળવી શકશે. વેપારી માટે આ સપ્તાહ સામાન્ય રહેવાની આશા છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, આ અઠવાડિયે તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પહેલા કરતાં વધુ સખત મહેનત કરવાની જરૂર છે. જો તમે ભૂતકાળમાં તમારા વિષયોને સમજવામાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા, તો તમારે આ અઠવાડિયે તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પહેલા કરતાં વધુ સખત મહેનત કરવાની જરૂર છે.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશ કહે છે આ સપ્તાહ તમારા માટે સામાન્ય રહેશે, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સમય ખૂબ જ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર તમે તમારા પરિવારના સભ્યોની પણ સારી કાળજી લેશો. જેના કારણે પરિવારમાં તમારું માન-સન્માન વધવાની પણ સંભાવના છે.

# અંબાણી : આજ ફીર ગુજરાત પે પ્યાર આયા હૈ... લઈ લો કેટલા લાખ કરોડ જોઈએ

## ૫ લાખ કરોડનું, અદાણી ૩૭,૫૦૦ કરોડનું રોકાણ ગુજરાતમાં કરશે

ગુજરાત વંદન



રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને અદાણી જૂથે ગુજરાતમાં મેગા ઇન્વેસ્ટમેન્ટ પ્લાન તૈયાર કર્યા છે. તેમાં આરઆઈએલ દ્વારા તેમના નવા એનર્જી બિઝનેસ વર્ટિકલ માટે રૂ. 5 લાખ કરોડનું રોકાણ અને કોરિયન કંપની પોસ્કો સાથે સંયુકત સાહસમાં અદાણી જૂથ દ્વારા સ્ટીલ ફેકટરીનો સમાવેશ થાય છે.

ગૌતમ અદાણી-નિયંત્રિત અદાણી જૂથે કોરિયન કંપની પોસ્કો સાથે સંયુકત રીતે ગુજરાતમાં સ્ટીલ ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. અદાણી પોર્ટર્સ અને એસઈઝેડના સીઈઓ કરણ અદાણીએ પોસ્કોના સીઈઓ સાથે રૂ.37,500 કરોડના રોકાણ માટે ગુજરાતમાં સ્ટીલ પ્લાન્ટ સ્થાપવા એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂ. ૫. ૯૫ લાખ કરોડના રોકાણો માટે ગાંધીનગરમાં MoU થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં આ MoU પર ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા તથા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વતી ગૃપ પ્રેસિડેન્ટ પરિમલ નથવાણીએ હસ્તાક્ષર કર્યા હતા. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ અંતર્ગત રોકાણ પ્રોત્સાહન રૂપે રિલાયન્સ દ્વારા આ MoU કરવામાં આવેલા છે.

**સ્ટીલ - રિન્યુએબલ એનર્જીમાં અદાણી ગૃપની થશે એન્ટ્રી**

રિલાયન્સ રાજ્યમાં હાઇડ્રોકાર્બન ઇકોસિસ્ટમ સ્થાપવા માટે રૂ. 5 લાખ કરોડનું રોકાણ કરવાનો લયાંક ધરાવે છે. અન્ય રૂ. 60,000 કરોડનું રોકાણ સોલાર પ્રોજેકટ માટે કરવામાં આવશે. રિલાયન્સ દ્વારા ત્રીજો એમઓયુ જીઓ માટે હશે જે ગુજરાતમાં વધુ રૂ. 7,000 કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે, સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.સોલાર પ્રોજેકટ માટે આરઆઈએલએ કચ્છમાં જમીન માંગી છે, એમ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું. બંને પ્રોજેકટ રાયની ઔધોગિક નીતિની મેગા સ્કીમ હેઠળ સ્થપાશે. આરઆઈએલના ચેરમેન મુકેશ અંબાણીએ જૂન 2021માં યોજાયેલી એજીએમમાં તેના નવા એનર્જી બિઝનેસ વર્ટિકલ માટે આગામી કેટલાક વર્ષોમાં રૂ. 75,000 કરોડનું રોકાણ કરવાની યોજના જાહેર કરી હતી. કંપનીએ જાહેરાત કરી હતી કે તે ગ્રીડમાંથી ઉર્જાનો સંગ્રહ કરવા માટે સંકલિત સોલાર પીવી મોડુલ, ઈલેકટ્રોલાઈઝર, યુઅલ સેલ અને બેટરી બનાવવા માટે ચાર 'ગીગા ફેકટરીઓ' બાંધવા માટે રૂ.60,000 કરોડનું રોકાણ કરશે. આ પ્લાન્ટસનું સ્થળ જામનગરમાં નવા રૂ. 5,000 એકરમાં ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેકસમાં સ્થિત થશે. કંપની 2030 સુધીમાં 100 ગીગાવોટ સૌર ઊર્જાના સાથે સૌર ઉત્પાદન અને ઉત્પાદનમાં પ્રવેશવાની યોજના બનાવી રહી છે. કંપનીએ અગાઉ સૌર ઊર્જાના ઉત્પાદન માટે એક સુવિધા બનાવવાની યોજના જાહેર કરી છે યાં રિલાયન્સ એક સંકલિત સોલાર ફોટોવોલ્ટેઇક મોડુલ ફેકટરીનું નિર્માણ કરશે.

### ગુજરાત સરકાર સાથે પણ કરાર કર્યા

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "આ ભાગીદારી ભારતના ઉત્પાદન ઉદ્યોગના વિકાસ અને ભારત સરકારની મહત્વાકાંક્ષી આત્મનિર્ભર ભારત યોજનામાં ફાળો આપશે. તે ગ્રીન એન્ટરપ્રાઇઝીસમાં ભારતની સ્થિતિને મજબૂત કરવામાં પણ મદદ કરશે.

નોંધનીય છે કે, POSCO ભારતમાં સૌથી અદ્યતન ઓટોમોટિવ સ્ટીલ સપ્લાયર તરીકે ઓળખાય છે. POSCO પુણે, દિલ્હી, ચેન્નાઈ અને અમદાવાદમાં ચાર પ્રોસેસિંગ કેન્દ્રો ચલાવે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે POSCO અને અદાણી વચ્ચેનો આ વ્યાપારિક સહયોગ ભારતીય સ્ટીલ ઉદ્યોગમાં એક મોટી ભાગીદારીમાં સિનર્જી લાવશે. POSCO અને અદાણીએ ગુજરાત સરકાર સાથે સરકારી સ્તરે સહકાર અને સમર્થન માટે એમઓયુ પર પણ હસ્તાક્ષર કર્યા છે.

### દક્ષિણ કોરિયાની સ્ટીલ કંપની POSCO સાથે કર્યા હસ્તાક્ષર

દેશના બીજા સૌથી ધનાઢ્ય અને જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના નેતૃત્વમાં અદાણી ગૃપે સ્ટીલ, રિન્યુએબલ એનર્જી સહિતના ક્ષેત્રોમાં વ્યવસાયની તકો શોધવા માટે દક્ષિણ કોરિયાની સ્ટીલ કંપની POSCO સાથે ભાગીદારી કરી છે. બંને કંપનીઓએ આ સંબંધમાં સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. અદાણી જૂથે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે એમઓયુ હેઠળ $5 બિલિયન સુધીનું રોકાણ કરી શકાય છે. અદાણી જૂથે જણાવ્યું હતું કે તે "ગુજરાતના મુંદ્રા ખાતે ગ્રીન, ઇકો-ફ્રેન્ડલી ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ સ્થાપવા અને અન્ય સાહસો સહિત વ્યવસાયિક સહયોગ માટેની તકો શોધવા સંમત થયા છે." પાંચ અબજ ડોલર સુધીના રોકાણની શક્યતા છે.

બંને પક્ષો દરેક કંપનીની તકનીકી, નાણાકીય અને ઓપરેશનલ શક્તિઓમાંથી સહકાર અને લાભ મેળવવા માટેના બહુવિધ વિકલ્પોનો અભ્યાસ કરી રહ્યા છે. પોસ્કોના સીઈઓ જેઓંગ-વુ ચોઈએ જણાવ્યું હતું કે તેમની કંપનીની સ્ટીલ ઉત્પાદનમાં અદ્યતન ટેકનોલોજી અને ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અદાણી ગ્રૂપની કુશળતા સાથે, બંને કંપનીઓ સ્ટીલ અને ઈકો-ફ્રેન્ડલી બિઝનેસમાં સહયોગથી કામ કરી શકશે., "મને આશા છે કે આ સહયોગ ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સારો અને ટકાઉ એન્ટરપ્રાઈઝ સહકાર મોડલ બનશે.

# કેન્દ્ર સરકાર આગામી નાણાકીય વર્ષમાં ઘટાડશે સબસિડી

ગુજરાત વંદન

આગામી સમયમાં બજેટ આવી રહ્યું છે જેમા મોટા ફેરફારો જોવા મળશે. સરકાર 2022-23માં તેની કુલ સબસિડીમાં ઘટાડો કરશે. સરકાર આવનારા બજેટમાં તેની ખાદ્ય અને ખાતર




સબસિડી અનુક્રમે રૂ. 2.60 લાખ કરોડ અને રૂ. 90,000 કરોડ રાખવાની આશા રાખે છે. આ નાણાકીય વર્ષ 2022ના સુધારેલા અંદાજ કરતાં ઓછું છે. એક રિપોર્ટ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ માટે કુલ સબસિડી બિલ 5.35 થી 5.45 લાખ કરોડ રૂપિયાની આસપાસ રહેવાની ધારણા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર આગામી નાણાકીય વર્ષમાં તેમાં ઘટાડો કરવા માંગે છે.

એક અહેવાલ અનુસાર, એક અધિકારીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2023 માટે રાજકોષીય ખાધ કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) ના 6.5 ટકા રહેવાની ધારણા છે. આ છેલ્લા બજેટમાં જાહેર કરાયેલ જીડીપીના 6.8 ટકાની સરખામણીએ અલગ છે. એક અધિકારીએ કહ્યું કે ખાદ્ય અને ખાતર પરની સબસિડી અમારા નાણાકીય લક્ષ્યાંક મુજબ હશે.

વર્તમાન નાણાકીય વર્ષ માટે ખાદ્ય સબસિડી બિલના સંશોધિત અનુમાનના અંદાજે રૂ. 3.90 લાખ કરોડ રહેવાની ધારણા છે, જે બજેટમાં કરવામાં આવેલા રૂ. 2.43 લાખ કરોડથી વધુ છે. પરંતુ તે નાણાકીય વર્ષ 2021ના રૂ. 4.22 લાખ કરોડ કરતાં ઓછું છે.

નાણાકીય વર્ષ 2022માં ફૂડ સબસિડી બજેટમાં ફાળવવામાં આવેલી રકમ કરતાં વધુ હશે, જેની પાછળનું કારણ કોરોના રોગચાળાને કારણે માર્ચ 2022 સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ મફત અનાજનું વિતરણ છે. નાણાકીય વર્ષ 2022 માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો કુલ ખર્ચ 1.47 લાખ કરોડ રૂપિયાનો અંદાજવામાં આવ્યો છે. સરકારે બજેટમાં નાણાકીય વર્ષ 2022 માટે ખાતર સબસિડી માટે રૂ. 79,530 કરોડની જોગવાઈ કરી છે.

જો કે, સરકારે ખાતરની વધતી કિંમતો અને પુરવઠાની મર્યાદાઓને કારણે બમણું વધારાનું ભંડોળ પૂરું પાડવું પડશે, જેનાથી સબસિડી બિલ લગભગ બમણું થઈને રૂ. 1.41 લાખ કરોડ થઈ શકે છે. એક અહેવાલ મુજબ, નાણા મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાતર સબસિડી માટે ફાળવણી નાણાકીય વર્ષ 2023 ના સુધારેલા અંદાજ કરતાં ઓછી હશે. એક અહેવાલ પ્રમાણે આ વર્ષે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનામાં કુલ રૂ. 1.47 લાખ કરોડના ખર્ચમાંથી રૂ. 90,000 કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે. આનો અર્થ એ છે કે ફૂડ સબસિડી માટે વધારાની ફાળવણી રૂ. 60,000 કરોડની રહેશે.ગયા બજેટમાં સરકારે આરોગ્ય ક્ષેત્ર માટે ફાળવેલ બજેટમાં ત્રણ ગણું વધારો કરીને 2,23,846 કરોડ કરી દીધા હતા. આ વખતે તેમાં 18000 કરોડ રૂપિયાના વધારાની જાહેરાત થઈ શકે છે. સરકાર હેલ્થ સેક્ટરના બજેટમાં 10 થી 12 ટકાનો વધારો કરવાનું વિચારી રહી છે. તેનો સીધો ફાયદો સામાન્ય માણસને થશે.

**આઈ લવ ઈન્વેસ્ટમેન્ટ...**

# ભારતીય મહિલાઓને લાગ્યો શેર માર્કેટમાં રોકાણનો ચસ્કો

**લોકડાઉન લાદવામાં આવ્યું ત્યાર બાદ ઘરે બેઠા ઘણી મહિલાઓ માર્કેટ-માં રોકાણ તરફ વળી**

ગુજરાત વંદન



ભારતીય શેર માર્કેટને હવે માત્ર પુરુષોનું પ્રભુત્વ ધરાવતું ક્ષેત્ર ગણી શકાય નહીં. સ્ટોક માર્કેટમાં મહિલાઓની ભાગીદારી પણ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક મહિનાથી નમિતા મોહાન્કા દર રવિવારે સવારે પોતાનું લેપટોપ ચાલુ કરીને જુદા જુદા એનાલિસ્ટ રિપોર્ટ વાંચે છે. તેઓ ભારતીય સ્ટોક માર્કેટમાં પોતાના રોકાણ પર સતત નજર રાખે છે. કોલકાતા સ્થિત નમિતા જેવી ઘણી મહિલાઓ માર્કેટમાં નિયમિત રોકાણ કરે છે અને કંપનીઓના પરફોર્મન્સ તથા બીજી તમામ આર્થિક બાબતોની જાણકારી રાખે છે. 2020માં લોકડાઉન લાદવામાં આવ્યું ત્યાર બાદ ઘરે બેઠા ઘણી મહિલાઓ શેર માર્કેટમાં રોકાણ તરફ વળી છે. આંકડા પરથી આ બાબતની સાબિતી મળે છે. બે વર્ષ અગાઉ શેર માર્કેટમાં મહિલાઓની હિસ્સેદારી માત્ર 16 ટકા હતી, જે બે વર્ષની અંદર વધીને 24 ટકા થઈ છે.

ઝીરોધા, એક્સિસ સિક્યોરિટીઝ, ICICI ડાયરેક્ટ, અપસ્ટોક્સ અને 5પૈસા સહિતના બ્રોકરેજિસના આંકડા આ બાબતનો પૂરાવો આપે છે. 1 જાન્યુઆરી 2020થી અત્યાર સુધીમાં બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં 40 ટકાનો વધારો થયો છે. તેના કારણે પણ મહિલાઓ સ્ટોકમાં રોકાણ કરવા આકર્ષિત થઈ છે.

અપસ્ટોક્સના કોફાઉન્ડર કવિથા સુબ્રમણિયન જણાવે છે કે "પરંપરાગત રીતે મહિલાઓ મોટા ભાગે ગોલ્ડ, બેન્ક ડિપોઝિટ અથવા એફડીમાં રોકાણ કરતી હોય છે. પરંતુ કોવિડ શરૂ થયો ત્યાર પછી સ્ટોક માર્કેટમાં પણ મોટી સંખ્યામાં મહિલાઓ આવી છે." દિલ્હી, મુંબઈ, કોલકાતા જેવા મોટા શહેરોની મહિલાઓ જ શેર બજારમાં રોકાણ કરે છે એવું નથી. બીજી અને ત્રીજી શ્રેણીના નાના શહેરોમાં પણ મહિલાઓની હિસ્સેદારી વધી રહી છે.હાલમાં શેર માર્કેટમાં રોકાણ કરતી 12.3 ટકા મહિલાઓ 26થી 45 વર્ષની વયજૂથની છે, જ્યારે 45થી 60 વર્ષની વયજૂથમાં માત્ર 5.2 ટકા મહિલા રોકાણકારો છે. ઇન્ડસ્ટ્રીના જાણકારો કહે છે કે મોટા ભાગની મહિલાઓ પૂરતો અભ્યાસ કરીને શેર પસંદ કરે છે. તેઓ ઘેંટાની જેમ ગમે તે સલાહ માનીને રોકાણ કરતી નથી. કુલ મહિલા રોકાણકારોમાં 60 વર્ષથી વધુ વયની મહિલાઓનું પ્રમાણ 2.6 ટકા છે. જાન્યુઆરી 2020થી અપસ્ટોક્સે મહિલા રોકાણકારોની સંખ્યામાં 10 લાખથી વધુનો ઉમેરો કર્યો છે. ભારતીય સ્ટોક માર્કેટ છેલ્લા બે વર્ષમાં ઓલ-ટાઇમ હાઈ સપાટીએ પહોંચ્યું છે. વૈશ્વિક સ્તરે પણ શેર બજારમાં રિટેલ હિસ્સેદારી વધી છે.

# ઓમિક્રોન લહેરને બદલે ફ્લેશ ફ્લડની જેમ: આરબીઆઈ

ગુજરાત વંદન




ભારતીય રિઝર્વ બેંક એવું માને છે કે, ભારતની કુલ આર્થિક ગતિવિધિઓ બેંક ધિરાણમાં વધારો અને ગ્રાહક વિશ્વાસમાં સુધારો થવાને કારણે એકંદર આર્થિક પ્રવૃત્તિ મજબૂત બની રહી છે અને ઓમીક્રોન એક લહેરની બદલે અચાનક આવી ગયેલા પુરની જેમ રહેવાથી ભવિષ્યની સંભાવનાઓ સુધરી છે.

સોમવારે જાહેર કરાયેલ આરબીઆઈના બુલેટિનમાં અર્થવ્યવસ્થાની સ્થિતિ પર પ્રકાશિત થયેલા લેખ અનુસાર, કોરોના વાયરસના નવા સ્વરૂપ, ઓમિક્રોન સંબંધિત યુકે અને દક્ષિણ આફ્રિકાના ડેટા, તેને 66-80 ટકા ઓછો ઘાતક હોવાનું કહી રહ્યા છે, જેમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાત પણ ઘટી રહી છે. આ સિવાય રસીકરણના મોરચે પણ ભારતની પ્રગતિ ખૂબ જ ઝડપી રહી છે. આ મુજબ, ગ્રાહક અને વ્યવસાયિક વિશ્વાસમાં સુધારો અને બેંક ક્રેડિટમાં વધારો સાથે સંકલિત માગ સ્થિતિસ્થાપક રહી શકે છે. જ્યારે પુરવઠાના મોરચે રવિ વાવણી ગયા વર્ષના સ્તરને વટાવી ગઈ છે. લેખ મુજબ, ઉત્પાદન અને વિવિધ સેવા ક્ષેત્રોના વિસ્તરણ સાથે ભારતમાં એકંદર આર્થિક પ્રવૃત્તિ મજબૂત બની રહી છે, ઉપભોક્તા અને વ્યવસાયિક વિશ્વાસમાં વધારો થવાથી

**મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરનું વિસ્તરણ મજબૂતાઈનું કારણ: RBI**

અને વિવિધ ઉચ્ચ તીવ્રતા સૂચકાંકોમાં સુધારા સાથે પરિસ્થિતિમાં પણ સુધારો થયો છે. આરબીઆઈના બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે નજીકના ભવિષ્યમાં ઓમિક્રોન લહેરને બદલે ફ્લેશ ફ્લડ બનવાની શક્યતા વધી ગઈ છે. જો કે, સેન્ટ્રલ બેંકે સ્પષ્ટતા કરી છે કે લેખમાં વ્યક્ત કરાયેલા મંતવ્યો તેના લેખકોના છે અને તે તેની સત્તાવાર સ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી. તમને જણાવી દઈએ કે આ પહેલા ભારતીય રિઝર્વ બેંકે કહ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરથી અર્થવ્યવસ્થા ધીરે ધીરે ગતિ પકડી રહી છે અને મજબૂત બની રહી છે, પરંતુ મોંઘવારીના વધતા દબાણ સાથે, કોરોના વાયરસનું નવું સ્વરૂપ ઓમિક્રોન એક મોટા પડકાર તરીકે ઉભરી આવ્યું છે. રિપોર્ટની પ્રસ્તાવનામાં, રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે લખ્યું છે કે આ વર્ષે એપ્રિલ-મેમાં વિનાશક કોરોના વાયરસ મહામારીની બીજી લહેર પછી અર્થવ્યવસ્થા માટે વૃદ્ધિનો દૃષ્ટિકોણ ધીમે ધીમે સુધર્યો છે. પરંતુ વૈશ્વિક વિકાસ અને તાજેતરમાં જાહેર થયેલા વાયરસના નવા સ્વરૂપ ઓમિક્રોનને કારણે અર્થતંત્ર સામે એક પડકાર ઉભો થયો છે. તેમણે કહ્યું કે મજબૂત અને ટકાઉ રિકવરી ખાનગી રોકાણ અને ખાનગી વપરાશમાં વધારો પર આધારિત છે. પરંતુ કમનસીબે તે બંને હજુ પણ મહામારીના પૂર્વ સ્તરથી નીચે છે.

# HDFC Bank પર એનાલિસ્ટ્સને પૂરો ભરોસો: શેર 30% વધવાની આગાહી

## HDFC બેંક બજારની અપેક્ષા મુજબ જ ચોખ્ખા નફામાં વધારો નોંધાવ્યો

ગુજરાત વંદન

HDFC Bankના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો અપેક્ષા મુજબ આવ્યા હોવાથી આ બેન્ક અંગે એનાલિસ્ટ્સમાં આશાવાદ વધ્યો છે. બેન્કે બજારની અપેક્ષા મુજબ જ ચોખ્ખા નફામાં વધારો નોંધાવ્યો છે. જોકે, નેટ ઇન્ટરેસ્ટ ઇન્કમ (NII)નો ગ્રોથ તેના લક્ષ્યને સહેજ ચૂકી ગયો હતો.

તમામ સેગમેન્ટમાં HDFC Bank એ મજબૂત લોન ગ્રોથ નોંધાવ્યો છે. પરંતુ એકંદર લોન મિક્સમાં કોઈ સુધારાના સંકેત નથી. તેના કારણે 4.1 ટકાના કોર માર્જિનમાં કોઈ સુધારો થયો ન હતો. આ શેર માટે નિષ્ણાતો હવે વધારે આશાવાદી છે અને અહીંથી શેર 30 ટકા વધે તેવી શક્યતા વ્યક્ત કરે છે. આ લખાય છે ત્યારે BSE પર એચડીએફસી બેન્કનો શેર 1.12 ટકા અથવા 17.25 રૂપિયા ઘટીને રૂ. 1528 પર હતો. આ શેરની બાવન સપ્તાહની ટોચ રૂ. 1724 અને બાવન સપ્તાહની નીચી સપાટી રૂ. 1342 છે.

નિર્મલ બંગ ઇન્સ્ટિટ્યૂશનલ ઇક્વિટીએ HDFC Bank માટે રૂ. 2006નો ટાર્ગેટ આપતા




જણાવ્યું કે કોવિડના કારણે બેન્કની એસેટ ક્વોલિટીને કેવી અસર થશે તેની ચિંતા નથી રહી. તેથી અમને લાગે છે કે રિટેલ ગ્રોથ અને NIMમાં વધારા પર નજીકના ભવિષ્યમાં નજર રહેશે. ક્રેડિટ સુઈસે એચડીએફસી બેન્ક માટે રૂ. 1950નો ટાર્ગેટ આપ્યો છે જ્યારે મેક્વેરી આ શેર રૂ. 2005 સુધી પહોંચે તેમ માને છે. છેલ્લા કેટલાક ક્વાર્ટરથી HDFC Bankનું માર્જિન વધઘટ કરે છે. તેનું કારણ ધીમો પડેલો રિટેલ ગ્રોથ અને બિનફાયદાકારક પોર્ટફોલિયો મિક્સ છે. એમ્કે ગ્લોબલે જણાવ્યું કે ત્રીજા ક્વાર્ટરમાં કોર ફી ગ્રોથ પણ નરમ પડ્યો હતો. પરંતુ વધુ સારા ટ્રેઝરી ગેઈન અને ડેટ રિકવરીથી તેને ફાયદો થયો થયો છે.

HDFC Bankની એસેટ ક્વોલિટીની ચિંતા નથી. કોવિડના સમયમાં પણ બીજી ખાનગી બેન્કો કરતા HDFC Bank સારી સ્થિતિમાં છે જે દર્શાવે છે કે તે રિસ્ક સિલેક્શનમાં બહુ સમજદારી અપનાવે છે. ICICI ડાયરેક્ટ પણ HDFC બેન્કના શેર માટે રૂ. 2000નો ટાર્ગેટ ભાવ આપે છે. બ્રોકરેજે જણાવ્યું કે તંદુરસ્ત પ્રોવિઝનિંગ કવરેજ અને બફરના કારણે એસેટ ક્વોલિટીની ચિંતા રહેતી નથી. આ ઉપરાંત રિટેલ લોન ગ્રોથના કારણે તેના માર્જિનમાં વધારો થશે.

નાણાકીય વર્ષ 2022-24માં HDFC બેન્ક 20 ટકા PAT CAGR ઓફર કરી શકે છે.

# અઝીમ પ્રેમજી સામે અરજીઓ કરવી બે વકીલોને ભારે પડી, કોર્ટે ફટકારી જેલની સજા

ગુજરાત વંદન

વિપ્રો કંપનીના ચેરમેન અઝીમ પ્રેમજી ભારતના સન્માનીય ઉદ્યોગપતિઓમાં સામેલ છે, આ ઉપરાંત તેઓને ભારતના સૌથી મોટા દાનવીર પણ માનવામાં આવે છે. પણ અઝીમ પ્રેમજી સામે બે વકીલોએ નાણાકીય ગેરરીતિઓનો ગંભીર આરોપ લગાવી કર્ણાટક હાઈકોર્ટમાં અનેક અરજીઓ કરી હતી. જો કે, કોર્ટના ધ્યાને આવ્યું કે, બંને વકીલો દ્વારા કોર્ટને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જે બાદ કર્ણાટક હાઈકોર્ટ દ્વારા બંને વકીલોને બે મહિનાની જેલની સજા સંભળાવવામાં આવી છે.



કર્ણાટક હાઈકોર્ટ દ્વારા બંને વકીલોને બે મહિનાની જેલ સાથે બે હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી

આ બંને વકીલોએ ઈન્ડિયા અવેક ફોર ટ્રાન્સપરન્સી એનજીઓ હેઠળ અઝીમ પ્રેમજી સામે હાઈકોર્ટમાં અનેક અરજીઓ કરી હતી. આર. સુબ્રમણિયન અને પી.સદાનંદે અઝીમ પ્રેમજી સામે નાણાકીય અનિયમિતતાઓનો આરોપ લગાવી હાઈકોર્ટમાં અનેક અરજીઓ કરી હતી. કોર્ટની કાર્યવાહી દરમિયાન સુબ્રમણિયન એક વકીલ તરીકે રજૂ થયો હતો જ્યારે સદાનંદે પોતાને કંપનીનો વોલન્ટિયર ગણાવ્યો હતો. શુક્રવારે પોતાના નિર્ણયમાં જસ્ટિસ બી. વીરપ્પા અને જસ્ટિસ કેએસ હેમલેકાની બેન્ચે બંને આરોપીઓને 2 મહિનાની સાધારણ જેલ અને બે હજારના દંડની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે આરોપીઓને અઝીમ પ્રેમજી અને તેમની કંપનીઓ સામે કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરવા પર રોક લગાવી દીધી છે. ડિવિઝન બેન્ચે પોતાના નિર્ણયમાં કહ્યું કે, આ એક નિર્વિવાદ તથ્ય છે કે આરોપીએ પ્રાઈવેટ લિમિટેડ શબ્દોનો પ્રયોગ કર્યા વગર અસ્તિત્વ વગરની એક કંપનીના નામ પર વારંવાર અરજી કરી હતી. આ બીજું કાંઈ નહીં પણ કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ છે. આ ઉપરાંત કોર્ટે કહ્યું કે, પ્રક્રિયાની મજાક ઉડાવવામાં આવી છે. તમે ફક્ત મોટા પાયે જનતાના હિતોને પ્રભાવિત કર્યા છે પણ મંચનો દુરુપયોગ કરીને ન્યાય પ્રશાસનમાં હસ્તક્ષેપ પણ કર્યો છે. અલગ-અલગ કોર્ટો, ન્યાયિક સમય બરબાદ કરી રહી છે અને કાનૂનની પ્રક્રિયાનો દુરુપયોગ કરી રહી છે.

# બીજાની નહીં, આપની ડિઝાઈન બદલી નાખો

ગુજરાત વંદન

ઉમર વધે તેની સાથે સપનાઓ નાના થવા જોઈએ નહીં. પાકટ ઉમરના પડાવ પર લમણે હાથ દઈને બેસી પડનાર દયનીય બની રહી છે. તેમનો ઉદગાર : 'હવેથી મારાથી કશું જ નહીં થાય' અથવા હવે ઉમર થઈ, જે કરશે તે છોકરા કરશે' કોઈ પણ ઉમંગી માણસના ઉત્સાહને ધક્કો મારનાર બની રહે છે. જે નવું કરે તે સદૈવ યુવાન બની રહી છે, અને નવું કરવા માટે કોઈ ઉમર અવરોધ નથી બનતી.

માણસ વયોવૃદ્ધ થાય ત્યારે તેના ઉત્સાહને તહસ નહસ કરનારા પરિબળો પણ આસપાસ ખડા થઈ જાય છે. એ યોગ્ય નથી. પ્રૌઢ માણસ કશુંક નવું કરવા ઈચ્છતો હોય ત્યારે નકારાત્મક વિચારધારાના પોષક પરિબળો કહે છે : 'હવે, બહુ થયું, પાકાં ઘડે કાંઠા ના ચડે' લ્યો કરો વાત......

નકારાત્મક ઈરાદાના હાંડલાને ભીતરમાં જ ભાંગી નાખીને તેને નવો ધાર આપી, કાંઠીના વાત તો દૂર આખે આખું હોડલું શણગારી પ્રસ્તુત કરી શકાય છે. નવું કંઇક કરવા ઇચ્છાતા માણસની હિંમતને તોડી નાખવનારા પરિબળો અહીં તોટો નથી. જે લોકોએ જીવનમાં કશું જ ના કર્યું હોય તેવા લોકો જ નકારાત્મક વાયરસને ફેલાવતા રહે છે. જીવન જીવવાની મજા ત્યારે આવે છે જ્યારે હતાશાને ખંખેરીને આશાના નવા આવરણ ધારણ કરવામાં આવે છે. સપાટ ધરા પર તો બધા ચાલે, જે આરોહ-અવરોહ અને ખાડા ખૈયાઓ અને ઢીલાઓને પણ વળોટીને ચાલે તે ખરો પથિક છે.

રસ્તે ચાલતા આવળ, બાવળને બોરડી નો આવે, હાથલા થોર અને જંગલી ઝાડીના ઝુંડોય આવે, પણ કાંટાનો ડર રાખ્યા વગર જે બોરને વીણે તે બહાદુર. એક સત્ય જરૂર સ્વીકારીશું, જે માણસ ખુદનો માલિક છે તેને કોઇ હતાશ કરી શકતું નથી.

આંધ્રના એક અનાથઆશ્રમમાં ઉછરેલી એક યુવતીની વાત કરીએ. ગૃહસ્થ જીવનમાં એ યુવતીના ખંભે હાથ મૂકી સહિયારો આપનારૂં કોઇ ના રહ્યું ત્યારે તેને પોતાની અંદર જ એક સપનું રમતું કરી દીધું.

એ યુવતી એટલે જ્યોતિ રેડ્ડી. ઘરનો ઉંબર છોડી એણે

**ઊર્જા ઉજાસની**

-નટવર ગોહેલ

હુન્નરનનો માર્ગ પસંદ કર્યો, ઘરના કલેશમય માહોલમાંથી તેણે મુક્તિ મેળવવા શિક્ષિકાની નોકરી સ્વીકારી. જ્યોતિએ વિચાર્યું : 'નવરૂ બેસવું જ નહીં, નવરૂ દીમાગ તો શેતાનનું ઘર' બસ સિવણ કામ કરવુ. સમય ફાળવી સિવણકામ શિખી લીધું. બે પૈસા મળવા જોઇએ.

વાત ત્યાંથી અટકથી નથી ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી જ્યોતિ સ્નાતક થઇ, હવે જુઓ એનો ઉત્સાહ, જિલ્લા પરિષદમાં સેવાઓ આપવા જતી વખતે ટ્રેનમાં સાડીઓ વેચે. એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. અરે, તકને પારખી અમેરિકા ગઇ. ત્યા એણે ફિલ્મોની સીડી વેચી. અરે, એના ઉત્સાહનો રંગ હવે પાંગરી રહ્યો છે, આવક માટે બેબી સીટર તરીકે કામ કર્યું.

એક સોફ્ટવેર કંપનીમાં નોકરી શરૂ કરી ઘણો અનુભવ મેળવ્યો. દિલ દઇને, મનને મોકળું રાખીને હિંમતભેર તેણે જીંદગીને દોડતી રાખી. તેની જીવનકથામાં એણે લખ્યું છે : મેં મારી જીંદગી ડિઝાઇન જ બદલી નાખી હતી.

જ્યોતિ કહે છે : જૂની ડિઝાઇન ભૂસવાની જરૂર ન હતી, તેને ભીતરના કોઇ અગોચર ખૂણામાં ધરબી દીધી અને નવી ડિઝાઇનને આકાર આપવા માંડી. તે એના કામને ચાહતી, સમયને ચાહતી. પરિણામે નવી ડિઝાઇન પણ અણુએ અણુમાં પ્રસરતી ગઇ. કોઇ વાત, કોઇ વિચાર નવા રંગરૂપ સાથે નિખાર પામતો ગયો.

સાચી વાત, જ્યોતિ પોતાના રસ્તાની જ્યોતિ બની. ખુદની અંદરથી એ ઓજસ્વી બની અને માર્ગ અજવાળતી ગઇ, પરિણામે તે તેજસ્વીની બની રહી.

> જીવન જીવવાની મજા ત્યારે આવે છે જ્યારે હતાશાને ખંખેરીને આશાના નવા આવરણ ધારણ કરવામાં આવે

આંધ્રપ્રદેશ યુનિવર્સિટીના અભ્યાસક્રમમા જ્યોતિની જીવનકથાના કોઇ એક ભાગને સ્થાન મળ્યું છે. અત્યારે જ્યોતિ રેડ્ડી અનાથ બાળકોની પરિસ્થિતિ ઉપર વિશ્લેષણાત્મક અભ્યાસ કરી રહી છે.

જ્યોતિ રેડ્ડી અમેરિકાની 'સોફ્ટવેર સોલ્યુશન્સ' કંપનીની સ્થાપક-માલિક છે. તમે પણ તમારા મનને બદલો. કશું જ અશક્ય નથી. ડર, ભય ચિંતા, શંકા-કુશંકાને હડસેલીને કોરાણે કરી દો.

નવેસરથી જાતને તૈયાર કરી અને નવા હુન્નર તરફ ડગ માડો. બદલાવ વિના અસંભવનું સંભવ નહીં થાય. ' પાકાં ઘડે કાંઠા ચડે જ' એવી નવી યુક્તીને ચરિતાર્થ કરવા આગળ આવવું પડશે.

એક સ્ત્રી પોતાની જાતને જો અજવાળી શકતી હોય તો તમે અંધારૂ ઓઢીને શું કામ બેઠા છો? 'ઠંડી-ઠંડી' બબડીને ગોદડાની સોળમાંથી જાતને બહાર કેમ ફંગોળતા નથી. નકારાત્મકના કોચલાનો ભુક્કો કરીને જીવનને નવો ધાર આપવા આગળ આવો. જયોતિ રેડ્ડીના પગલે ચાલીને અથવા તેનાથી કંઈક અલગ કરવા માટે પ્રતિબધ્ધ બનો, તમે જ તમારી દીવાદાંડી બનો અને નકારાત્મકના અંધારાને ઊલેચી ઊર્જાને ઉજાસને હસ્તગત કરો.

## બિહારી બાબુ ગુજરાતી વેશભૂષામાં



અભિનેતા રાજન કુમારને આર્ટ કલ્ચર ખૂબ જ પસંદ છે. આ જ કારણ છે કે 1998માં ભારત સરકારે તેમને છાવ ડાન્સ માટે રાષ્ટ્રીય પુરસ્કાર આપ્યો હતો. 2004માં તેમનું નામ લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરવામાં આવ્યું હતું. 2005 માં, તેમનું નામ ચાર્લી ચેપ્લિન-II તરીકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં દાખલ કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય કલાકાર રાજન કુમારના વિશ્વમાં ચાહકો છે. આ વખતે ટેક્સટાઈલ મંત્રાલય ના ઝાંખી પર રાજન કુમાર ગુજરાતી પોશાકમાં જોવા મળશે. ડ્રેસ પહેરતાની સાથે જ તે પાત્રમાં આવી જાય છે. ખૂબ મોટી પાઘડી, રંગબેરંગી પહેરવેશ, કાપડ મંત્રાલયની ઝાંખીને તરત જીવંત કરતા રાજન કુમાર રાજપથને મંત્રમુગ્ધ કરશે. અભિનેતા રાજન કુમાર બિહારના મુંગેર જિલ્લાના છે. મુંગેરના લોકો, બિહારના લોકો અને દેશના લોકો માટે ખુશી અને પ્રેરણાની વાત છે કે આ ઐતિહાસિક દિવસે એક નાનકડા શહેરના એક યુવકને તેની કળા બતાવવા માટે પસંદ કરવામાં આવ્યો છે. રાજન કુમાર દિલ્હી પહોંચી ગયા છે અને 26 જાન્યુઆરીની પરેડની તૈયારી માટે રાજપથ પર સતત દિવસ-રાત કામ કરી રહ્યા છે'

## કેડિયમ...

(છેલ્લા પાનાનું ચાલુ)

પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ઉપરાંત જીપીસીબી નદીઓના પાણીના સેમ્પલ લઇને નિયત સમયમાં ગુણવત્તાની ચકાસણી કરે છે. ગુજરાતમાં મહી, નર્મદા અને સાબરમતી નદીના પાણીના સેમ્પલના પરિણામો પરથી એવા તારણો બહાર આવ્યા છેકે, આ ત્રણેય નદીઓના પાણીમાં ક્રોમિયમ, લેડ, કોપર, ઝિંક, આર્યન, મેંગનીઝ, કોપર જેવા ઝેરી તત્વો ભળેલા છે.આ પાણી લોકોના આરોગ્ય માટે જોખમી પુરવાર થઇ શકે છે.

પ્રદુષિત પાણીને લીધે નદીઓની આસપાસ ખેતીને પણ નુકશાન થઇ રહ્યુ છે તેનુ કારણ એછેકે, મળતિયા ઉદ્યોગપતિઓના ઉદ્યોગો ટ્રિટમેન્ટ વિનાનું હજારો લિટર કેમિકલયુક્ત પાણી નદીઓમાં બેરોકટોક ઠાલવી રહ્યા છે છતાંય જીપીસીપી માત્ર નોટિસો આપીને કાર્યવાહી કર્યાનો દેખાડો કરે છે.

ગટરના જોડાણો પણ ગેરકાયેદસર રીતે જોડી દેવાય છે જેનુ ગંદુ પાણી પણ નદીમાં ઠલવાય છે. આમ, નદીઓનું પાણી પ્રદુષિત થઇ રહ્યુ છે જે આમ જનતાના આરોગ્ય માટે જોખમકારક છે. ઉલ્લેખનીય છે કે સાબરમતી નદી અમદાવાદની જીવાદોરી સમાન ગણાય છે.

## પંજાબ...

(પહેલા પાનાનું ચાલુ)

લોકોએ મત આપ્યા જેમાં 93.3 ટકા લોકોએ ભગવંત સિંહ માનને સીએમ તરીકે પસંદ કર્યા છે. તેમણે કહ્યું કે ભગવંત સિંહ માન મારા નાના ભાઈ જેવા છે. પરંતુ જો હું તેમના નામની જાહેરાત પહેલા કરત તો લોકો આરોપ લગાવત કારણ કે મોટાભાગના લોકો ભાઈ ભત્રીજાવાદ જ કરે છે પણ અમારી પાર્ટીએ સીએમની પસંદગી માટે લોકતાંત્રિક રીત અપનાવી.

દેશના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે જ્યારે કોઈ પાર્ટીએ સીએમના ચહેરા માટે લોકો પાસે અભિપ્રાય માંગ્યા છે. ઉલ્લેખનીય છે કે પંજાબમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનાવવા માટે પણ વોટિંગ કરવામાં આવ્યું હતું અને તેના આધારે જ ભગવંત માનને મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઘોષિત કરવામાં આવ્યા હતા.

અરવિંદ કેજરીવાલે પહેલાં જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ પંજાબમાં સીએમ પદની રેસમાં નથી. પંજાબનો સીએમ ચહેરો શીખ સમુદાયમાંથી જ હશે. 2017માં સીએમ ચહેરો શીખ સમુદાયનો ન હોવાને કારણે AAPને મોટો આંચકો લાગ્યો હતો. વિરોધીઓએ કહ્યું હતું કે બહારથી કોઈ મુખ્યમંત્રી બની શકે છે, જેને કારણે પંજાબી લોકો AAPથી દૂર જતા રહ્યા હતા.

નોંધનીય છે કે, પંજાબમાં 20 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે. અગાઉ 14 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની હતી, પરંતુ રવિદાસ જયંતીને કારણે તેને આગળ કરતાં હવે 20 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે.

## હયાતી...

(છેલ્લા પાનાનું ચાલુ)

ગઈ હતી. પરંતુ દિવસો પસાર થવા લાગ્યા તેમ છતા લોનની ભરપાઈ કરવામાં આવી ન હતી. જેથી આ અંગે મેનેજરે તપાસ કરી તો તેમના કોન્ટેક્ટ નંબર બંધ આવતા હતા. જેથી તેમના ડોક્યુમેન્ટની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતુ કે, ડોક્યુમેન્ટ ખોટા છે એટલું જ નહીં જે ગાડીના નામે ડોક્યુમેન્ટ આપ્યા છે તેવી કોઈ ગાડી છે જ નહીં. જેથી આ પતિ પત્નીએ વાહનના ખોટા ડોક્યુમેન્ટ અને પોતાના ખોટા ડોક્યુમેન્ટ બનાવીને રજુકરીને રૂ.85.13 લાખનો લોન મેળવી ભરપાઈ ન કરી કંપની સાથે છેતરપીંડી કરી છે. નવરંગપુરા પોલીસે મેનેજર ચિરાગ બારોટની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## ગુજરાતનાં...

(છેલ્લા પાનાનું ચાલુ)

નંબર 663 વાળી જમીન વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પર સંપાદન થાય તેમાં વળતરની રકમ ઉચાપત કરાયેલી હોવાની નવસારીમાં ફરિયાદ નોંધાઈ છે.

આ ગંભીર બાબત પર સ્થાનિક ભાજપના કાર્યકરોએ ધ્યાન દોરતા અમે તપાસ કરાવી હતી, જેમાં અમે એમની પાસેથી કાગળો મેળવ્યા. આજે આ ફરિયાદ પછી અલગ-અલગ સર્વે નંબરની કુલ 12 ફરિયાદો સામે આવી છે, જેમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વેના અંતર્ગત જમીન સંપાદનના વળતરની રકમની ઉચાપત થઈ છે. આ અંગેની જાણ જરૂરી સૂચના નવસારીના કલેક્ટરને પણ આપવામાં આવી છે.

સીઆર પાટીલે પણ આ અંગે સ્પષ્ટ ચર્ચા કરીને કહ્યું છે કે, આમાં કોઈપણ પાર્ટીનો વ્યક્તિ સંડોવાયેલો હોય અને

## 'રશિયા...

(પહેલા પાનાનું ચાલુ)

નોંધનીય છે કે રશિયા અને નાટો દેશો વચ્ચે છેલ્લા ઘણા સમયથી સતત તણાવ વધી રહ્યો છે. એવામાં એક બાદ એક નવા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં થોડા સમય પહેલા જ રશિયાએ યુક્રેનમાં રાજધાની કીવમાંથી પોતાની એમ્બેસી ખાલી કરાવી છે. રશિયા જંગમાં પોતાના લોકોને ખતરમાં નાંખવા માંગતુ નથી. બીજી તરફ કેનેડાએ રશિયા સામે યુક્રેનની મદદ માટે પોતાના સૈનિકો મોકલી દીધા છે અને બ્રિટને ઘણી બધી મિસાઈલો યુક્રેનને આપી હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. નોંધનીય છે કે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ બાયડન વચ્ચે આ મુદ્દે લાંબા સમયથી વાતચીત ચાલી રહી છે જોકે અમેરિકા કહી રહ્યું છે કે ચાલુ વાતચીતમાં પણ રશિયાએ યુદ્ધની તૈયારી શરૂ કરી દીધી છે. યુક્રેન કહી રહ્યું છે કે રશિયાની સેના બેલારૂસથી યુક્રેન પર હુમલો કરી શકે છે તેથી અમારી મદદ કરવામાં આવે.

## કોરોના...

(પહેલા પાનાનું ચાલુ)

દર્દીઓને સ્ટીરોઈઇડ આપવાની જરૂર પડે છે. એજીથ્રોમાયસિન દવા સરળ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, કોરોના વધુ ફેલાય નહીં તે માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જરૂરી છે. બિન જરૂરી બહાર ના જાઓ, મેળાવડા ટાળો, લક્ષણો હોય તો ઘરે જ આઈસોલેટ થઈ જાઓ, શરદી ખાંસી થાય તો ઘરમાં માસ્ક પહેરો. પ્રસંગો તો આવ્યા કરશે પણ તેમાં ભીડ ના કરવી જોઈએ.

## ૨૬મીએ...

(પહેલા પાનાનું ચાલુ)

મલિન મનસૂબા સેવી રહ્યા છે. વડાપ્રધાન ઉપરાંત આ આતંકી જૂથ દ્વારા કોઈ અન્ય મહાનુભાવ, કોઈ મહત્વની ઈમારત સ્થળ અને ભારે ભીડ ભાળ વાળી જગ્યાને બનાવી શકે તેમ છે.

જે ચોંકાવનારી માહિતી 9 પાનાંમાં આપવામાં આવી છે તેમાં લશ્કરે તૌયબા, રેસિટન્સ ફોર્સ, જૈશ એ મોહમ્મદ , હરકત ઉલ મુજાહુદ્દિન, હિજબુલ મુજાહુદ્દિન જેવા આતંકી સંગઠનો 26મીએ વડાપ્રધાનને નિશાન બનાવીને તેમના પર હુમલો કરે એવા સનસનાટી ભર્યા ઈનપુટ આઈબીને મળ્યા છે. આ ઉપરાંત પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની જૂથો પણ ફરીથી સંગઠિત થઈ રહ્યા છે અને પંજાબને ફરી એકવાર આતંકના માર્ગે લઈ જવાની ફિરાકમાં હોવાનું પણ આ ઈનપુટમાં જણાવવામાં આવ્યું છે. આઈબી એજન્સીઓને ફેબ્રુઆરી 2021માં એવા ઈનપુટ મળ્યા હતા કે ખાલિસ્તાની આતંકી જૂથ વડાપ્રધાનની કોઈ બેઠક કે તેમના પ્રવાસના સ્થળને નિશાન બનાવી હુમલો કરી શકે છે આ ઈનપુટને જો ધ્યાનમાં લેવામાં આવે તો પંજાબની મુલાકાત વખતે વડાપ્રધાનની સુરક્ષામાં થયેલી ચૂકના તાળા મળે છે અને સમીકરણો પણ એકબીજાની સાથે બંધ બેસે છે.

26મી જાન્યુઆરીના પ્રજાસત્તાકદિન ઉજવણીમાં આ વખતે કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજીકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાન મધ્ય એશિયાના પાંચ દેશોના નેતાઓને ભારતના મહેમાન બનવા આમંત્રિત કરવામાં આવે છે. ભારતની પરંપરા રહી છે કે દર વર્ષે પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં કોઈ વિદેશમાં મહાનુભાવને આમત્રણ આપવામાં આવે છે.

દિલ્હીમાં વડાપ્રધાનની સુરક્ષા સાથે જોડાયેલી એજન્સીઓની સૌથી મોટી ચિંતા એ છે કે, ઈનપટમાં જણાવ્યા પ્રમાણે વડાપ્રધાન પર 26મીએ ડ્રોન દ્વારા હુમલો થઈ શકે તેમ છે. જે સુરક્ષાની દ્રષ્ટિએ અતિ ગંભીર કહી શકાય 26મી રાજધાની દિલ્હીમાં રાજપથ અને તેના આસપાસના વિસ્તારને નો ફ્લાઈ ઝોન જાહેર કરવામાં આવી છે તેવા સમયે જો રાજપથની ઉપર કોઈ શંકાસ્પદ ડ્રોન વગેરે દેખાઈ તો તેને તરંત જ તોડી પાડવા માટે વ્યુહાત્મક સ્થળોએ લશ્કરના સ્નિપર જવાનોને તૈનાત કરવામાં આવશે. નોંધનીય છે કે, થોડાક સમય પહેલા પાંચ જુલાઈ 2021ના રોજ જમ્મુમાં વાયુદળના એર બેસ પર ડ્રોન દ્વારા બોમ્બ હુમલો થયો હતો અને ઈમારતને નુકસાન પહોંચાડવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત પંજાબ સરહદે પાકિસ્તાન દ્વારા ડ્રોનથી શસ્ત્રો અને માદક પર્દાથોનો જથ્થો મોકલાના કિસ્સા બન્યા છે જેમાં આર્મી દ્વારા ડ્રોનને ઉડાવી દેવામાં આવ્યા છે આમ એક રીતે આતંકી જૂથો હવે સ્થળ પર ઉપસ્થિત રહીને પોતાના ટાર્ગેટને ખત્મ કરી દેવાનું જોખમ ઉઠાવાને બદલે ડ્રોનથી હુમલો કરવાની સરળ પદ્ધતિ અપનાવે એજન્સીઓ માની રહી છે. રાજપથની આસપાસની ઉંચી બિલ્ડીંગો અને આકાશમાં નજર રાખવા પુરતી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. રખે ને જો 26મીએ વડાપ્રધાન પર ડ્રોન દ્વારા હુમલો થાય તો તે વખતની તાકીદની પરિસ્થિતિને પોહચી વળવાનું આયોજન પણ એસપીજી અને અન્ય એજન્સી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે આમ તો દર વર્ષે ગણતંત્ર હુમલાની ગોપનીય માહિતી મળતી હોય છે પંરતુ આ વખતે પંજાબમાં જે થયુ અને ખાલિસ્તાની જૂથોની સક્રિયતા, કાશ્મીરમાં આતંકીઓનો થઈ રહેલો સફાયો, ભારતના નંબર 1 દુશ્મન પાકિસ્તાન દ્વારા આતંકી જૂથોને લોજિસ્ટિક સપોટ વગેરેને ધ્યાનમાં લઈ તો આ વખતની ઈનપુટ એટલે કે આઈબી રિપોર્ટને રૂટીન ગણવાને બદલે ખરેખર વડાપ્રધાન પર હુમલો થવાની શક્યાતાને નકારી શકાય નહીં એટલી ગંભીરતાથી નવ પાનાંના રિપોર્ટને મહત્તવ આપાવમાં આવી રહ્યું છે.

ડ્રોન ઉપરાંત કોઈ અન્ય રીતે પણ વડાપ્રધાનને નિશાન બનાવવામાં આવે તે દ્રષ્ટિએ પણ સુરક્ષા એજન્સીઓ આગોતરૂ આયોજન કર્યું છે. આમ 26મીએ વડાપ્રધાન મોદીના જાન પર જોખમ હોવાનું મનાઈ રહ્યું છે 26મીનો ઉજવણીનો પ્રસંગ સાગોપાંગ ઉતરે તે પછી જ સુરક્ષા એજન્સીઓ રાહતનો દમ લેશે અત્યારે તો વડાપ્રધાનની સુરક્ષા સાથે જોડાયેલી એજન્સીઓ નવ પાનાંની ઈનપુટને આધારે કોઈ પણ હિસાબે હુમલાને રોકવા કટિબદ્ધ છે.

## બાંગ્લાદેશી..

(પહેલા પાનાનું ચાલુ)

પોલીસે આ કેસમાં અભિનેત્રીના પતિ અને તેના મિત્ર સહિત 6 લોકોની અટકાયત કરી છે.

મંગળવારે બપોરે ઢાકા પોલીસે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે અભિનેત્રીના પતિ સખાવત, તેના મિત્ર અને ડ્રાઈવરને ત્રણ દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. જે બાદ તેણે ઘરેલું ઝઘડાને કારણે પત્ની રાયમાની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે.

રાયમા તેના પતિ અને બે બાળકો સાથે બાંગ્લાદેશની રાજધાની ઢાકાના ગ્રીન રોડ વિસ્તારમાં રહેતી હતી. શિમુ રવિવારે સવારે માવામાં શૂટિંગ કરવા માટે ઘરેથી નીકળ્યો હતો.

## કોરોના ...

(પહેલા પાનાનું ચાલુ)

ઇમર્જન્સી પ્રોગ્રામ એક્ઝિક્યૂટિવ ડાયરેક્ટર મિશેલ રયાને કહ્યું હતું કે કોરોના મહામારી સામે પહોંચી વળવા માટે સમગ્ર વિશ્વનું રસીકરણ કરવાની જરુર છે. સાથે જ કોઇ પણ લક્ષણો ન જોવા મળે તે પ્રકારના પગલા લેવા જરુરી છે.

સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે આ વર્ષે કોરોના વાઇરસનો અંત નહીં આવે, કદાચ કોરોના વાઇરસનો ક્યારેય પણ અંત નહીં લાવી શકીએ. જોકે આપણે આ વર્ષે પબ્લિક હેલ્થ ઇમર્જન્સીનો આ અંત લાવી શકીએ તેમ છીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થાના ભારતના વડા રોડ્રીકો એચ ઓફ્રીને કહ્યું હતું કે ભારતે પુરા દેશમાં લોકડાઉન કે તેના જેવા પ્રતિબંધોના પગલા ન લેવા જોઇએ. જ્યારે જે વિસ્તારમાં રિસ્ક વધુ હોય ત્યાં પગલા લેવા જોઇએ તેવી સલાહ પણ તેમણે આપી હતી. જ્યારે બાળકોને રસી ત્યારે જ આપવી જોઇએ જ્યારે તેના પર કોઇ સંશોધન કરવામાં આવ્યું હોય તેમ તેમણે કહ્યું હતું.

## લત્તાજી...

(પહેલા પાનાનું ચાલુ)

નિશ્ચિત નથી કરવામાં આવી. લતા મંગેશકરની સારવાર બ્રીજ કેન્ડી હોસ્પિટલમાં ડોક્ટરોની બેસ્ટ ટીમ કરી રહી છે. તેમની તબિયતમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. લતા મંગેશકરને શનિવાર (8 જાન્યુઆરી)ની સાંજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મ્યૂઝિક ક્ષેત્રે તેમના યોગદાનને પગલે તેમને ભારત રત્ન, દાદાસાહેબ ફાલ્કે એવોર્ડ ઉપરાંત અનેક નેશનલ અને ઈન્ટરનેશનલ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સામેલ છે.

## જોબ માટે આ રીતે બનાવી શકશો Resume

બાયોડેટા તૈયાર કરવામાં આ ટિપ્સ કે એપ્સની મદદથી તમારો અડધો ભાર હળવો થઈ જશે. નોકરી મેળવવા માટે સૌથી જરુરી બાબત છે ઇન્ટરવ્યુ પાસ કરવું અને એ માટે જરુરી પરિબળ છે સ્ટ્રોન્ગ Resume. ચાહે એ કોઇપણ વ્યક્તિ હોય, ફ્રેશર કે અનુભવી ઉમેદવાર. ઇન્ટરવ્યુ પાસ કરવા માટે Resumeને ખાસ રીતે તૈયાર કરવો પડે છે. જોકે Resume તૈયાર કરવામાં મોટાભાગના કેન્ડિડેટ મૂંઝવણમાં મૂકાતાં હોય છે. એવામાં રિઝ્યુમ તૈયાર કરવા માટે મહત્વની ટિપ્સ કે એપ્સ મળી જાય તો ઉમેદવારનો ઇન્ટરવ્યુનો અડધો ભાર ઓછો થઇ જાય છે. ગૂગલ પ્લે સ્ટોર પર રિઝ્યુમ બિલ્ડર એપ્સ છે, સ્માર્ટફોનના ઉપયોગથી તમે આકર્ષક અને મજબૂત રિઝ્યુમ બનાવી શકો છો. અહીં વાત થઇ રહી છે 5 બેસ્ટ એન્ડ્રોઇડ એપ My Resume/CV Builder, Make My Resume, My Resume, Resume App અને Super Resume Pro જેવી એપ્સની

### My Resume/CV Builder:

આ એપનો ઉપયોગ કરવો સૌથી સરળ છે. આ એપ રિઝ્યુમ બનાવતાં બેઝિક માહિતી માંગે છે. જાણકારી આપ્યા પછી તમે એ ફોર્મેટની પસંદગી કરી શકો છે જેમાં તમે ફરીથી શરૂ કરવા ઇચ્છો છો. આ એપમાં એક મુશ્કેલી એ છે કે ફરી શરૂ કરવા સુધી પ્રીવ્યૂનું ઓપ્શન નથી મળતું. એપ ઓટોમેટિક PDF ફોર્મેટમાં બનાવેલા રિઝ્યુમને સેવ કરે છે અને જૂની કોપીને પણ એડિટ કરી લે છે.

### Make My Resume

આ એપની સૌથી અલગ વાત એ છે કે તમામ માહિતી આપતાં પહેલા રિઝ્યુમ માટે ટેમ્પલેટ પસંદ કરવાની મંજૂરી આપે છે. આ ખૂબ જ ઉપયોગી ફીચર છે. આ એપનો યૂઝર ઇન્ટરફેસ સારો છે. જ્યારે અન્ય ફીચર્સ બાકીની એપ્સ જેવા જ છે.

### My Resume:

આ એપ પર બેઝિક માહિતી આપવી પડે છે. આ એપમાં ફોન્ટ ટાઇપ, કલર, સાઇઝ અને રિઝ્યુમ તૈયાર કરવા માટે અન્ય ફીચર્સ મળ છે. રિઝ્યુમ તૈયાર કરતી વખતે યૂઝર્સ એ પણ નક્કી કરી શકશે કે રિઝ્યુમ પર સાઇન, લોકેશન અને ડેટ જેવા એલિમેન્ટ નાંખવા છે કે નહીં. બીજી વાર શરૂ કરવા માટે યૂઝર્સ ટેમ્પલેટ કે ફોર્મેટની પસંદગી કરી શકે છે. બીજી વાર શરૂ થવા પર એનો પ્રીવ્યૂ જોઇ શકાય છે.

### Resume App:

આ એપમાં લોગિન કરવા માટે ફેસબુક એકાઉન્ટની જરુર પડે છે. એપના ફંક્શન ઓછા છે. કારણ કે એપ ફેસબુક પરથી જ બેઝિક માહિતી મેળવી લે છે. આ સારો ફીચર છે જેનાથી તમને બીજી વાર માહિતી આપવાની પ્રક્રિયા કરવી પડતી નથી. આ એપમાં 3 ટેમ્પલેટ આપવામાં આવે છે. આ એપનો ઉપયોગ લેટર તૈયાર કરવા માટે પણ થાય છે.

### Super Resume Pro:

આ એપ રિઝ્યુમ બનાવતા પહેલા જ યૂઝરને ટેમ્પ્લેટ પસંદ કરવાનો વિકલ્પ આપે છ. આ સાથે એપ યૂઝરને પોતાની જોબ પ્રોફાઇલના આધારે કેવો રિઝ્યુમ લેઆઉટ પસંદ કરવો જોઇએ એની સલાહ પણ આપે છે. બેઝિક અને જરુરી માહિતી આપ્યા છે યૂઝરનો બાયોડેટા તૈયાર થઇ જાય છે. આ એપ બહુ જ ઉપયોગી છે પણ સૌથી મોટી સમસ્યા એમાં આવતી એડ છે.

# ગામડાંની કે શહેરની સ્ત્રીઓના સૌંદયને વધુ નિખારતી સાડી

## લગ્ન અને શુભ અવસર પર બનારસી સાડી પહેરવી આજે પણ ગર્વનું પ્રતિક

**ભારતીય સાડી એટલે કે એવો પોષાક જેમાં સ્ત્રીનું સૌદર્ય સંપૂર્ણપણે ખીલી ઉઠે.પછી તે ગામડાંની સ્ત્રી હોય કે શહેરની સ્ટાઈલીશ લેડી. દરેક પ હેરવાની રીત અને તેને પહેરીની ચાલવાની છટ કંઈક જૂદી જ હોય છે. સાડી એ ભારતીય સંસ્કૃતિમાં તો એવું પહેરણ છે કે જેને સદીઓ કે યુગો જૂની પરંપરા સાથે જોડવામાં આવે છે. સાડીને ભારતીય સંસ્કૃતિના પહેરવેશના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. ભારતમાં અનેક પ્રકારની સાડીઓ બને છે. ભારતમાં અનેક પ્રકારની સાડીઓ પણ હોય છે. જુદા-જુદા પ્રદેશની સાડીઓ અલગ નામથી ઓળખાય છે અને ખાસ હોય છે.**

ગુજરાત વંદન

### બનારસી સાડી રેશમી

રેશમી અને ઝરીકામથી તૈયાર કરવામાં આવેલી સાડીને બનારસી સાડી કહેવામાં આવે છે. આ બનારસ અને તેની આસપાસના શહેરોમાં બને છે. પ્રાચીનકાળમાં આ સાડીઓમાં સોના-ચાંદીના તારથી કામ થતું હતું. હવે તે મોંઘું પડતી હોવાથી કૃત્રિમ તારોનો ઉપયોગ કરવામાં આવે છે. લગ્ન અને શુભ અવસર પર બનારસી સાડી પહેરવી આજે પણ ગર્વનું પ્રતિક છે. આ બનારસની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે.

### કાંજીવરમ (તમિલનાડુ)

તમિલનાડુના કાંચીપુરમમાં બનનાર રેશમી સાડીને કાંજીવરમ સાડીના નામે ઓળખાય છે. આ સાડીઓને બનાવવામાં શેતૂરના રેશમનો ઉપયોગ કરવામાં આવે છે. જે દક્ષિણ ભારતથી આવે છે તથા જરી ગુજરાતમાંથી આવે છે. આ સાડીઓની બોર્ડર અને પાલવનો રંગ હોય છે અને બાકી સાડી બીજા રંગની હોય છે. તેના ત્રણ ભાગને અલગ-અલગ વણીને એ પ્રકારે તૈયાર કરવામાં છે કે કોઇ સાંધો દેખાતો નથી. તમિલનાડુ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશની મહિલાઓ તેને લગ્ન અને શુભ અવસરો પર પહેરે છે.

### તાંતકી સાડી (પશ્ચિમ બંગાળ)

બંગાળી મહિલાઓ દ્વારા પહેરવામાં આવતી પારંપારિક સાડી તાંત ની સાડીના નામે ઓળખવામાં આવે છે. આ બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના વણકારો દ્વારા વણવામાં આવે છે. તેને બનાવવા માટે સુતરના દોરાનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં જરી અને સુતરનો ઉપયોગ કરવામાં આવે છે. આ મહિન અને પારદર્શી હોય છે. બંગાળમાં ગર્મ જલવાયુ હોવાના કારણે ત્યાંની મહિલાઓ માટે આરામદાયક પરિધાન છે.

### સાંભલપુરી સાડી

આ એક પારંપારિક પરિધાન છે હાથવણાટ દ્વારા તૈયાર કરવામાં આવે છે. સંબલપુર અને તેના આસપાસના વિસ્તારોમાં તૈયાર થાય છે. તેમાં દોરા અને વણાટ વડે પહેલો રંગ તૈયાર કરવામાં આવે છે. તેમાં સામાન્ય રીતે શંખ, ચક્ર, ફૂલ વગેરે હોય છે. મોટાભાગે સફેદ, લાલ, કાળા, વાદળી રંગની હોય છે. આ બાંધકલા (ટાઇ-ડાઇ)ની પારંપારિક શિલ્પકલા માટે પ્રસિદ્ધ છે.

### પૈઠણી (મહારાષ્ટ્ર)

મહારાષ્ટ્રના પૈઠણ શહેરમાં બનતી હોવાથી આ સાડીને પૈઠણીના નામે ઓળખવામાં આવે છે. આ ભારતની મોંઘી સાડીમાંથી એક છે. આ ઉચ્ચકોટિના મહીન રેશમમાંથી



બને છે. તેની વિશેષતા તેના મોરની અનુકૃતિવાલો પાલવ હોય છે. આએક રંગનો તથા બહુરંગી હોય છે. તેમાં સોનેરી તારનો પણ ઉપયોગ થાય છે.

### બાંધણી સાડી

આ બંધેજ સાડીના નામે પણ ઓળખાય છે. આ ગુજરાત અને રાજસ્થાનમાં બને છે. બાંધણીનો અર્થ થાય છે 'બાંધવું'. સાડીને નાના-નાના બંધનમાં બાંધીને રંગબેરંગી

### ચિકનકારી

મુગલો દ્વારા આરંભ કરવામાં આવેલી લખનઉની પ્રાચીન પારંપરિક કઢાઇની કલાને 'ચિકન' કહેવામાં આવ્યું છે. શરૂઆતમાં હાથ વડે સફેદ કપડાં પર ભરતકામ થાય છે. આ ભરતકામની વિશેષતા તેની સાંઇ છે. જેને નફાસત અને કલાત્મક રીતે બનાવવામાં આવે છે. હવે રેશમ, શિફોન, નેટ વગેરે કપડાં પર ચિકેનનું કામ કર્યા પછી રંગીન કપડા પર ભરતકામ થવા લાગે છે. આરામદાયક થવાના કારણે આ સાડી દરેક મહિલાની પસંદ હોય છે.

### બાલૂચરીસાડી

પ્રસિદ્ધ બાલૂચરી સાડી મુર્શિદાબાદ (પશ્ચિમ બંગાળ)માં બને છે. આ સાડીને બનાવવામાં બે લોકોનું કામ હોય છે અને તેને બનાવવામાં 7 થી 10 દિવસ લાગે છે. આ સાડીઓ પર રેશનના મહીન દોરા વડે પૌરાણિક કથાઓના દ્રશ્ય બનાવવામાં આવે છે. વધુ કિંમતી હોવાના કારણે બંગાળની અમીર મહિલાઓ પહેરતી હોય છે હજુ પણ લગ્ન-વિવાદના અવસર પર આ સાડીઓનો ઉપયોગ થાય છે.



# બેસીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે વધુ હિતાવહ

ગુજરાત વંદન

શરીરને સ્વસ્થ અને ફિટ રાખવામાં પાણીનો મહત્વનો રોલ છે. માનવ શરીરમાં પાણીનું પ્રમાણ 50-60 ટકા હોય છે. પાણી શરીરના અંગોની રક્ષા કરવા માટે જરૂરી છે. એ શરીરના કોષો સુધી પોષક તત્વ અને ઓક્સિજન પહોંચાડવાનું પણ કામ કરે છે. સારા સ્વાસ્થ્ય માટે પુરતા પ્રમાણમાં પાણી પીવું જરૂરી છે. જોકે દિવસમાં આઠ ગ્લાસ પાણી પીવું જરૂરી નથી પણ એ યોગ્ય રીતે પીવાય એ પણ જરૂરી છે. સામાન્ય રીતે મોટાભાગના લોકો ઉભા રહીને પાણી પીવે છે પણ આવી આદત શરીરને ફાયદાને બદલે નુકસાન પહોંચાડે છે.

આયુર્વેદ પ્રમાણે જ્યારે આપણે ઉભા રહીને પાણી પીએ છીએ ત્યારે પેટ પર વધારે દબાણ પડે છે કારણ કે ઉભા રહીને પાણી પીવાથી પાણી સીધું ઇસોફેગસ મારફતે પ્રેશર સાથે પેટ સુધી પહોંચે છે. આનાથી પેટ અને પેટની આસપાસની જગ્યા અને પાચનતંત્રને નુકસાન પહોંચે છે. આ સિવાય ઉભાઉભા પાણી પીવાથી શરીરને પાણીથી થતો કોઈ ફાયદો નહીં થાય.

ઉભા રહીને પાણી પીવાથી પાણી પ્રેશર સાથે પેટમાં જાય છે અને તમામ અશુદ્ધિ બ્લેડરમાં જમા થઈ જાય છે. આના કારણે કિડનીને ગંભીર નુકસાન પહોંચે છે. પાણીના પ્રેશરથી શરીરની તમામ બાયોલોજિકલ સિસ્ટમ પર પ્રભાવ પડે છે. આના કારણે સાંધાની સમસ્યા ઉભી થઈ જાય છે. ઉભાઉભા પાણી પીવાથી ફેફસાં પર પણ ખરાબ અસર પડે છે કારણ કે આના કારણે અન્નનળી અને શ્વાસનળીમાં ઓક્સિજનનો સપ્લાય રોકાઈ જાય છે. જો કોઈ વ્યક્તિ હંમેશા ઉભાઉભા પાણી પીતી હોય તો એ વ્યક્તિને ફેફસાંની સાથેસાથે દિલને લગતી બીમારી થવાની પણ સંભાવના રહે છે.

આપણે જ્યારે બેસીને પાણી પીએ છીએ ત્યારે સ્નાયુઓ અને નર્વસ સિસ્ટમ રિલેક્સ રહે છે અને ભોજન પણ બહુ જલ્દી પચી જાય છે. આ કારણોસર હંમેશા બેસીને જ પાણી પીવાનો પ્રયાસ કરવો જોઈએ. આના કારણે પાણીનો ફ્લો ધીમો રહેશે અને શરીરને જરૂરી પોષકતત્વો મળી રહે છે. ઉભાઉભા પાણી પીવાથી તરસ ક્યારેય નથી બુઝાતી કારણ કે પાણી પીધા પછી ફરી તરસ લાગવા માંડે છે. આ કારણે બેસીને જ પાણી પીવું હિતાવહ છે.

# ૧ થી ૩ વર્ષના બાળકો માટે વરદાન છે ચોખાનું ઓસામણ

ગુજરાત વંદન



મોટાભાગના ઘરોમાં દિવસમાં એક વખત લંચ કે ડિનરમાં રાઈસ બને જ છે. તો કેટલાક લોકોને ભાત એટલા પસંદ હોય છે કે તેઓ સવારે અને રાત્રે બંને સમય રાઈસ ખાય છે. આમ તો આજની લાઈફસ્ટાઈલ પ્રમાણે ઘણાં લોકો ભાત પ્રેશર કૂકરમાં પણ બનાવે છે. પણ જો તમારા ઘરમાં એકથી ત્રણ વર્ષનું બાળક છે તો તમારે ભાત કોઈ પેનમાં ખુલ્લા રાંધવા જોઈએ, જેથી ભાતનું ઓસામણ કાઢી શકાય. હવે તમે વિચારતા હશો કે આવું શા માટે, તો જણાવી દઈએ કે ચોખાનું ઓસામણ બાળકો માટે કોઈ વરદાનથી ઓછું નથી. ચોખાનું ઓસામણ વિટામીન બી, સી, ઈ અને કાર્બોહાઈડ્રેટ જેવા પોષક તત્વોથી ભરપૂર હોય છે. આ જ કારણ છે કે આ બાળકો માટે વિવિધ કારણોસર ફાયદાકારક છે. તો આવો તમને ચોખાના ઓસામણના ફાયદા વિશે જણાવીએ જેથી તમે પણ ભાત કૂકરને બદલે પેનમાં બનાવવા લાગશો.

એનર્જી આપે છે ભાતનું ઓસામણ બાળકોને પીવડાવવાથી બોડીમાં એનર્જી આવે છે. ચોખાના પાણીમાં પ્રોટીન, મિનરલ્સ, કાર્બોહાઈડ્રેટ અને એમીનો એસિડ જેવા તત્વો હાજર હોય છે. તે બાળકોને પીવડાવવાથી તેમના શરીરમાં પોષક તત્વો પહોંચે છે, જે એનર્જી વધારવામાં મદદ કરે છે.

**ભાતનું ઓસામણ બાળકોને પીવડાવવાથી બોડીમાં એનર્જી આવે છે**

ડિહાઈડ્રેશનથી બચાવે છે ચોખાનું ઓસામણ બાળકોને ડિહાઈડ્રેશન થવાથી બચાવે છે. વાસ્તવમાં જ્યારે બાળક જમવાનું શરુ કરે છે, તો તેના શરીરમાં પાણી પણ પર્યાપ્ત માત્રમાં હોવું જોઈએ. ઘણી વખત બાળકો પાણી પીવાની ના પાડે છે, તો એવામાં તમે બાળકને ચોખાનું પાણી પીવડાવી શકો છો.

ડાયેરિયાની સમસ્યાથી બચાવે છે બાળકોના પેટમાં દુખાવો અને ડાયેરિયા જેવી મુશ્કેલીઓ રહેતી હોય છે.બાળકોના શરીરમાં પાણીની ઊણપ ન થાય એ માટે તમે તેમને ભાતનું ઓસામણ પીવડાવી શકો છો. તેનાથી ડાયરિયાની સમસ્યા દૂર થશે.

આ રીતે તૈયાર કરો ઓસામણ ઓસામણ તૈયાર કરવા માટે તમે કોઈ પેનમાં ચોખા લો અને તેમાં પાણી નાખીને રાંધવા મૂકો. પછી જ્યારે ભાત રંધાઈ જાય તો તેનું પાણી અલગ કાઢીને કોઈ વાસણમાં મૂકી દો, ઓસામણ તૈયાર છે. હવે તે થોડું ઠંડું થાય ત્યારે તેમાં મીઠું કે ખાંડ મિક્સ કરીને બાળકોને પીવડાવો.

# શરદીમાં રાહત મેળવવા રામબાણ ઈલાજ નાસ



ગુજરાત વંદન

ચોમાસું હોય કે શિયાળા શરદી-ઉંઘરસ થવું એક સામાન્ય વાત છે. શરદી અને ત્વચાની સારવાર, નાસ કે વરાળ લેવું એક સરસ ઉપાય છે. વગર કોઈ સાઈડ ઈફેક્ટના, ઘણા સ્વાસ્થય અને આરોગ્યના ફાયદા તમને જરૂર ખબર હોવી જોઈએ.

શરદી-ખાંસી અને ઉંઘરસ થવાની સ્થિતિમાં વરાળ લેવી એક રામબાણ ઉપાય છે. વરાળ લેવાથી ન માત્ર તમારી શરદી ઠીક થશે પણ ગળામાં થતું કફ પણ સરળતાથી નિકળી જાય છે અને તમને કોઈ પણ રીતની પરેશાની નહી થશે.

ત્વચાની ગંદગીને હટાવીએ અંદર સુધી ત્વચાની સફાઈ કરવા અને ત્વચાને પ્રાકૃતિક ચમક આપવા માટે વરાળ લેવું સારું ઉપાય છે. વગર કોઈ મેકઅપ પ્રોડકટ ઉપયોગ કરી આ ઉપાય તમારી સ્કિનને ગ્લોઈંગ બનાવી શકે છે.

ચેહરાની ડેડ સ્કિન હટાવવા અને કરચલીઓ ઓછી કરવા માટે પણ ભાપ લેવું એક સરળ ઉપાય છે. આ તમારી ત્વચાને તાજગી પણ આપે છે. જેનાથી તમે તાજા રહેશો. ત્વચામાં ભેજ પણ જાણવી રહે છે.

જો ચેહરા પર ખીલ છે, તો ચેહરાને નાસ આપો. તેનાથી રોમછિદ્રમાં જામેલી ગંદગી અને સીબમ સરળથી નિકળી જશે અને તમારી ત્વચા સાફ થઈ જશે.

અસ્થમા જેવી સ્વાસ્થય સમસ્યાઓમાં પણ ભાપ લેવું ફાયદાકારી સિદ્ધ હોય છે. ડાક્ટર્સ એવી પરિસ્થિતિમાં નાસ લેવાની સલાહ આપે છે. જેનાથી દર્દીને રાહતની શ્વાસ મળી શકે.

શિયાળાની સીઝનમાં શરદી-ઉધરસની સમસ્યા બહુ સામાન્ય છે અને હાલ જ્યારે શિયાળો ચાલી રહ્યો છે ત્યારે દર ત્રીજી-ચોથી વ્યક્તિને આપણે આ સમસ્યાથી પીડાતી જોઇ શકીએ છીએ. આવામાં ડોક્ટર પાસે દોડવાને બદલે તમે કેટલાંક સામાન્ય ઘરેલું નુસખા અજમાવીને આ સમસ્યામાંથી મુક્તિ મેળવી શકો છો.

1. ગરમ પાણીમાં થોડું મીઠું નાંખી પાણીના કોગળા કરો, આમ કરવાથી તમારા ગળાને રાહત મળશે.
2. કોફી અને ચા જેવું ગરમ પીણું પીતા રહો. હુંફાળુ પાણી પણ પી શકો છો.
3. ગરમ પાણીમાં હળદરનો પાવડર, આદુનો પાવડર અને એક ચમચી મધ ઉમેરો. આનાથી તમને કફમાં જ રાહત નહીં મળે પણ તમારા શરીરનો દુખાવો, શરદી તેમજ માથાનો દુખાવો પણ દૂર થઇ જશે.
4. શરદી માટે, ગરમ સ્ટીમ અર્થાત્ નાસ લેવો એ સૌથી ફાયદાકારક માર્ગ છે. આ માટે માર્કેટમાં સ્ટીમ મશીન મળે છે અને જો એ ન ખરીદવું હોય તો ઉકળતા પાણીમાં તમે વિક્સ, નિલગિરીનું તેલ કે નાસ લેવાની કેપ્સ્યુલ નાંખીને નાસ લઇ શકો છો. આ પ્રક્રિયા તમને બહુ જલ્દી રાહત આપશે. 5.જ્યારે ચા બનાવતા હોવ ત્યારે તેમાં તુલસીના પાંદડા અને પીસેલું આદુ તેમજ મરી નાંખો, શરદી - ખાંસીમાં આ પીણું તમને સારી એવી રાહત પૂરી પાડશે.
6. શરદી અને ખાંસીથી પીડાતી વ્યક્તિએ ચ્યવનપ્રાશ (આયુર્વેદિક ટોનિક) કે આંબળાનો મુરબ્બો ખાવાનો રાખવો જોઇએ. આમાં વિટામિન સીની ભરપુર માત્રા હોવાથી તમને શરદી-ખાંસી સામે રોગપ્રતિકારક ક્ષમતા મળી રહેશે.

# ઘર બેઠા 'આઈબ્રો'ને ભરાવદાર અને સુંદર બનાવો

**આ ઘરેલું ઉપાયો અપનાવીને, તમારી આઈબ્રો થોડા અઠવાડિયામાં જ જાડી થવા લાગશે અને તેમને ભરાવદાર બનાવવા માટે તમારે આઈબ્રો પેન્સિલની પણ જરૂર નહીં પડે.**

ગુજરાત વંદન



તમારી સુંદરતા વધારવા માટે આંખો મહત્વની ભૂમિકા નિભાવે છે. પરંતુ આંખોની ભવ્યતા વધારવામાં આઇબ્રોનો મોટો ફાળો હોય છે. ઘણી મહિલાઓ મોટાભાગે પોતાની ઓછી અથવા આછી આઇબ્રોને લઇને પરેશાન હોય છે. એવામાં આઇબ્રો પેન્સિલનો ઉપયોગ કરે છે. આ સમસ્યાના કારણે રેગ્યુલર આઇબ્રોઝ સેટ કરવામાં પણ મુશ્કેલી આવે છે. જો તમે પણ આ પરેશાનીમાંથી પસાર થઇ રહ્યા છો તો અમે તમારી સમસ્યાનો ઉકેલ લાવ્યા છીએ.

તમે નીચે જણાવેલ ઘરેલુ ઉપાયો અજમાવો.આ ઘરેલું ઉપાયો અપનાવીને, તમારી આઈબ્રો થોડા અઠવાડિયામાં જ જાડી થવા લાગશે અને તેમને ભરાવદાર બનાવવા માટે તમારે આઈબ્રો પેન્સિલની પણ જરૂર નહીં પડે.

ડુંગળીનો રસ લગાવો જે લોકો આઈબ્રોને જાડી કરવા ઈચ્છતા હોય તેમણે રોજ આઈબ્રો પર ડુંગળીનો રસ લગાવવો જોઈએ. ડુંગળીનો રસ તેમની વૃદ્ધિ સારી રીતે કરશે અને થોડા અઠવાડિયામાં તમને ભરાવદાર આઈબ્રો જોવા મળશે. પેટ્રોલિયમ જેલી લગાવો વેસેલિનની મદદથી પણ આઈબ્રો જાડી કરી શકાય છે. તમે દરરોજ રાત્રે સૂતા પહેલા તમારા આઈબ્રો પર વેસેલિન લગાવો. થોડા અઠવાડિયા સુધી આમ કરતા રહો. વેસેલિન લગાવવાથી માત્ર તમારી આઈબ્રો જાડી થશે એટલું નહિ પણ તે સમયે ચમકશે પણ.

દિવેલ લગાવો એરંડાના તેલને આઇબ્રોના વાળના ગ્રોથ માટે પણ સારું માનવામાં આવે છે અને આ ઓઇલને લગાવવાથી આઇબ્રો ભરાવદાર થઇ શકે છે. તમે ફક્ત 30 મિનિટ માટે આ તેલને તમારા આઈબ્રો પર લગાવો અને ત્રીસ મિનિટ પછી આ તેલ ને સાફ કરી લો ઓલિવ તેલ લગાવો ઓલિવ ઓઈલ વાળના ગ્રોથ માટે સારું છે અને આ ઓઈલ લગાવવાથી આઈબ્રોના વાળને જાડા બનાવી શકાય છે. આ તેલને તમારા આઈબ્રો પર લગાવવા માટે, તમે માત્ર આ તેલના થોડા ટીપાં લો અને આ ટીપાંથી ભમરની માલિશ કરો અને આ તેલને લગભગ 1 કલાક માટે છોડી દો. એક કલાક પછી, પાણીની મદદથી તમારો ચહેરો સાફ કરી લો

**દિવેલ લગાવો એરંડાના તેલને આઇબ્રોના વાળના ગ્રોથ માટે પણ સારું માનવામાં આવે છે અને આ ઓઇલને લગાવવાથી આઇબ્રો ભરાવદાર થઇ શકે છે.**

નાળિયેર તેલ લગાવો આઈબ્રોના વાળ નાળિયેર તેલથી પણ વધારી શકાય છે જે જેનાથી ભરાવદાર આઈબ્રો થઇ શકે છે.ફક્ત નાળિયેર તેલના થોડા ટીપાં લો અને તેની સાથે તમારી આઈબ્રો પર થોડી મિનિટો માટે મસાજ કરો. આ તેલની માલિશ કર્યા પછી, 15 મિનિટ માટે આ રીતે આઈબ્રો ને છોડી દો અને 15 મિનિટ પછી તેને સાફ કરો. દૂધ લગાવો કુદરતી રીતે ભરાવદાર આઈબ્રો દૂધનો ઉપયોગ કરીને પણ મળી શકે છે.

તમે માત્ર દૂધમાં રૂ નાખો અને પછી આ રૂ તમારા આઈબ્રો પર લગાવો.આઈબ્રો પર દૂધ લગાવ્યાના 15 મિનિટ પછી, તમે તેને સાફ કરો. ઉપરોક્ત કોઈપણ ટિપ્સ અપનાવીને, તમે માત્ર થોડા અઠવાડિયામાં તમારી આઈબ્રો જાડી કરી શકો છો.બીજી બાજુ, જો તમે જલ્દીથી તમારી આઈબ્રો જાડી કરવા માંગો છો, તો પછી ઉપર જણાવેલ બધી વસ્તુઓ ફક્ત રાત્રે જ લાગુ કરો અને તેને સવાર સુધી તમારી આઈબ્રો પર છોડી દો. આમ કરવાથી તમારી આઈબ્રો જલ્દી થી જાડી થઈ જશે.

# રોહિત શર્મા ટેસ્ટ ટીમની કમાન સંભાળશે!



ગુજરાત વંદન

વિરાટ કોહલીની આગેવાનીમાં સાઉથ આફ્રિકાની સાવ સાધારણ કહી શકાય તેવી ટીમ સામે ભારતીય ટીમે ટેસ્ટમાં 1-2થી સીરીઝ ગુમાવી છે જેના એક દિવસ બાદ શનિવારે કોહલીએ કેપ્ટન તરીકે અચાનક જ ટેસ્ટ ટીમમાંથી રાજીનામું આપવાનો નિર્ણય જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે ત્યારે હવે સવાલ એ સર્જાઈ છે કે, ટેસ્ટ ટીમની કમાન કોણ સંભાળશે? જેમાં સૌથી વધુ પ્રબળ દાવેદાર રોહિત શર્મા-ઓપનર કેએલ રાહુલ અને વિકેટકીપર ઋષભ પંતનું નામ કેપ્ટનશિપ તરીકે ચર્ચાઈ રહ્યું છે.

ભારતના સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીએ શનિવારે અચાનક જ ટેસ્ટ ટીમમાંથી રાજીનામું આપવાનો નિર્ણય જાહેર કરીને બધાને ચોંકાવી દીધા હતા. ગયા વર્ષે નવેમ્બરમાં તેણે ટી20 ફોર્મેટની કેપ્ટન્સી છોડી દીધી હતી. બીસીસીઆઈએ મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં માત્ર એક જ કેપ્ટન રાખવાના હેતુથી વન્ડે ટીમની કમાન તેમની પાસેથી છીનવી લીધી હતી. પરંતુ અત્યારે તેનો ટેસ્ટ ફોર્મેટમાં કેપ્ટન બદલવાનો કોઈ ઈરાદો નહોતો. પરંતુ હંમેશા પોતાના નિર્ણયોથી ચોંકાવનારા વિરાટે આ વખતે ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડીને બધાને ચોંકાવી દીધા હતા. આ સાથે ભારતીય ક્રિકેટની કેપ્ટન્સીના ઈતિહાસમાં એક યુગનો અંત આવી ગયો હતો. કોહલીએ ભારતીય ટેસ્ટ ક્રિકેટના સૌથી સફળ કેપ્ટન તરીકે વિદાય લીધી છે.

તેના સાત વર્ષના કાર્યકાળમાં ભારત કુલ 68 ટેસ્ટ રમ્યું હતુ, જેમાંથી 40માં ભારતનો વિજય થયો હતો જ્યારે 17 મેચમાં ભારત હાર્યું હતુ અને 11 ટેસ્ટ ડ્રો થઈ હતી.

કોહલી અગાઉ ભારતનો સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની હતો. જેના સાત વર્ષના કાર્યકાળમાં ભારત 60 ટેસ્ટ રમ્યું હતુ, જેમાંથી 27માં ટીમ ઈન્ડિયાનો વિજય થયો હતો. જ્યારે 18 ટેસ્ટમાં ભારત હાર્યું હતુ અને 15 ટેસ્ટ ડ્રો રહી હતી. કોહલીના વિનિંગ પર્સન્ટેજ 58.82 છે. જ્યારે ધોનીનો વિનિંગ પર્સન્ટેજ 45.00નો હતો.

### કોણ સંભાળશે ટીમ ઈન્ડિયાની ટેસ્ટની કમાન

રોહિત શર્માએ IPLમાં પોતાની કેપ્ટનશિપ માટે સારું પ્રદર્શન કર્યું છે. તે આ લીગમાં રેકોર્ડ 5 ટાઈટલ જીતનાર કેપ્ટન છે. મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં, તે લાંબા સમયથી વિરાટ કોહલી સાથે વાઇસ-કેપ્ટનની ભૂમિકા ભજવી રહ્યો હતો.સાઉથ આફ્રિકા સિરીઝ પહેલા અજિંક્ય રહાણે પાસેથી વાઈસ કેપ્ટનશિપ છીનવીને રોહિત શર્માને ટેસ્ટ ટીમનો વાઈસ કેપ્ટન પણ બનાવવામાં આવ્યો હતો. જોકે, રોહિત શર્મા ઈજાના કારણે આ પ્રવાસનો ભાગ બની શક્યો નથી. પરંતુ વાઇસ કેપ્ટન્સી મળ્યા બાદ તેને આ જવાબદારી મળે તેવી ઘણી શક્યતાઓ છે. નોંધનીય છે કે, રોહિત શર્મા અત્યારે ટ્વેન્ટી ટ્વેન્ટી અને વન્ડે ક્રિકેટમાં કેપ્ટન જ્યારે ટેસ્ટ ટીમમાં વાઈસ કપ્તાનની જવાબદારી સંભાળી રહ્યો છે.



### કેએલ રાહુલ

યુવા બેટ્સમેન કે.એલ રાહુલ છેલ્લા કેટલાક સમયથી ભારતીય ટીમ માટે દરેક સ્થિતિમાં તૈયાર દેખાઈ રહ્યો છે. તેણે ટીમ ઈન્ડિયા માટે વિકેટકીપિંગની જવાબદારી પણ સંભાળી છે, તાજેતરમાં તે ટેસ્ટ, T20 અને ODI ત્રણેય ફોર્મેટમાં સેટ થયો છે અને ભારત માટે ઉપયોગી ઇનિંગ્સ રમી રહ્યો છે.રોહિત શર્માની સાથે કેએલ રાહુલને પણ મર્યાદિત ઓવરનો વાઇસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે પસંદગીકારોએ તેને વાઇસ કેપ્ટનની જવાબદારી સોંપ્યા પછી પણ રોહિત દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. આવી સ્થિતિમાં BCCI અને પસંદગીકારો મળીને રાહુલ વિશે વિચારી શકે છે.

### ઋષભ પંત વિશે પણ વિચારી શકાય

ઘણા ક્રિકેટ-નિષ્ણાતો ઋષભ પંતને ભવિષ્યનો કેપ્ટન માની રહ્યા છે. પંતે ગયા વર્ષે IPL 2021માં પોતાની મજબૂત કેપ્ટનશિપથી બધાને પ્રભાવિત કર્યા હતા. તેણે 16 મેચમાં કેપ્ટનશિપ કરતા 10 મેચ જીતી હતી, જ્યારે ટીમને 6 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. પંત ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો મહત્ત્વપૂર્ણ સભ્ય છે અને કેપ્ટનશિપના મામલે ઉંમર પણ તેને સાથ આપે છે. ઋષભ અત્યારે માત્ર 24 વર્ષનો છે. ઋષભ પંતને હવેથી ભવિષ્ય માટે કેપ્ટન તરીકે તૈયાર કરી શકાય છે.


રસી નહીં લેવાની જિંદ જોકોવિચને ભારે પડી

## ટેનિસ સ્ટાર માટે ઓસ્ટ્રેલિયા બાદ ફ્રેન્ચ ઓપનમાં પણ 'નો એન્ટ્રી'

ગુજરાત વંદન

વિશ્વના નંબર 1 ટેનિસ સ્ટાર જોકોવિચને કોરોનાથી સુરક્ષિત રહેવા રસી નહી લેવાનું ભારે પડી રહ્યું હોય તેમ ઓસ્ટ્રેલિયા બાદ બવે ફ્રાંસ માટે પણ નો એન્ટ્રી કહી દેવામાં આવી છે દેખીતી રીતે તેનાથી આ ટેનિસ સ્ટારને આર્થિક અને સમાજીક નુસન થવાની શક્યતા જોવામાં આવી રહી છે. નોંધનીય છે કે, 2022ના વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનથી બહાર થવાનો વારો આવ્યો છે ત્યારે ફ્રેન્ચ ઓપનથી બહાર થવાનો ખતરો જોકોવિચના માથે મંડરાઈ રહ્યો છે.

વિશ્વના નંબર વન ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને કોરોના વિરોધી વેક્સિન ન લેવાના કારણે ઓસ્ટ્રેલિયાથી તગેડી મૂકવામાં આવે તેવો ચુકાદો ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટે આપ્યો છે જેના પગલે હવે તે સોમવારથી શરૂ થઈ રહેલી સિઝનની સૌપ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશિપમાં ભાગ નહીં લઈ શકે. વેક્સિન વિના જોકોવિચને ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ ન આપવાના ઓસ્ટ્રેલિયન સરકારના નિર્ણય સામે કોર્ટ કેસ જીતી ગયેલા યોકોવિચના વિઝા ઈમિગ્રેશન મંત્રીએ તેમના સ્પેશિયલ પાવરનો ઉપયોગ કરીને રદ કર્યા હતા. જેની સામે યોકોવિચે ફરી અપીલ કરી હતી. જોકે ફેડરલ કોર્ટના ત્રણ જજીસની બેન્ચે એકમતથી ઈમિગ્રેશન મંત્રીના નિર્ણયને યોગ્ય ઠેરવતા યોકોવિચનું ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લેવાનું સ્વપ્ન રોળાઈ ગયું હતુ, જેમાં તેને ટોપ સીડ જાહેર કરવામાં આવ્યો હતો. યોકોવિચે ફેડરલ કોર્ટના ચુકાદાને અત્યંત નિરાશાજનક ગણાવ્યો હતો .



### 21માં ગ્રાન્ડ સ્લેમનો ઈંતજાર લંબાયો

સર્બિયન ખેલાડી નવ વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતી ચૂક્યો છે અને આ વખતે તેને 10મી વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાની તક હતી તે રેકોર્ડ 21મું ગ્રાન્ડ સ્લેમ જીતીને સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતવાનો ફેડરર-નડાલનો રેકોર્ડ પણ તોડી શકે તેમ હતો. જોકે, હાલ તેની સંભાવના સમાપ્ત થઈ ચૂકી છે. ફ્રાન્સે તો યોકોવિચને વેક્સિન લીધા વિના ફ્રેન્ચ ઓપનમાં રમવા દેવાની છુટ આપી છે. જોકે બ્રિટનની સરકાર તેને વિમ્બલ્ડનમાં રમવા દે છે કે કેમ તે જોવાનું રહેશે.

## ગુજરાતનું ગૌરવ : ૧૬ વર્ષીય તસનીમ મીર જુનિયર બેડમિન્ટનમાં બની વર્લ્ડ નંબર વન

### મહેસાણાની દીકરીએ વિશ્વમાં ભારતનું નામ કર્યું રોશન

ગુજરાત વંદન

રમત-ગમત ક્ષેત્રે ગુજરાત માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતની બેડમિન્ટન ખેલાડી તસનીમ મીરે વર્લ્ડ બેડમિન્ટનના અંડર-19 ગર્લ્સ સિંગલ્સ રેન્કિંગમાં નંબર વનનું સ્થાન મેળવી સમગ્ર વિશ્વમાં દેશ સહિત ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. બુધવારના રોજ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન તરફથી અંડર 19 માટે રેન્કિંગની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં તસનીમ 10,810 પોઈન્ટ સાથે પ્રથમ ક્રમાંક પર હતી.

મહેસાણાની બેડમિન્ટન ખેલાડી તસનીમ મીરે આંતરરાષ્ટ્રીય સ્તરે જુનિયર ખેલાડી તરીકે વિશ્વ રેન્કિંગમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરી નવો ઈતિહાસ રચ્યો છે. તસનીમ મીર મહેસાણાના પોલીસકર્મીની પુત્રી છે. આ સાથે તે જુનિયર ગર્લ્સ સિંગલ્સમાં ટોચનું સ્થાન મેળવનારી સૌપ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.



તસનીમે જણાવ્યું કે, કોરોનાના કારણે ટુર્નામેન્ટ્સને અસર થઈ રહી છે, જેના કારણે મને અપેક્ષા નહતી કે, હું ટોચ પર પહોંચી શકશી. મેં ગત વર્ષે બલ્ગેરિયા, ફ્રાન્સ અને બેલ્જીયમમાં ટુર્નામેન્ટ જીતી હતી. જેના કારણે મને રેન્કિંગમાં ફાયદો થયો છે. મારું ધ્યાન સિનિયર્સના રેન્કિંગમાં સુધારો કરવા તરફ છે. હાલમાં તે વિમેન્સ સિંગલ્સમાં 602માં સ્થાને છે.

નોંધનીય છે કે, સાઈના નેહવાલ અને પીવી સિંધુ પણ આ સિદ્ધિ હાંસલ કરી શક્યા ન હતા. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા વર્ષ 2011માં જૂનિયર રેન્કિંગ આપવાની શરુઆત કરવામાં આવી જેથી સાઈના તેમાં સામેલ નથી થઈ શકી. સિંધુ જૂનિયર કેટેગરીમાં વર્લ્ડ નંબર 2 સુધી પહોંચી શકી હતી. હવે તસનીમ મીરે નંબર વન બનીને માત્ર ગુજરાતનું જ નહીં દેશનું પણ નામ રોશન કર્યું છે. 16 વર્ષની તસ્નીમે ગત વર્ષે 3 ટાઈટલ્સ જીત્યા હતા અને આ સાથે તેણે વર્લ્ડ રેન્કિંગમાં 3 સ્થાનની છલાંગ લગાવતા ટોચનો ક્રમ મેળવી લીધો હતો. તસનીમે વર્ષ 2017માં ફુલેલા ગોપીચંદ એકેડમીથી તાલીમની શરુઆત કરી હતી. તસનીમના મિક્સ્ડ ડબલ્સ પાર્ટનર અયાન રશિદની તાલીમ ગુવાહાટીમાં અસમ બેડમિન્ટન એકેડમીમાં થતી હોવાને કારણે તસનીમે પણ 2020થી ત્યાં તાલીમ મેળવવાનો નિર્ણય લીધો હતો.

## IPL-2022 આફ્રિકા- શ્રીલંકામાં રમાડવાની BCCIની રણનીતિ

ગુજરાત વંદન

ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટની સૌથી લોકપ્રિય ઈન્ડીયન પ્રીમિયર લીગ IPL-15માં સૌ પ્રથમ વાર બે નવી ટીમો અમદાવાદ-લખનઉ સહિત કુલ 10 ટીમો ભાગ લઈ રહી છે પણ બીજી બાજુ દેશમાં કોરોના વાયરસના કેસો મોટો ઉછાળો આવી રહ્યો છે જેના પગલે BCCI હવે IPLના પ્લાન B અંગે વિચાર કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટના આધારે જો એપ્રિલ સુધી કોરોનાના કેસ આવી રીતે જ વધતા રહેશે તો IPL-15નું આયોજન દક્ષિણ આફ્રિકા અથવા શ્રીલંકામાં થઈ શકે છે. નોંધનીય છે કે, ભારતમાં કોરોનાના વધતા જતા કેસના કારણે જ IPLની છેલ્લી 2 સીઝનનું આયોજન UAEમાં કરાયું હતું. તેવામાં IPL 2021માં મળેલા બોધપાઠને બોર્ડ ક્યારેય નહીં ભૂલે અને હવે ગેમને 2 ફેઝમાં યોજવી પડે તેવું રિસ્ક BCCIલે એમ લાગતું નથી.

T20 વર્લ્ડ કપ 2021 પણ ભારતમાં યોજાવાનો હતો, પરંતુ કોરોનાના કારણે UAEને વર્લ્ડ કપનું યજમાન બનાવવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ, BCCI



અધિકારીએ કહ્યું છે કે 'અમે હંમેશા UAE પર ભરોસો ન કરી શકીએ. આપણે બીજા વિકલ્પો શોધવા પડશે. દક્ષિણ આફ્રિકા અને ભારતના સમય વચ્ચેનો તફાવત પણ ખેલાડીઓ અને ક્રિકેટ ફેન્સને ઘણો અનુકૂળ આવશે.

ભારત દક્ષિણ આફ્રિકાના સમય કરતાં 3 કલાક 30 મિનિટ આગળ છે. આફ્રિકામાં સાંજે 5 વાગ્યે પહેલો બોલ ફેંકવામાં આવે તો ભારતમાં 8.30 વાગ્યાનો સમય થશે. આ પ્રસારણ સમયને પણ અસર કરશે નહીં. આ કારણે દક્ષિણ આફ્રિકા BCCIના પ્લાન-Bમાં સૌથી આગળ છે. BCCIના અધિકારીના જણાવ્યા અનુસાર, આફ્રિકા બોર્ડે ભારત A અને દક્ષિણ આફ્રિકા A વચ્ચેની સિરીઝનું શાનદાર આયોજન કર્યું હતું. આખી સિરીઝ દરમિયાન એક પણ કોરોના કેસ નોંધાયો નથી. તે જ સમયે, જ્યારથી વિરાટ કોહલીની ટીમ આફ્રિકા પહોંચી છે. આફ્રિકન બોર્ડે તેમના માટે બધી જ વ્યવસ્થા સારી કરી છે.

અધિકારીએ કહ્યું કે ટીમ બીજી ટેસ્ટ માટે જ્યાં રોકાઈ હતી તે જગ્યા ઘણા એકરમાં ફેલાયેલી હતી. ત્યાં એક તળાવ પણ હતું, જેથી ખેલાડીને બાયોબબલમાં બંધ બારણે હોય તેવો અનુભવ પણ થયો નહોતો. IPL 2009માં લોકસભા ચૂંટણીને કારણે દક્ષિણ આફ્રિકામાં શિફ્ટ કરવામાં આવી હતી. આઈપીએલ 2022 માટે બીસીસીઆઈના પ્લાન બીમાં દક્ષિણ આફ્રિકાનું નામ પણ મોખરે છે કારણ કે તાજેતરની શ્રેણી ત્યાં સફળતાપૂર્વક સમાપ્ત થઈ છે. પછી તે ભારત A ટીમનો પ્રવાસ હોય કે સિનિયર ટીમ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણી. આ બંને શ્રેણીની સફળતાએ BCCIને UAEને બદલે દક્ષિણ આફ્રિકા વિશે વિચારવા મજબૂર કરી દીધું છે.

## શું રહાણે-પુજારાના ટેસ્ટ કરિયર પર પૂર્ણવિરામ મુકાશે?

### પુજારા-રહાણેના ટેસ્ટ કરિયર પર લટકતી તલવાર

ગુજરાત વંદન

ભારતનો સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણીમાં 1-2થી પરાજય થયો છે અને શનિવારે વિરાટ કોહલીએ ટેસ્ટમાંથી કેપ્ટન પદેથી પણ રાજીનામું આપી દીધુ છે. ત્યારે હવે ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણનો છેલ્લા ઘણા સમયથી ફ્લોપ શો જારી છે જેના પગલે હવે નવા કેપ્ટન સાથે ટીમ ઈન્ડિયામાં મોટા ફેરફારો થવાની સંભાવના છે. એવું માનવામાં આવે છે કે ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેની જગ્યા જોખમમાં છે અને તેમની જગ્યાએ યુવા બેટ્સમેનોને તક આપવામાં આવી રહી છે. બંને અનુભવી બેટ્સમેનો સતત નિષ્ફળ જઇ રહ્યા છે. તેઓને એક બાદ એક મોકા અપાતા ગયા પરંતુ હવે હાલની પરિસ્થિતીને જોતા આ બંને ખેલાડીઓને માથે લટકતી તલવાર થઇ ચુકી છે. શક્ય છે તેઓને શ્રીલંકા સામેની ઘર આંગણાની સિરીઝથી જ પડતા મૂકવામાં આવી શકે છે.

આ સિરીઝ 25 ફેબ્રુઆરીથી બેંગલુરુમાં શરૂ થનારી છે, જેમાં રોહિત શર્મા પણ જોવા મળશે. સમાચાર એજન્સીના મુજબ ભારત શ્રીલંકા સામે તેમના ઘરે 2 ટેસ્ટ મેચની શ્રેણી દરમિયાન શુભમન ગિલ અને હનુમા વિહારીને તક આપી શકે છે. ગિલ મોટાભાગે ઓપનર તરીકે રમ્યો છે પરંતુ એકવાર તે ઈજામાંથી સાજો થઈ જાય અને પોતાને ઉપલબ્ધ કરાવે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો તેને મધ્યમક્રમના નિષ્ણાત બેટ્સમેન તરીકે પસંદ કરશે.

પૂજારા અને રહાણેનું રાષ્ટ્રીય ટીમમાંથી બહાર થવું નિશ્ચિત છે. જો કોચ રાહુલ દ્રવિડ સિલેક્શન કમિટીને કહે કે બંને આઉટ ઓફ ફોર્મ બેટ્સમેનોને છેલ્લી તક આપે તો જ તેઓ પોતાનું સ્થાન બચાવી શકશે. પરંતુ જો આવું થશે તો તે તમામ પ્રતિસ્પર્ધી યુવાનોને ચોક્કસપણે નિરાશ કરશે જેઓ તેમની કારકિર્દીમાં યોગ્ય સમયે તક ન મળવાને કારણે નિરાશા અનુભવી શકે છે.

### રહાણેનું નિરાશાજનક પ્રદર્શન જારી



અજિંક્યે રહાણે માટે દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી ખરાબ રહી નથી. આ પહેલા તે ઈંગ્લેન્ડ સામેની બે શ્રેણી અને ન્યુઝીલેન્ડ સામેની એક શ્રેણીમાં પણ એકેય સદી ફટકારી શક્યો ન હતો. રહાણેની છેલ્લી સદી 26 ડિસેમ્બર 2020ના રોજ મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામે ફટકારી હતી એટેલ કે, 383 દિવસ સુધી સદી ફટકારી નથી. રહાણે ઓસ્ટ્રેલિયા સામે વર્ષ 2013માં દિલ્હી ટેસ્ટમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી. 82 ટેસ્ટ મેચ અત્યાર સુધીમાં રમી ચુક્યો છે આ દરમિયાન 140 ઇનીંગ રમીને 4931 રન નોંધાવ્યા છે.

### પૂજારાએ છેલ્લી સદી ૨૦૧૯માં ફટકારી હતી

ચેતેશ્વર પૂજારાની વાત કરીએ તો તેણે દક્ષિણ આફ્રિકા સામે ત્રણ ટેસ્ટની છ ઇનિંગ્સમાં 124 રન બનાવ્યા હતા. તેની એવરેજ રહાણેથી પણ નીચે હતી. પૂજારાએ 20.67ની એવરેજથી રન બનાવ્યા. આ દરમિયાન તેણે અડધી સદી ફટકારી હતી. પૂજારાએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘણી યાદગાર ઇનિંગ્સ રમી છે, પરંતુ તે એક પણ સદી ફટકારી શક્યો નથી. તેણે છેલ્લી સદી ઓસ્ટ્રેલિયા સામે 3 જાન્યુઆરી 2019ના રોજ સિડનીમાં ફટકારી હતી. તેણે 1106 દિવસથી એક પણ સદી ફટકારી નથી. પુજારાએ પોતાની ટેસ્ટ કરિયરની શરુઆત વર્ષ 2010 ઓસ્ટ્રેલિયા સામે બેંગલુરુ ટેસ્ટમાં કરી હતી. આ દરમિયાન તેણે 95 ટેસ્ટ મેચ રમી ચુકેલ પુજારાએ 162 ઇનીંગમાં 6713 ટેસ્ટ રન નોંધાવ્યા છે. પુજારાના નામે બે બેવડી સદી નોંધાયેલી છે. જે તેણે એક ઓસ્ટ્રેલિયા (204) સામે અને બીજી ઇંગ્લેન્ડ (206 અણનમ) સામે નોંધાવી હતી.



મહારાષ્ટ્રમાં વર્ધાની ખાનગી હોસ્પિટલ નજીક

# માનવ ખોપડીઓ-નરકંકાલ મળી આવતા ચકચાર

**હોસ્પિટલમાં ગેર-કાયદેસર રીતે ગર્ભપાત કરાતો હોવાની આશંકા**




ગુજરાત વંદન

મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં નિઠારી કાંડની યાદો તાજી થાય તેવી ઘટના બની છે. વર્ધાના અરવી શહેરમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાંથી માનવ કંકાલ અને ખોપડીઓ મળી આવ્યા છે. આ કંકાલ અને ખોપડીઓ ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરવામાં આવ્યો હોય તેવા ભ્રૂણની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટના સામે આવ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી દીધી છે પરંતુ આ કંકાલ કોના છે તે નથી શોધી શકાયું. આ ઘટના કદમ હોસ્પિટલની છે. ગેરકાયદેસર ગર્ભપાત મામલે તપાસ કરવા માટે પહોંચેલી પોલીસે જ્યારે બાયોગેસ પ્લાન્ટની તપાસ કરી તો સૌના હોંશ ઉડી ગયા હતા. આ પ્લાન્ટમાંથી પોલીસને 1-2 નહીં પણ 11 માનવ ખોપડીઓ મળી હતી. તે સિવાય 56 ભ્રૂણના હાડકાં પણ મળ્યા હતા.

પોલીસે હોસ્પિટલમાંથી સોનોગ્રાફી મશીનના કાગળ જપ્ત કરી લીધા છે. પોલીસ દ્વારા મળતી માહિતી પ્રમાણે 13 વર્ષીય બાળકીનો ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરવાના આરોપસર હોસ્પિટલના ડોક્ટર રેખા કદમ અને એક નર્સની પણ ધરપકડ કરવામાં આવી છે.

હકીકતે હોસ્પિટલે 30 હજાર રૂપિયા લઈને એક 13 વર્ષીય ગર્ભવતી સગીરાનો ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરાવી આપ્યો હતો. આ વાતને લઈ પીડિત છોકરી અને આરોપી છોકરાના પરિવારજનો વચ્ચે ઝગડો થયો હતો. આ ઝગડો પોલીસ સુધી પહોંચ્યો હતો અને કાર્યવાહી દરમિયાન પોલીસે હોસ્પિટલમાં છાપો માર્યો હતો. હાલ હોસ્પિટલના ડોક્ટર ઉપરાંત આરોપી એવા સગીર યુવક અને તેના માતા-પિતાની ધરપકડ કરવામાં આવી છે.

આ ચોંકાવનારા ખુલાસા બાદ પોલીસ તપાસ દરમિયાન મળી આવેલા નરકંકાલની ઓળખ શોધવા પ્રયત્ન કરી રહી છે. પોલીસના કહેવા પ્રમાણે તમામ નરકંકાલને મેડિકલ પરીક્ષણ માટે મોકલી દેવામાં આવ્યા છે. આ સાથે જ એ પણ શોધવામાં આવી રહ્યું છે કે, હોસ્પિટલમાં તે ભ્રૂણનો કાયદેસર ગર્ભપાત થયો હતો કે ગેરકાયદેસર રીતે.

લોકડાઉનના તનાવે બ્રિટનવાસીઓને નશાના રવાડે ચડાવ્યા

# સપ્તાહમાં ૧૪ યુનિટના બદલે ૫૦ યુનિટ કરાતા શરાબનું સેવન વધ્યું

ગુજરાત વંદન



**મહામારી પહેલાં ૨૦૧૯માં બ્રિટનમાં ૬ મિલિયન લોકો શરાબ પીતા હતા, તેની સંખ્યા વધીને ૮ મિલિયન થઈ**

કોરોનાએ માત્ર શારીરિક મુસીબત નથી ઉભી કરી, કોરોનાને પગલે આવેલા લોકડાઉને અનેક પ્રકારની મુસીબતો ઉભી કરી છે. બ્રિટનમાં લોકડાઉનના કારણે ઉદ્ભવેલા તનાવથી મુક્તિ મેળવવા લોકો નશાના રવાડે ચડી ગયા છે. અહીં શરાબ સેવનનું ચોંકાવનારું પ્રમાણ વધી ગયું છે. તાજેતરમાં થયેલા સંશોધનમાં એવો ખુલાસો થયો છે કે કોરોના મહામારી દરમિયાન શરાબનું વેચાણ વધી ગયું હતું. આથી બ્રિટનના લાખો લોકો નશાની આદતમાં પડી ગયા હતા. અધ્યયનમાં જણાવાયું હતું કે લોકડાઉને સમાજમાં હાનિકારક અસર પડી છે

લંડનના રોયલ કોલેજ ઓફ સાઈકિયાટ્રિસ્ટના અધ્યક્ષ અને મનો ચિકિત્સક પ્રો.જુલિયા સિંકલેરે જણાવ્યું હતું કે કોરોના સંક્રમણને લઈને દેશભરમાં લાગુ લોકડાઉને લોકોને ઘરમાં કેદ કરી દીધા છે. તેમનું માનવું છે કે લોકડાઉને દેશમાં શરાબનું વેચાણ વધારી દીધું છે. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય દિવસોમાં લોકો શરાબ પીવા માટે પબ વગેરે જગ્યાએ જતા હતા, અહીં કલાકોનો સમય લાગી જતો હતો, આથી ઘણીવાર લોકો સમયના અભાવે થોડો શરાબ પીને ચાલતી પકડતા હતા. પણ લોકડાઉનના કારણે તેમને ઘેર જ શરાબ પીવાનો પર્યાપ્ત મોકો અને સમય મળ્યો હતો. સંશોધકોએ જણાવ્યું હતું કે, અભ્યાસમાં શરાબ પીવાની સમસ્યાનું આકલન કરવા માટે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દ્વારા વિકસીત ઓડિટ નામના સ્કોરનો ઉપયોગ કર્યો હતો.

સપ્તાહમાં 50 યુનિટનું કરે છે સેવન એનએચએસ અનુસાર વયસ્ક લોકો દર સપ્તાહે 14 યુનિટથી વધુ શરાબનું સેવન નથી કરી શકતા પણ લોકડાઉન દરમિયાન આ આંકડો દર સપ્તાહે 50 યુનિટ સુધી પહોંચી ગયો હતો. દર સપ્તાહે 50 યુનિટ શરાબનું સેવન સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે.

## બ્રિટનમાં કોરોના સંક્રમિત માટે હવે હોમ આઈસોલેશન ફરજીયાત નહી: રીપોર્ટ

ગુજરાત વંદન

વિશ્વમાં કોરોના અને ખાસ કરીને ઓમીક્રોન વેરીએન્ટમાં સામાન્ય તાવ, શરદી જેવા લક્ષણો અને હોમ આઈસોલેશનથી સ્વસ્થ થઈ જવાતુ હોવાના કારણે હવે એક બાદ એક દેશો કોવિડ કાળના પ્રતિબંધો હળવા કે દૂર કરી રહ્યા છે તેમાં હવે અમેરિકા બાદ કોવિડનો સૌથી મોટો માર સહન કરનાર બ્રિટનમાં કેસ ઘટવા લાગતા વડાપ્રધાન બોરીસ જોન્સન હવે કોવિડ કાળના જે ઈમરજન્સી કાનૂનો હતા તે પાછા ખેંચી લેવાની તૈયારી કરી રહ્યા છે. જેમાં મુખ્યત્વે કોવિડના સંક્રમણનો ભોગ બનનારને જે ફરજીયાત રીતે હોમ આઈસોલેશનમાં રહેવાનો નિયમ છે તે પરત ખેંચી રહ્યા છે જેથી કોવિડ સંક્રમીત વ્યક્તિ હવે આઈસોલેશન વગર જ જાહેરમાં આવી શકશે. વિશ્વના અનેક દેશોએ તો કોવિડને સામાન્ય ફલુની કક્ષામાં મુકવાની જાહેરાત કરી છે અને માસ્કને ફરજીયાત કરતા નિયમો પણ દૂર કર્યા છે તેમાં બ્રિટને હવે ખુદે પણ આ પ્રકારની પાબંદી હટાવી લેવા ભણી આગેકૂચ કરી છે.

શ્રીલંકામાં ઈંધણનું સંકટને કારણે વધી દેશની મુશ્કેલીઓ

# નવા સંકટમાં ફસાયું શ્રીલંકા, ફરી ભારત પાસે માંગી મદદ

હવે ભારતીય કંપની સાથે વાત કરશે શ્રીલંકાની સરકાર

ગુજરાત વંદન



આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલું શ્રીલંકા ઉર્જા સંકટનો પણ સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં ફરી એકવાર ભારત શ્રીલંકાની મદદે આવી રહ્યું છે. શ્રીલંકાના ઉર્જા મંત્રી ગામિની લોકુગે સોમવારે જણાવ્યું હતું કે શ્રીલંકા વર્તમાન ઈંધણ અને ઉર્જા સંકટનો સામનો કરવા માટે મંગળવારે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)ને મળીને વાત કરશે. તેમણે કહ્યું કે ઈંધણની કટોકટીના ઉકેલ માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના સ્થાનિક એકમ સાથે વાતચીત કરવામાં આવશે.

ભારતની અગ્રણી ઓઇલ કંપની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની શ્રીલંકાની પેટાકંપની Lanka IOC (LIOC) 2002 થી શ્રીલંકામાં કાર્યરત છે. શ્રીલંકાના મંત્રીએ કહ્યું, 'મેં મારા અધિકારીઓને મંગળવારે IOC સાથે વાતચીત શરૂ કરવા કહ્યું છે, જો જરૂર પડશે તો હું પણ આ વાતચીતનો ભાગ બનીશ.'

શ્રીલંકાના મંત્રીએ કહ્યું કે 22 જાન્યુઆરી સુધી સતત વીજ પુરવઠો સુનિશ્ચિત કરી શકાય છે. અગાઉ તેમણે કહ્યું હતું કે 18 જાન્યુઆરી સુધી જ પુરવઠો સુનિશ્ચિત કરી શકાશે. શ્રીલંકાના ઉર્જા મંત્રી ઉદય ગમ્મનપિલાએ કહ્યું હતું કે વીજ ઉત્પાદન માટે જરૂરી ડીઝલ અને ફર્નેસ ઓઈલના સતત પુરવઠા પર વીજ મંત્રાલય સાથે ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. ગમ્મનપિલાએ જણાવ્યું હતું, 'તેઓએ પુરવઠા માટે તેમના પૈસા (ડોલર) ખર્ચવા પડશે અને તેઓને જે જોઈએ તે પહેલેથી જ ઓર્ડર કરવું પડશે.' તેમણે કહ્યું હતું કે શ્રીલંકન એરલાઈન્સે ઈંધણ પુરવઠા માટે ચૂકવણી પણ પોતાના ડોલરથી કરી હતી.

### શ્રીલંકામાં તમામ આવશ્યક વસ્તુઓની અછત

શ્રીલંકા હાલમાં ઘટતા ઇંધણ ભંડાર સાથે વિદેશી હૂંડિયામણની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે. આયાત માટે ચૂકવણી કરવા માટે ડોલરની અછતને કારણે, દેશ લગભગ તમામ આવશ્યક ચીજવસ્તુઓની અછતનો સામનો કરી રહ્યો છે. શ્રીલંકામાં, પીક અવર્સ દરમિયાન પાવર કટ કરવામાં આવી રહ્યો છે કારણ કે દેશના પાવર યુનિટ્સને ઇંધણ મળી નથી રહ્યું, જેનાથી પૂરતી વીજળી ઉત્પન્ન નથી થઈ રહી. દેશના ઇંધણ યુનિટે તેલનો સપ્લાય બંધ કરી દીધો છે કારણ કે વીજળી બોર્ડે ઘણા વખતથી બિલ ચૂકવ્યું નથી. એકમાત્ર રિફાઇનરી તાજેતરમાં બંધ કરવામાં આવી હતી કારણ કે તે કાચા માલની આયાત માટે ચૂકવણી કરવામાં અસમર્થ હતી.

# વિશ્વબજારમાં ક્રૂડતેલ સાત મહિનાની ટોચે, પેટ્રોલ-ડિઝલમાં ભાવવધારાનાં ભણકારા

ગુજરાત વંદન



ભારતમાં ગત વર્ષે પેટ્રોલ-ડિઝલમાં બેફામ ભાવવધારો થયા બાદ દિવાળીથી તેમાં કોઇ બદલાવ કરવામાં આવ્યો નથી. પરંતુ તેમાં ફરી ભડકો થવાના ભણકારા છે. વિશ્વબજારમાં ક્રૂડતેલ 85 ડોલરને આંબી જવા સાથે સાત મહિનાની ટોચે પહોંચી ગયું છે. આ સંજોગોના ઘરઆંગણે ભાવ વધી શકે છે. જો કે, પાંચ રાજ્યોમાં વિધાનસભા, ચૂંટણીને કારણે સરકાર ભાવમાં બદલાવ કરે છે કે કેમ તે સામે સવાલ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે નવા-નવા ઘટનાક્રમો વચ્ચે ક્રૂડ તેલની તેજીને જોર મળ્યું છે. અમેરિકામાં બરફના તોફાનને કારણે ક્રૂડતેલનું ઉત્પાદન પ્રભાવિત થયું છે. ચીનનો આર્થિક વિકાસ દર વધવા લાગ્યો છે. પરિણામે ક્રૂડની ડીમાંડ વધવાના આશાવાદથી તેજીને મજબુત ટેકો મળી ગયો છે. અબુધાબી એરપોર્ટ નજીક આતંકી હુમલાને કારણે પણ ભાવ ઉછાળ્યા હતા. આતંકી કૃત્ય પડકારરૂપ બની શકે તેમ હોવાથી ક્રૂડતેલનાં ઉત્પાદન પર પ્રભાવ પડવાની આશંકા વ્યક્ત થઇ રહી છે.નિષ્ણાંતોના કહેવા પ્રમાણે વિશ્વબજારમાં ક્રૂડતેલની કિમત 90 ડોલર સુધી પહોંચી શકે છે અને તેની અસર ભારતીય માર્કેટમાં પણ થઇ શકે છે. ઘરઆંગણે પેટ્રોલ તથા ડીઝલમાં બેથી ત્રણ રુપિયાનો ભાવવધારો થવાના ભણકારા છે. સોમવારે લંડનમાં ક્રૂડ 86.13 ડોલર થયું હતું. અમેરિકી ક્રૂડ 84.08 ડોલર થયું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ સાત મહિનાની ટોચે પહોંચ્યા છે. વિશ્વબજારમાં કોરોનાની મહાલહેર છતાં વેપારધંધા કે અર્થતંત્ર પ્રભાવિત થયા ન હોવાથી ઇંધણની ડીમાંડ ઘટવાની આશંકા દૂર થઇ છે. એટલે ક્રૂડતેલનાં ભાવના ટ્રેન્ડમાં કોઇ બદલાવ નથી.

ક્રૂડ તેલની કિંમત કે ટ્રેન્ડમાં કોઇ ફેરફાર ન હોવા છતાં રીટેઇલ વેચાણમાં ઘટાડો થયો છે. 1 થી 15 જાન્યુઆરીના પખવાડિયામાં ગત વર્ષના સમયગાળા કરતાં ડીઝલનું વેચાણ 14.1 ટકા ઘટીને 24.7 લાખ ટન નોંધાયું છે. નિષ્ણાંતોનું જો કે એવું કથન છે કે ઘરઆંગણે પેટ્રોલ-ડિઝલ મોંઘા થવાના ભણકારા છતાં રાજકીય નુકશાન રોકવા સરકાર હાલ તૂર્ત ભાવવધારો કરે તેમ નથી. પશ્ચિમ બંગાળની ચૂંટણી વખતે પણ ભાવવધારો સ્થગિત રાખ્યો હતો અને ત્યારબાદ એકધારો બેફામ ભાવવધારો કર્યો હતો.

# મહામારીના કાળમાં સોનાનું આકર્ષણ યથાવત

ગુજરાત વંદન

દેશની સોનાની આયાત ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ 9 મહિના (એપ્રિલ-ડિસેમ્બર, 2021)માં બે ગણીથી વધીને 38 અબજ ડોલરને પાર પહોંચી ગઈ હતી. વાણિજય મંત્રાલયના આંકડાથી આ જાણકારી મળી છે. માંગ ઉંચી રહેવાથી સોનાની આયાતમાં વધારો થયો છે. સોનાની આયાત ચાલુ ખાતાના નુકશાન (કેડ)ને અસર કરે છે. એપ્રિલ-ડિસેમ્બર, 2020માં સોનાની આયાત 16.78 અબજ ડોલર રહી હતી.

આંકડા અનુસાર ડિસેમ્બર 2021માં સોનાની આયાત વધીને 4.8 અબજ ડોલર થઈ ગઈ, જે એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં 4.5 અબજ ડોલર રહી હતી. નાણાકીય વર્ષના પહેલા 9 મહિનામાં સોનાની આયાતમાં વધારાથી વ્યાપાર નુકશાન પણ વધીને 142.44 અબજ ડોલરે પહોંચી ગયું તો તેનાથી ગત નાણાકીય વર્ષના સમાન સમય ગાળામાં 61.38 અબજ ડોલર પર હતું. આ જ રીતે નાણાકીય વર્ષના પહેલા 9 મહિનામાં ચાંદીની આયાત પણ વધીને બે અબજ ડોલરે પહોંચી ગઈ હતી કે જે આનાથી ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 76.2 કરોડ ડોલર હતા.

**શરમજનક** ભારતના ગૌરવ સમાન સાઈના નેહવાલનું આવુ અપમાન..?

# નાલાયકીની હદ વટાવી આ માણસે.. એરેસ્ટ કરો..

**ખાસ અહેવાલ-દિનેશ રાજપૂત**



★ રંગ દે બસંતી ફિલ્મને લજવી નાંખી આ અભિનેતાએ..
★ શટલકોકની જગ્યાએ Subtle cockનો ઉપયોગ કર્યો..
★ આવાની જગ્યાએ લોકઅપ જ છે, ક્યારે થશે ધરપકડ..?
★ ગંદી..ભદ્દી...ઘટિયા..હલકી..અશ્લીલ..કોમેન્ટ અમાન્ય

પાંચ રાજ્યોમાં ચૂંટણીઓની દંદૂભી વાગી ગઇ છે. બ્યૂગલ બજ ગયા હૈ અને 10મી ફેબ્રુઆરીએ યુપીમાં પહેલા તબક્કાનું મતદાન પણ થઇ ગયુ હશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સહિતના ભાજપના સ્ટાર પ્રચારકો અને કોંગ્રેસ સહિતના અન્ય પક્ષોના નેતાઓનો પાંચ રાજ્યોનો ચૂંટણી પ્રવાસ તૈયાર થઇ રહ્યો હશે. ખાસ કરીને પંજાબની મુલાકાત વખતે વડાપ્રધાનની સુરક્ષામાં 5 જન્યુ.ની જેમ કોઇ ચૂક ન થાય તેની પૂરેપૂરી કાળજી પંજાબની પોલીસ લેશે. કેમ કે ચૂંટણીઓ જાહેર થતાં હવે પોલીસનો હવાલો ચૂંટણી પંચના હાથમાં છે. અને સ્વાભાવિક છે કે તે 5 જાન્યુઆરી જેવુ તો નહીં જ થવા દે.

પંજાબમાં ફિરોજપુરની મુલાકાત વખતે વડાપ્રધાનના કાફલાને એક ફલાયઓવર બ્રિજ પર રોકાવુ પડે એવી કથિત સાજિશ હતી કે શું હતું તેની તપાસ માટે સુપ્રિમ કોર્ટે નિવૃત જજની તપાસ સમિતિ નીમી છે. અને તેનો વિસ્તૃત અહેવાલ જાહેર થશે ત્યારે ઘણી ચોંકાવનારી બાબતો બહાર આવી શકે.

વડાપ્રધાન ઉપર કોઇ હુમલો થયો હોત તો...? દેશમાં કેવી ભયાનક સ્થિતિ સર્જાઇ શકી હોત તેની તો કલ્પના જ કરવી રહી. વડાપ્રધાનના કાફલાની સાથે અને સુરક્ષાના મામલે જે થયું તેને લઇને ભાજપ દ્વારા દેશ આખામાં હોમ-હવન-યજ્ઞ કરવામાં આવ્યાં. કેન્ડલ માર્ચ યોજાઇ અને અનેક મહાનુભાવોએ તેમની સુરક્ષાને લઇને ચિંતા વ્યકત કરી. સાનિયા નેહવાલ એક સેલેબ્રીટી છે. તે કોઇ નેત્રી કે અભિનેત્રી નથી પણ શટલકોક બેટમિંગ્ટન રમતના મેદાનમાં સનમાનનીય એક ઇન્ટરનેશનલ ખેલાડી છે. ભાજપમાં જોડાયેલી હોવાથી તેમણે વડાપ્રધાનની સુરક્ષાના મામલે ટ્વીટ કરીને ચિંતા કરી ત્યારે આમિરખાનની ફિલ્મ “રંગ દે બસંતી” ફેમ સાઉથ ઈન્ડિયન એક્ટર સિદ્ધાર્થ દ્વારા સાનિયાની જે રીતે મજાક ઉડાડવામાં આવી તે કોઇ કાળે..યસ કોઇ કાળે... માફ કરી શકાય તેમ નથી. આવી અભદ્ર ટીપ્પણી સિધ્ધાર્થની એ માનસિકતા દર્શાવે છે કે ઉસકી સોચ કીટની ઘટિયા હૈ...!

ભારતમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અનેક સેલેબ્રીટી માટે પ્રચાર પ્રસારનું અને કમાણીનું માધ્યમ બન્યુ છે. તો કેટલાક માટે માથાનો દુખાવો... આ પ્લેટફોર્મ પર અનેકવાર સેલીબ્રીટી દ્વારા વિચિત્ર વિચારો અને ટાપ્પણી પોસ્ટ કરીને આ બેલ મુઝે માર...જેવી મુસીબતને આમંત્રિત કરે છે. આવી જ મુશીબત સિદ્ધાર્થ તેની ટવીટને લઈને વ્હોરી છે અને તેની ટ્વીટ એટલી હલકી કક્ષાની, અશ્લીલ હતી કે મહિલા આયોગે તો તેની સામે કેસ કરવા સુધી કહી દીધુ છે.

બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલ શટલકોક ( SHUT-TLECOCK) થી રમત રમે છે. આપણે જેને સામાન્ય ભાષામાં ચિડિયા કહીએ છીએ તેને અંગ્રેજીમાં શટલકોક (પીંછાવાળુ) કહેવામાં આવે છે. બીજી બેડમિન્ટન રમત ટેનિસ બોલથી રમાય છે. જેમાં વિદેશમાં અનેક સોહામણી મહિલા ખેલાડીઓએ નામના મેળવી છે. મહિલા આયોગે જેમની સામે પોલીસ કેસ કરવા કહ્યું છે તે અભિનેતા( આવુ ગંદુ લખનારને અભિનેતા કહેવાય કે કેમ તે પણ એક સવાલ છે) સિધ્ધાર્થે શટલકોક શબ્દની સાથે ગંદી રમત કરીને તેને સબટ્લકોક (Subtle cock ) તરીકે ઉપયોગ કર્યો. જેનો અર્થ પુરૂષના ગુપ્તઇન્દ્રીય તરીકે થાય છે અને તે અશ્લીલ છે....!! સિધ્ધાર્થે જે અંગ્રેજીમાં લખ્યુ છે તેનો ગુજરાતી અનુવાદ લખી શકાય તેમ નથી એટલી ખરાબ રીતે તેણે દેશના ગૌરવ સમાન મહિલા રમતવીર માટે શબ્દોનો ઉપયોગ કર્યો છે. એક રીતે જોઇએ તો સિધ્ધાર્થે પોર્ન સ્ટાર સન્ની લિયોની કરતાં પણ ખૂબ ખરાબ સાઇનાને ગણાવી છે. અને તે કોઇકાળે સહન થઇ શકે તેમ નથી.

સાઇના નેહવાલ કોઇ સામાન્ય નથી. તેમણે વિશ્વમાં શટલકોક બેડમિન્ટનના રમતગમતના મેદાનમાં એવી સફળતા મેળવી છે કે બોલીવુડમાં તેના જીવન પરથી બાયોપિક ફિલ્મ પણ બની છે અને ફિલ્મમાં અભિનેત્રી પરિણિતી ચેપરાએ સાઇનાની ભૂમિકા નિભાવી છે. ભારતની આવી સન્માનનીય રમતવીર માટે આ પ્રકારની ગંદી..ભદ્દી...ઘટિયા...હલકી.. નિમ્નસ્તરની ટ્વીટ કરીને સિધ્ધાર્થે પોતાની માનસિકતા બતાવી દીધી છે કે તે કેટલો હલકો છે...યસ તેના માટે આ શબ્દ પણ ઓછો પડે તેમ છે..

દેશપ્રેમ પર આધારીત બનેલી ફિલ્મ રંગ દે બસંતી..માં આ માણસની કઇ રીતે પસંદગી થઇ હશે તે એક સવાલ હવે થાય તે સ્વાભાવિક છે. ભારત ગૌરવ સમાન સાઈનાએ વડાપ્રધાનની સુરક્ષાને લઇને કરેલી ટવીટના જવાબમાં વિચિત્ર અને ક્ષોભજનક ભાષાનો ઉપયોગ કરવા નેશનલ કમિશન ફોર વુમન-મહિલા આયોગે સિધ્ધાર્થનું એકાઉન્ટ બંધ કરવા માટે ટ્વીટર કંપનીને વિનંતી કરી છે અને તે યોગ્ય પણ છે. એવાને તો એવી જ સજા મળવી જોઇએ.

વિવાદ વધતાં સિદ્ધાર્થે ભારાડી અને લોઠકા રાજકારણીની જેમ નફ્ફટ થઇને પોતાનો લૂલો બચાવ કરતા કહ્યું- 'મારા શબ્દોનો ખોટો મતલબ કાઢવામાં આવી રહ્યો છે. મારો કહેવાનો મતલબ કંઈક અલગ હતો પરંતુ તેને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યો છે. મારો ઈરાદો કોઈનું અપમાન કરવાનો નહોતો....'

ભાઇ, સિધ્ધાર્થ, જરા શબ્દકોશમાં જો તેં જે શબ્દનો ઉપયોગ કર્યો છે તેનો શું ર્થ થયા છે. શરમ નથી આવતી...? લાજવાને બદલે ઉપરLr ગાજે છે કે મેરા કહને કા મતલબ યે નહીં થા...એ તો ક્યા મતલબ થા ભઇ...? Subtle cock કા ક્યા મતલબ હોતા હૈ...? અને તમે પાછા સાઇનાને તેના વિશ્વ ચેમ્પીયન તરીકે ગણાવો છો..? ધિક્કારને પાત્ર છે તારી અભિનયકળા...! તારી એવી કળાને શું ધોઇ પીવાની..? ભારતના ગૌરવનું હનન કરનાર આવાને તો વહેલામાં વહેલી તકે એરેસ્ટ કરીને જેલના સળિયાની પાછળ ધકેલી દેવા જોઇએ અને પછી જોઇએ કે આવા ના-લાયકના ટેકામાં કોણ બોલે છે...

# માલદીવમાં અભિનેત્રી અનન્યા પાંડેની કાતિલ અદાઓ



અભિનેતા ચંકી પાંડેની પુત્રી અને બોલિવૂડ અભિનેત્રી અનન્યા પાંડે ફિલ્મ ઇન્ડસ્ટ્રીની સ્ટાઇલિશ અને આશાસ્પદ હિરોઇનોમાંની એક છે. પાંડે અવારનવાર સોશિયલ મીડિયા પર દરરોજ ગ્લેમરસ ફોટોશૂટ શેર કરે છે ફરી એકવાર તેણે ઇન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ બિકીની ફોટોશૂટ શેર કર્યું છે, જેમાં તે એકદમ ફ્રેશ અંદાજમાં જોવા મળી રહી છે. બિકીનીમાં કિલર પોઝ આપતી અનન્યાની આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.


આ તસવીરોમાં અનન્યા પાંડે પ્રિન્ટેડ ઑફ શોલ્ડર બિકીની પહેરીને માલદીવમાં શાનદાર પોઝ આપતી જોવા મળે છે. આ લુક પર બ્લેક ચશ્મા અને ગળામાં પહેરેલી નેકલેસ તેના લુકમાં વધારો કરી રહ્યા છે. અનન્યા પાંડેએ ઈન્સ્ટાગ્રામ કેપ્શનમાં મેકઅપ આર્ટિસ્ટ, જ્વેલરી અને હેર સ્ટાઈલિસ્ટને ફોટોગ્રાફર વિશેની વિગતો પણ શેર કરી હતી.

અનન્યા પાંડેની આ તસવીરોને થોડા જ કલાકોમાં 7 લાખથી વધુ લાઈક્સ મળી છે. તે જ સમયે, અભિનેત્રીના વખાણ પણ કમેન્ટ બોક્સમાં જોરદાર રીતે જોવા મળે છે. અનન્યા પાંડેના ઇન્સ્ટાગ્રામ પર 20 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. નવોદિત કલાકારોમાં તે સૌથી વધુ ચર્ચિત સ્ટાર્સમાંથી એક છે.

અનન્યા પાંડેએ કરણ જોહરની સ્ટુડન્ટ ઓફ ધ યર 2 થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મમાં તે તારા સુતારિયા અને ટાઈગર શ્રોફ સાથે જોવા મળી હતી. આ પછી તેણે કાર્તિક આર્યન સાથે 'પતિ પત્ની ઔર વો'માં કામ કર્યું. અનન્યા પાંડેની છેલ્લી ફિલ્મ 'ખલી-પીલી' હતી જે વર્ષ 2020માં OTT પર આવી હતી.

અનન્યા પાંડેની આગામી ફિલ્મ લિગર છે. તે પહેલીવાર 'લિગર'માં સાઉથ સુપરસ્ટાર વિજય દેવેરાકોંડા સાથે સ્ક્રીન શેર કરશે. ફિલ્મમાંથી તેનો લુક પણ રીલીઝ કરવામાં આવ્યો છે.

# 'તારક મહેતા...'માં ગ્લેમરસ અભિનેત્રી અર્શી ભારતીની એન્ટ્રી



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા છેલ્લા 13 વર્ષથી દેશના લોકોનો સૌથી લોકપ્રિય શો છે. શોનું દરેક પાત્ર લોકો માટે ખાસ છે. આ શોમાં કામ કરતા તમામ કલાકારોની લોકપ્રિયતા પણ બોલિવૂડ સ્ટાર્સથી ઓછી નથી. આવી સ્થિતિમાં શોમાં વધુ એક સ્ટાઈલિશ અને ગ્લેમરસ અભિનેત્રીની એન્ટ્રી બાદ ધૂમ મચી ગઈ છે. આ અભિનેત્રી છે અર્શી ભારતી, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

**શું છે અર્શી ભારતીનું પાત્ર**


તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાં સુંદરીઓની કોઈ કમી નથી. મુનમુન દત્તાથી લઈને સુનૈના ફોજદાર સુધી સૌ સુંદરતાના મામલે એકબીજાને ટક્કર આપી રહ્યા છે. દરમિયાન આ શોમાં એક નવી અભિનેત્રીની એન્ટ્રી થઈ છે. જણાવી દઈએ કે અર્શી ભારતી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં કેટલાક એપિસોડમાં જોવા મળી રહી છે. આ શોમાં અર્શી ભારતીની એન્ટ્રી મહેતા સાહેબના બોસની સેક્રેટરી તરીકે થઈ છે.

**બોલિવૂડ ફિલ્મોમાં પણ જોવા મળી છે**

તમને જણાવી દઈએ કે અર્શી ભારતી મૂળ જમશેદપુરની છે. તેનું પૂરું નામ અર્શી ભારતી શાંડિલ્યા છે. અર્શી અત્યારે માત્ર 22 વર્ષની છે. પ્રખ્યાત ટીવી શો પહેલા તે બોલિવૂડ ફિલ્મમાં પણ જોવા મળી ચુકી છે. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' પહેલા અર્શી ભારતી અર્જુન કપૂરની ફિલ્મ 'પાનીપત'માં જોવા મળી હતી.

# બાપુને 'પુષ્પા' ફિલ્મનો રંગ લાગ્યો

**રવીન્દ્ર જાડેજાએ અલ્લુ અર્જુનની સ્ટાઈલમાં તસવીર શેર કરી, યુઝર્સે કહ્યું- પુષ્પા 2માં તમને લીડ રોલ મળશે**





ટીમ ઇન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર અને ગુજરાતી ક્રિકેટર રવિન્દ્ર જાડેજા આજકાલ સોશ્યલ મીડિયા પર બહુ એક્ટિવ દેખાઇ રહ્યો છે. સોશ્યલ મીડિયા પર તેના નવા લૂકની ચર્ચા થવા લાગી છે. ખરેખરમાં રવિન્દ્ર જાડેજાએ ફિલ્મ પુષ્પાઃ ધ રાઈઝના એક્ટર અલ્લુ અર્જુનની જેમ દાઢી-મૂછને તાવ આપી અનોખા રૂપમાં તસવીર શેર કરી છે. બાપુની આ તસવીર ફેન્સને ખુબ પસંદ આવી રહી છે, અને ધૂમ મચાવી રહી છે. પુષ્પા ફિલ્મ રિલીઝ થયા બાદ રવિન્દ્ર જાડેજાએ અલ્લુ અર્જુન જેવી જ એક્ટિંગ કરતો વીડિયો શેર કર્યો હતો. જે ફેન્સને ઘણો પસંદ આવ્યો હતો. તેવામાં બુધવારે ફરી એકવાર જાડેજાએ દાઢી-મૂછને તાવ આપી અલ્લુ અર્જુનના લુકને પડકાર્યો છે. બાપુ આ નવા લુકમાં ગ્રાફિક્સની સહાયથી મોઢામાં બીડી પીતા હોય તેવો દેખાઇ રહ્યો છે. જોકે આના કેપ્શનમાં તેમણે પુષ્પાઃ ધ રાઈઝનો એક ડાયલોગ પણ લખ્યો છે તથા ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી તેની જાણ પણ કરી છે.

સોશ્યલ મીડિયા પર ફેન્સને જાડેજાનો આ લૂક પસંદ આવી રહ્યો છે, કેટલાક ફેન્સ કહી રહ્યાં છે કે, જાડેજાને પુષ્પા-2ના બીજા ભાગમાં લીડ રોલ મળી જવો જોઈએ. તે અલ્લુ અર્જુનને સારી કોમ્પિટિશન આપી રહ્યા છે. તો બીજી બાજુ યુઝર્સે અવાર-નવાર ઈન્ડિયન સિનેમાની પોસ્ટ કરતા ઓસ્ટ્રેલિયન પ્લેયર ડેવિડ વોર્નરને પણ ચેતવણી આપી દીધી છે.

ટીવીથી બૉલીવુડનો સફર કરી ચૂકેલી શમા સિકન્દરે ફરી એકવાર પોતાના બેબાક અંદાજ બતાવ્યો છે. એક્ટ્રેસ શમા સિકન્દર આજકાલ સોશ્યલ મીડિયા પર ખુબ એક્ટિવ થઇ છે, તાજેતરમાં જ તેને ફેન્સની વચ્ચે પોતાના નવા ફોટોશૂટની તસવીરો શેર કરી છે, જેમાં તે 40 વર્ષની ઉંમરે પણ બૉલ્ડ અને બેબાક અંદાજમાં દેખાઇ રહી છે.

એક્ટ્રેસ શમા સિકન્દરે ફરી એકવાર પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર ખાસ તસવીરો શેર કરી છે, આમાં એક્ટ્રેસ બૉલ્ડમાં સોફા પર બેસેલી દેખાઇ રહી છે. આ વખતે શમાનો અલગ જ અંદાજ જોવા મળી રહ્યો છે. શમાએ બ્લેક કલરની શોર્ટ ડ્રેસમાં પોતાની અદાઓ બતાવતીને ફોટોશૂટ કરાવ્યુ છે.તસવીરોમાં શમા સિકન્દર રેડ કલરની કઉચ પર હાથ ફેલાવીને બેસેલી દેખાઇ રહી છે. તેને અહીં ન્યૂડ મેકઅપ કર્યો છે, અને વાળોને ખુલ્લા રાખ્યા છે.

આ લૂકમાં શમા સિકન્દર એકદમ હૉટ લાગી રહી છે. આ અંદાજ તેને ફેન્સને ખુબ પસંદ આવી રહ્યો છે. શમા સિકન્દરે તસવીર શેર કરતા કેપ્શનમાં લખ્યુ છે- બૉસ બેબ. આ કેપ્શન તેના લૂક સાથે ખુબ મેચ થાય છે. ખાસ વાત છે કે, શમા સિકન્દર અત્યારે 40 વર્ષની થઇ ગઇ છે છતાં તેની ફિટનેસ જોઇને લાગે છે કે તે આ તસવીરોથી યુવા એક્ટ્રેસને પણ ટક્કર આપી રહી છે.



# શમા સિકન્દર ૪૦ વર્ષની વયે પણ યુવા એક્ટ્રેસને આપી રહી છે ટક્કર

# અભિનેત્રી આલિયા ભટ્ટે ખોલ્યા તેના બેડરૂમના રહસ્યો

બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટ આ દિવસોમાં પોતાની ફિલ્મ 'RRR'ને લઈને ચર્ચામાં છે. આલિયા ભટ્ટ પોતાના પરફોર્મન્સ સિવાય તેના સ્ટાઇલિશ લુકને કારણે પણ ઘણી ચર્ચામાં છે. આલિયાએ હંમેશા પોતાની સ્ટાઈલનો જાદુ ફેન્સ પર ચલાવ્યો છે. લોકો તેની દરેક સ્ટાઇલના દિવાના છે. આલિયા ભટ્ટ દરરોજ તેના સંબંધો અને તેની ફિલ્મો માટે હેડલાઇન્સ બનાવે છે. આલિયા ક્યારેય કશું બોલવામાં શરમાતી નથી. તે દરેક વાતની ખુલીને ચર્ચા કરે છે.

જ્યાં બોલિવૂડ સ્ટાર હોય કે સામાન્ય માણસ, તે પોતાની સેક્સ લાઈફ વિશે વાત કરવાનું પસંદ નથી કરતો, પરંતુ આ સિવાય બોલિવૂડની બબલી ગર્લ આલિયા ભટ્ટે પોતાની પર્સનલ લાઈફના ઘણા રહસ્યો લોકો સાથે શેર કર્યા છે. હા, આલિયા ભટ્ટે માત્ર પોતાની અંગત જિંદગીના છુપાયેલા રહસ્યો જ નથી જાહેર કર્યા પરંતુ તેણે પોતાના બેડરૂમના રહસ્યો પણ રિવિલ કર્યા છે.

આલિયાએ એકવાર એક ઇન્ટરવ્યુમાં તેના બેડરૂમના રહસ્યો જાહેર કર્યા હતા. તેણે આ ઈન્ટરવ્યુ એક ફેશન મેગેઝીનને આપ્યો હતો જેના કવર પેજ પર તે દેખાઈ હતી. આલિયા જ્યારે આ મેગેઝીનને ઈન્ટરવ્યુ આપી રહી હતી ત્યારે તેણે ખૂબ જ ખુલીને વાત કરી હતી. આલિયાને પૂછવામાં આવ્યું કે તેની ફેવરિટ સેક્સ પોઝિશન કઈ છે? તો આલિયાએ કહ્યું, "The classic missionary". આટલું જ નહીં, આ પછી જ્યારે આલિયાને પૂછવામાં આવ્યું કે શું તે તેના બોયફ્રેન્ડનો ફોન ચેક કરે છે તો આલિયાએ કહ્યું હતું કે, મને મારા બોયફ્રેન્ડના ફોનનો પાસવર્ડ ખબર છે. આ સિવાય આલિયાએ આ ઈન્ટરવ્યુમાં પુરુષો વિશે પણ પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આલિયાએ કહ્યું કે જો પૃથ્વી પર એક 50 વર્ષનો પુરૂષ અને એક 18 વર્ષનો કિશોર બચ્યો છે, તો તે 50 વર્ષના પુરુષને પસંદ કરશે કારણ કે તે તે કિશોર સાથે રહી શકતી નથી. નોંધનીય છે કે, આલિયા ઘણીવાર રણબીર કપૂર સાથેના સંબંધોને લઈને ચર્ચામાં રહે છે. એવા પણ અહેવાલ છે કે આલિયા ટૂંક સમયમાં રણબીર સાથે લગ્ન કરી શકે છે. જો કે આ અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. જોકે આ કપલ ઘણા પ્રસંગોએ સાથે જોવા મળે છે. અહેવાલો છે કે બંને આ વર્ષે લગ્ન કરવા જઈ રહ્યા છે.



'નાયક નહીં મહાનાયક હૈ તૂ...' સલામ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને

# ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટું ૧૨ કરોડનું કૌભાંડ ઝડપાયુ



ગુજરાતના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ભ્રષ્ટાચાર નાબૂદી માટે બોલિવૂડની ફિલ્મ નાયકની અદામાં મક્કમ રીતે કામ કરી રહ્યા છે. મહેસુલ કચેરીની સરપ્રાઈઝ વિઝિટ બાદ તેમણે એક મોટા ભ્રષ્ટાચારનો ખુલાસો કર્યો છે જેમાં અધધ 12 કરોડની ગેરરીતિનો દાવો ખુદ મહેસુલ મંત્રી જ કર્યો છે તેમ કહી શકાય તેમણે ભ્રષ્ટ અધિકારીઓની પોલ ખોલી નાખી છે. મંગળવારે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પત્રકાર પરિષદ યોજીને મોટો ધડાકો કર્યો છે.

નવસારી જિલ્લાના વડોદરા મુંબઈ એક્સપ્રેસ વે માટે જમીન સંપાદનમાં ગેરરીતિ થઈ છે. જેમાં મહેસૂલ ખાતાના અધિકારીઓએ જમીન સંપાદનમાં કરોડોના વહીવટ કરીને ભ્રષ્ટાચાર કર્યો છે. જમીન સંપાદનમાં બનાવટી ડોક્યુમેન્ટ, બનાવટી પાવર ઓફ એટર્નીથી અધિકારીઓએ 12 કરોડ પડાવ્યા હોવાનું સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, આમ તો કૌભાંડ ઉજાગર કરવાનું કામ વિપક્ષે કરવું જોઈએ પરંતુ હું જ આ કામ કરી રહ્યો છું. ગેરરીતિ મામલે SITની રચના કરવામાં આવશે. મીડિયા સમક્ષ જણાવ્યું કે, અમે લગભગ એવા 12 કિસ્સા શોધ્યા છે, જેમાં પહેલા કિસ્સાની અંદર લગભગ દોઢ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. તેના માટે પાવર ઓફ અટર્ની, બનાવટી કન્સાઈન્ટ લેટર, બનાવટી

**મહેસુલ મંત્રીએ શોધી કાઢી ખાતામાં લોલમલોલ - પોલમપોલ**

ડોક્યુમેન્ટ તે બધા સાઉથ આફ્રિકાથી મંગાવવામાં આવે અને સંપાદનના પૈસા જેની સાચી માલિકી છે અને બદલે આ લોકો લઈ જાય છે. આમાં જે કોઈ મદદગારો છે એ તમામની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. એમાં અમારા વિભાગના અધિકારીઓ પણ સંડોવાયેલા લાગે છે. કારણે કે, ફરિયાદીઓએ એમની સામે પણ આક્ષેપ કર્યો છે.

મહેસૂલ પ્રધાનના જણાવ્યા અનુસાર જો આવો એક કિસ્સો હોય તેમાં ભૂલ થઈ હોય તેવું કહી શકાય છે, બે કિસ્સા હોય તો બેદરકારી હોઈ શકે. પરંતુ 3 કે તેથી વધુ કિસ્સા હોય તેનો અર્થ કઈંક ગોલમાલ છે તેવું મારું માનવું છે. પહેલા કિસ્સાની વાત કરીએ તો નવસારીના દિપક ઠાકોરભાઈ પટેલ રહે. ચીખલી, નવસારી, એમાં સર્વે

(અનુસંધાન 7 મે પાને)

ગુજરાત સરકારની ચોંકાવનારી કબૂલાત

# કોરોનાના નોંધાયેલા ૮૦ ટકા કેસ ઓમિક્રોનના છે..!

ગુજરાત વંદન

કોરોનાની ત્રીજી લહેરે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. એક જ દિવસમાં 17 હજારથી વધુ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું છે. ત્યારે રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણને ડામવા આરોગ્ય વિભાગ દ્વારા એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી.

બેઠક બાદ ટાસ્ક ફોર્સના સભ્યએ જણાવ્યું કે, લોકો કોરોના વાયરસને સામાન્ય ફ્લૂ ના સમજે. ઓમિક્રોન ખૂબ ઝડપી ફેલાય છે. ત્યારે જે સંક્રમિતો કેસો આવી રહ્યાં છે, તેમાંથી મોટા ભાગના કેસો ઓમિક્રોનના નોંધાયા છે. ઓમિક્રોન માટે કોઈ જ દવા નથી. અગાઉની દવા કારગત નીવડી નથી.



**સામાન્ય શરદી ખાંસી પણ કોરોના હોઈ શકે છે – ટાસ્ક ફોર્સ**

ટાસ્ક ફોર્સના સભ્યએ ઉમેર્યું કે, સંક્રમણને રોકવા માટે વેક્સિન એક માત્ર હથિયાર છે. જેમણે વેક્સિન નથી લીધી એ અને બાળકો સજાગ રહે. ઓમિક્રોન હાઈબ્રિડ ઈમ્યુનિટીને પણ ગાંઠતો નથી. નાનામાં નાની બેદરકારી ભારે પડી શકે છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, ઓમિક્રોન નાક, ગળા અને શ્વાસનળીને અસર કરે છે અને ફેફસાંને ઓછું નુકસાન કરે છે. જેના કારણે હોસ્પિટલમાં દર્દીઓને ઓછા દાખલ કરવા પડે છે. આ વાયરસને હળવાશથી લઈ શકાય નહીં. લો અને હાઈ ડીસીઝ એમ બે કેટેગરીમાં દર્દીઓને વહેંચવામાં આવશે. લો રિસ્કના દર્દીઓ 4થી 5 દિવસમાં સ્વસ્થ થઈ જાય છે.

ટાસ્ક ફોર્સના સભ્યએ જણાવ્યું કે, ઓમિક્રોન ડેલ્ટાની સરખામણીએ ઓછો ખતરનાક છે, પણ તેનાથી સાવચેતી રાખવી જરૂરી છે.કેસોની સંખ્યા બહુજ વધારે હશે ત્યારે હોસ્પિટલોમાં ભારણ વધશે. લંગ્સને નુકસાન અને ઓક્સિજનની જરૂર હોય એવા

(અનુસંધાન 7 મે પાને)

કાંકરિયા અને નવરંગપુરાના પાર્કિંગ નિષ્ફળ ગયા હોવા છતાં

# AMC નવા ચાર મલ્ટીલેવલ પાર્કિંગ માટે કરોડો રૂપિયાનો ધુમાડો કરશે ?

ગુજરાત વંદન

શહેરમાં પાર્કિંગની સમસ્યા હલ કરવા એએમસીએ કાકરિયા અને નવરંગપુરા ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ બનાવી દીધા. આયોજન વિના કરોડો રૂપિયાના ખર્ચે આ પાર્કિંગ બનાવી દીધા. જેના કારણે આ પાર્કીંગનો પૂરતો ઉપયોગ થતો નથી. ત્યારે હવે એએમસીએ શહેરમાં વધુ ચાર જગ્યાએ મલ્ટી લેવલ પાર્કિંગ બનાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદ શહેરમા પાર્કીંગની સમસ્યા વિકટ બની છે. આ સમસ્યાને હવળી કરવા એએમસીએ શહેરમાં વધુ ચાર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનો નિર્ણય કર્યો છે. એએમસીએ કાકરિયા અને નવરંગપુરા ખાતેના બનાવેલા મલ્ટીલેવલ પાર્કીગને જોઇએ તેવો



**ચાંદલોડીયા, પ્રહલાદનગર, રિવરફ્રન્ટ અને સિંધુ ભવન રોડ પર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યા છે**

પ્રતિસાદ મળ્યો નથી. છતાં પણ નવા ચાર મલ્ટીલેવલ પાર્કિંગ માટે કરોડો રૂપિયાનો ધુમાડો એએમસી કરશે. ચાંદલોડીયા, પ્રહલાદનગર, રિવરફ્રન્ટ અને સિંધુ ભવન રોડ પર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યા છે. ચાંદલોડિયામાં સિલ્વર સ્ટાર ચાર રસ્તા પર આ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યું છે.

મહત્વનું છેકે જે જગ્યાએ આ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યું છે ત્યાં પાર્કિંગની એટલી સમસ્યા નથી. ત્યાંથી એક કિલોમીટર આગળ ચાંદલોડિયા રેલવે ઓવરબ્રિજ પાસે પાર્કિંગની સમસ્યા છે. સિંધુ ભવન રોડ પર પણ પાર્કિંગનો પ્રશ્ન નથી છતાં પણ ત્યાં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વીએસ હોસ્પિટલની પાછળ રિવરફ્રન્ટ પર મલ્ટીલેવલ પાર્કિંગ તૈયાર થઈ રહ્યું છે. ત્યાં પણ પાર્કિંગનો કોઈ પ્રશ્ન નથી. કારણ કે એએસવીપી હોસ્પિટલમાં પાર્કિંગ છે અને વીએસ હોસ્પિટલમાં આવતા મુલાકાતીઓ રિવરફ્રન્ટ પર મલ્ટીલેવલ પાર્કિંગનો ઉપયોગ કરવા કેવી રીતે આવશે તે પણ એક પ્રશ્ન છે. ત્યારે આયોજન વિના જ નવા ચાર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનો નિર્ણય કરતા વિવાદ થયો છે.

નદીના શુધ્ધિકરણ માટે ખર્ચાયેલા રૂા. ૨૩૬ કરોડ પાણીમાં

# કેડિયમ, કોપર જેવા ઝેરી તત્વોથી મહી, નર્મદા, સાબરમતી પ્રદૂષિત બની



» ગટરનું ગંદુ પાણી, ઉદ્યોગના કેમિકલયુક્ત પાણી નદી પ્રદૂષિત માટે મુખ્ય પરિબળ, GPCB શંકાના ઘેરામાં

ગુજરાત વંદન

નદીઓ ગટરના ગંદા પાણી ઉપરાંત ઉદ્યોગોના ટ્રિટમેન્ટ વિનાના કેમિકલયુક્ત પાણીથી નદીઓ વધુને વધુ પ્રદુષિત બની રહી છે.

ખુદ કેન્દ્ર સરકારના જળ સંશાદન વિભાગે ખુલાસો કર્યો છેકે, ગુજરાતની મહી, નર્મદા અને સાબરમતી નદીઓ ના પાણીમાં કેડિયમ, કોપર, લેડ, ઝિંક જેવા ઝેરી તત્વો ભળ્યાં છે જેના લીધે નદીઓ પ્રદુષિત બની છે જે માનવ સ્વાસૃથય માટે જોખમી છે.

નદીઓ પ્રદુષિત બની રહી છે ત્યારે શુધ્ધિકરણની કામગીરી ચાલી રહી છે. ગુજરાત સહિત દેશની નદીઓના શુધ્ધિકરણ પાછળ વર્ષ 2019-20માં રૂા.136.66 કરોડ ખર્ચવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વર્ષ 2020-21માં રૂા.99.87 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

નદીઓનું પાણી પ્રદુષિત ન થાય તે માટે કુલ મળીને રૂા.236.53 કરોડનો ધુમાડો કરવામાં આવ્યો હતો આમ છતાંય કોઇ નક્કર પરિણામ મળી શક્યુ ન હતું. આ કરોડો રૂપિયા જાણે પાણીમાં ગયા હતાં તેનુ કારણ એછેકે, કરોડોનો ધુમાડો કર્યા છતાંય નદીઓ સ્વચ્છ રહી શકી ન હતી.

કેન્દ્રીય જળ સંશાધન-નદી વિકાસ મંત્રાલયે લોકસભામાં રિપોર્ટ રજૂ કરી સ્વિકાર્યુ છેકે, ઉદ્યોગોના કેમિકલયુક્ત પાણી ઉપરાંત ખુલ્લામાં શૌચક્રિયા, ગટરના ગંદા પાણીથી નદીઓ પ્રદુષિત થઇ રહી છે. એટલું જ નહીં, એવો ય સ્વિકાર કર્યો છેકે, ગુજરાતની મહી, નર્મદા અને સાબરમતી નદીના પાણીની ગુણવત્તા કથળી છે.



ઉલ્લેખનીય છેકે, સેન્ટ્રલ

(અનુસંધાન 7 મે પાને)



ગુજરાતમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે સુરતમાં દિવાળી બાગ નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે બીજી લહેર જેવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે આગમચેતીના ભાગરૂપે 100 બેડ કોવિડ સેન્ટર તૈયાર કરાયા છે.

બહારથી જમવાનું મંગાવતા પહેલાં ચેતજો...

# પ્રથમ દ્રષ્ટિએ સિમલા મરચું લાગ્યું... ના..ના.. આ તો મરેલો ઉંદર નિકળ્યો...

**★ અમદાવાદના પરિવારે રેસ્ટોરન્ટમાંથી મંગાવેલ ફૂડમાંથી નીકળ્યો મરેલો ઉંદર! હાલત ગંભીર**

ગુજરાત વંદન

અમદાવાદમાં એક રેસ્ટોરેન્ટના ફૂડમાંથી મંગાવેલા ફૂડમાં મરેલો ઉંદર નીકળવાની ઘટના સામે આવી છે. નવા વાડજમાં રહેતા બાબુલાલ પરમાર તેમના પુત્ર પાર્થિવના પરિવારના સભ્યોએ દિલ્હી દરવાજાની સબજી મંડીની ગલીમાં આવેલી હિના રેસ્ટોરેન્ટમાંથી પનીર ભૂરજીની સબજી મંગાવી હતી.

આ સબ્જી પરિવારના સભ્યો રાતે 9 વાગ્યાની આસપાસ જમવા બેઠા હતા ત્યારે ખાધી. પહેલાં બાબુલાલ પરમાએ અને બાદમાં દિકરા વિશાલે પનીર ભુરજીની સબજી ખાધી હતી પછી દિકરો પાર્થિવ જમવા બેઠો હતો અને સાથે પત્ની ગૌરીબહેન જમવા બેઠા હતા. તે દરમિયાન પનીર ભુરજીની સબજીમાં કંઇક દેખાયું હતુ જે બાદ જોયું તો પ્રથમ દષ્ટિએ સીમલા મિરચ હોવાનું જણાયું હતુ પણ બાદમાં સબજીના ડબ્બામાંથી બહાર કાઢીને જોયું હતુ તો તે મરેલો ઉંદર હતો. જે બાદ ફૂડ પોઇઝનિંગ થતા





**સમગ્ર મામલે પરિવારે AMCના આરોગ્ય વિભાગને પત્ર લખી કાર્યવાહી કરવા માંગ કરી**

ઉપરોક્ત તમામ ઘટનાથી બાબુલાલ તેમના પરિવારના સભ્યોને શારીરિક નુકશાન થયું છે સાથે માનસિક યાતનામાંથી પસાર થવું પડ્યું છે. જે સમગ્ર મામલે જવાબદાર રેસ્ટોરેન્ટ માલિક સામે કડક કાર્યવાહી કરવા પરમાર પરિવારે માગણી કરી છે. તો રેસ્ટોરેન્ટમાં બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિમાં ખોરાક બનાવવામાં આવે છે સાથે તેઓ કોઇપણ પ્રકારની સ્વચ્છતા રાખતાં નથી તેવા આક્ષેપ કરી આ રેસ્ટોરેન્ટને તાકીદે સીલ કરવામાં આવે તેવી પણ રજુઆત AMC ના આરોગ્ય વિભાગને કરાઈ છે.

આ સબ્જી ખાતાં બીમાર પડેલા તમામને સિવિલ હોસ્પિટલમાં સારવાર ખસેડાયા હતા.

સબ્જીમાં મરેલો ઉંદર જોઇને બાબુલાલના પત્ની અને દિકરો ગભરાઇ ગયા હતા. તેઓને તાકીદે ગભરામણ થઇ હતી સાથે તેઓને ઉલટી આવી હતી અને ચક્કર આવવા લાગ્યા હતા. જેથી 108ને ફોન કર્યો હતો જેથી સાડા નવની આસપાસ 108 આવી હતી અને તેઓને સારવાર અર્થે લઇ ગયા હતા. બંનેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા છે. જે પૈકી પત્નીની હાલત નાજુક છે.

નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ભેજાબાજ દંપતી સામે નોંધાઈ ફરિયાદ

# હયાતી વિનાના વાહન પર લોન મેળવી ૮૫ લાખની ઠગાઈ

**ઈન્ડોસ્ટાર કેપિટલ ફાયનાન્સ કંપનીમાં બનાવટી ડોક્યુમેન્ટ આપીને હયાતી વિનાના વાહન પર લોન લઈ પતિ-પત્ની રફુચક્કર**

ગુજરાત વંદન

શહેરના નવરંગપુરા વિસ્તારમાં ખોટા દસ્તાવેજ સાથે હયાતી વિનાના વાહન પર લોન મેળવી લાખાનો છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ભેજાબાજ ચીટર દંપતીએ કંપનીના મેનેજરને વિશ્વાસમાં લઇ આશરે 85 લાખની ઠગાઇ આચરતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. ઈન્ડોસ્ટાર કેપિટલ ફાયનાન્સ કંપનીમાંથી પતિ પત્નીએ બનાવટી ડોક્યુમેન્ટ સાથે હયાતી વિનાના વાહન પર રૂ.85.13 લાખની લોન મેળવી લોન ભરપાઈ ન કરી કંપની સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હતી. આ અંગે કંપનીના મેનેજરે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ-પત્નીના વિરુદ્ધમાં ગુનો નોંધી તેમની શોધખોળ હાથધરી છે. બાપુનગરમાં રહેતા અને નવરંગપુરા ખાતેની ઈન્ડોસ્ટાર કેપિટલ ફાયનાન્સ લીમિટેડ નામની ફાયનાન્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા ચિરાગ બારોટની કંપનીમાં ગત વર્ષે ગુણવંતકુમાર અને મનિષાબેન નામના બે વ્યક્તિઓએ વાહન પર લોનની એપ્લીકેશન ભરીને ડોક્યુમેન્ટ રજુ કર્યા હતા. જો કે લોન માટે તેમણે ગાડી પરથી લોન એપ્રુઅલ કરાવી હતી. જેથી ડોક્યુમેન્ટ અને એપ્લીકેશનના આધારે તેમની લોન પાસ થઈ

(અનુસંધાન 7 મે પાને)

# દરિયાપુરમાં ત્રણ માળનું ગેરકાયદે બાંધકામ પોલીસ બંદોબસ્ત સાથે તોડાયું

ગુજરાત વંદન

શહેરના કોટ વિસ્તારમાં આવેલા અતિ સંવેદનશીલ એવા દરિયાપુર વિસ્તારમાં મધ્ય ઝોન એસ્ટેટ દ્વારા મંગળવારે ચુસ્ત બંદોબસ્ત સાથે ત્રણ માળનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગેરકાયદે બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.મંજુરી લીધા વગર બાંધવામાં આવેલા ત્રણ માળના બિલ્ડિંગનો વપરાશ ના થાય એ હેતુથી મધ્ય ઝોન એસ્ટેટ વિભાગ તરફથી બાંધકામને વારંવાર સીલ કરવામાં આવ્યા બાદ પણ બાંધકામ ન અટકાવાતા અંતે પોલીસની મદદ લઈ મંગળવારે આ બાંધકામ તોડી પાડવામાં આવ્યુ હતું.

**ગુજરાત વંદન**

વાત તમારી

રજૂઆત અમારી...

આપની આસપાસ, ચાલી-મહોલ્લા, ઘર સોસાયટી, ફ્લેટ, એપાર્ટમેન્ટ અને અન્ય વિસ્તારમાં બનતી નાની-મોટી ઘટનાઓ, પ્રાસંગિક ઈવેન્ટ, પ્રાથમિક સુવિધા જેમ કે, પાણી- જાહેર પરિવહન સેવાઓની સમસ્યા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રશ્નો વગેરેની માહિતી એક કાગળ પર લખીને અમને અમારા વોટ્સએપ નંબર પર અથવા ઇમેલ પર મોકલી આપશો તો અમારા લોકપ્રિય અખબાર ગુજરાત વંદનમાં તેને યોગ્ય સ્થાન આપીને રજૂઆત સત્તાવાળાઓ સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે.

6357263573

- તંત્રી

info@gujaratvandan.com